# ઓપિનિયન

**यो वै भूमा तत् सुखम्।**

**તંત્રી : વિપુલ કલ્યાણી**

**પુસ્તક : 15 • પ્રકરણ : 09 • સળંગ અંક : 177** 26 ડિસેમ્બર 2009 **શેષ લવાજમ : £08.36 / £13.36**


## 'દિલથી દીધું દૂગાણું થઈ વળતું રહે પરત!...તરતોતરત ભાઈ ભલે ના ઊકલે એનો અરથ!'

**• વિપુલ કલ્યાણી**

ધીરુભાઈ ઠાકરના મત અનુસાર, 'ગુજરાતી પ્રજાની બે ખાસિયતો. એક સાહસ અને બીજું, દેશાટન. બંને ગુણો પરસ્પરાશ્રિત છે. એક હજાર વર્ષ પૂર્વે હેમચંદ્રાચાર્યે તેમના 'સિદ્ધહૈમ' ગ્રંથમાં અપભ્રંશ ભાષાના વ્યાકરણના નિયમોના દૃષ્ટાન્તરૂપે, તત્કાલીન સમાજમાં પ્રચલિત દુહાઓ મુક્યા છે, તેમાં પરદેશ ગયેલા પતિની પ્રતીક્ષા કરતી નારીનું વર્ણન છે. ... ... આજે પણ ગુજરાતી યુવાન વિદેશવાસ તો કરે છે, પણ પત્નીને વિરહવ્યથા ભોગવવાની ઘાણુંખરું હોતી નથી. જ્યાં જાય છે ત્યાં એ સહકુટુંબ સ્થાયી થઈને વસે છે. દુનિયાનો ભાગ્યે જ એવો કોઈ દેશ હશે જ્યાં ગુજરાતીએ પડાવ નાખ્યો નહિ હોય.'

વારુ, હમણાં હમણાં, તળ ગુજરાતથી હજારો યુવાનો, ફરી પાછા, ભવિષ્યને ઉજમાળું કરવા, વિલાયત સમેતના પશ્ચિમના દેશમાં પડાવ નાખતા થયા છે. કેટલાક બેચાર વર્ષના કૌશલ-વીઝા પરે આવે છે, તો વળી, કેટલાક અમુકતમુક કલાકોની રોજગારીની છૂટ સહિત, ભણતરના વીઝા લઈને આવે છે. બ્રિટન, હાલ, જાગતિક 'ક્રેડિટ ક્રન્ચ'ના ભરડામાં સપડાયું હોઈ, હાથમાં છાલાં પડી જાય તેવાં તેવાં કામો ય આજકાલ દોહ્યલાં બની ગયાં છે. વિલાયત પણ હવે કહેવાતું 'પ્રૉમિસ્ડ લૅન્ડ' રહ્યું જ નથી. હકીકતે જોઈએ તો સમજાય છે કે, આ જમાતને માટે કરજા અને ખરચાના વ્યાપને પહોંચી વળવાનું વધુને વધુ દુષ્કર બનતું લાગે છે. કેમ કે આમાંના ત્રણચાર યુવકોએ, પરિસ્થિતિવસાત્, તાજેતરમાં, વેમ્બલી ચોપાસ, જીવનનો અંત આણ્યાની વાયકા છે. હૃદયભેદક આંચકો લાગે તેવી આ પરિસ્થિતિ છે. માલમિલકત વેંચીસાટી, સંતાનના સારા દિવસના ઓરતા સેવતાં, ઘેર બેઠાં માવતરની તથા કુટુંબની કઠણાઈનો, ભલા, છે કોઈને અંદાજ ? આખરે આ અંગે મૂળગત કોની જવાબદારી લેખીએ ? આ દેશની સરકાર તેમાંથી જેમ છટકી શકે તેમ નથી, તેમ ગુજરાત સરકાર પણ તેમાંથી તલભાર પણ ખસી શકે તેમ નથી. ગુજરાત માંહેના વચેટિયાઓ - એજન્ટો - જે રીતે વેપલો કરવામાં રાતદિવસ મંડી પડયા છે તેમના પર સરિયામ અંકુશ મૂકવા શાસને જ પગલાં લેવાં પડે. આ દેશની 'નેશનલ કૉન્ગ્રેસ ઑવ્ ગુજરાતી ઓર્ગનાઈઝેશન્સે' તથા અમદાવાદ ખાતેની 'વિશ્વ ગુજરાતી સમાજે' પણ આ મુદ્દે કમ્મર કસી, સંપૂર્ણપણે સક્રિય થવાની આ ઘડી છે. ખેર !

> **અરથ**
>
> આવતાં જતાં વીતક થકી એકેય નહીં વ્યરથ
> તરતોતરત ભાઈ ભલે ના ઊકલે એનો અરથ !
> ઓળખી આપણ પોત વિધિએ
> શુંય તે પરે ટાંક્યું ?
> ભાતની અકળ ભુલામણીમાં
> અટવાઈ રહે આંખ્યું !
> સોયના ટોચા વિણ શે કોરા કાપડે થાયે ભરત ?!
> તરતોતરત ભાઈ ભલે ના ઊકલે એનો અરથ !
> કો'કને મળે મનનું માગ્યું,
> કો'કનું કરમ કાણું;
> વાવરતાંયે વાધતું રહે
> એ જ સાચું નિજ નાણું !
> લાગતી ખાલી ગઠરી તોયે જાય ભરાતો ગરથ!
> તરતોતરત ભાઈ ભલે ના ઊકલે એનો અરથ !
> આવરી ઠાલો હાય બળાપો
> ધરીએ થોડી ધીર
> મોકલી જેણે એ જ તે આપણ
> ભાંગશે નકી ભીડ !
> દિલથી દીધું દૂગાણું થઈ વળતું રહે પરત !
> તરતોતરત ભાઈ ભલે ના ઊકલે એનો અરથ !
>
> **–પ્રદ્યુમ્ન તન્ના**
>
> **(સદ્ભાવ : "ગુર્જરી ડાયજેસ્ટ", ઑક્ટોબર, ૨૦૦૯)**

આવા બધા પેઢીગત અનુભવોનું પ્રતિબિંબ આપણા સાહિત્યમાં કેમ ડોકાતું નહીં હોય ? બૃહદ્ ગુજરાતે પથરાઈ આપણી જમાતને પગ ખોળવાથી માંડીને સરસાઈના, ભેદભાવના, સંકીર્ણતાના, ઇત્યાદિ જે કોઈ અનુભવો થાય છે તેની લકીર પણ નહીંવત્ જોવાની સાંપડે છે. આવું કેમ ?

અને તેમ છતાં, ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય જગતમાં, કેટલુંક સોજ્ઞું સર્જન થયું છે. વિલાયત ઉપરાંત, પાકિસ્તાન અને અમેરિકામાં તેના કેટલાક નમૂનાઓ જોવાના જરૂર સાંપડે છે. આવાં કામો કરવામાં દિવંગત પ્રદ્યુમ્ન તન્ના એક મજબૂત નમૂનો રહ્યા. કિશોર દેસાઈ તથા મધુસૂદન કાપડિયાએ "ગુર્જરી ડાયજેસ્ટ"ની છેલ્લી પ્રતમાં સાચું જ કહ્યું છે : 'પ્રદ્યુમ્નની ઉપેક્ષા કરવાનો સૌએ (તળ ગુજરાતમાં જ સ્તો) સંપ કર્યો હોય એવી સ્થિતિ છે.' તો બીજાનું શું ગજું?

ખેર ! ... આ અંકમાં તેર જેટલી કૃતિઓ આવરી છે. બધી જ વાર્તાઓ નથી. તેમાં નિબંધોય છે. હોઈ શકે કે કેટલીક કૃતિઓમાં સર્જન પણ ગોપિત હશે. આ દરેક લેખકમાં સર્જનની વેલ પાંગરે અને ફૂલ મઘમઘાટ કરે, તેવા ઓરતા છે.

આપણી માતૃસંસ્થા, 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું ૪૫મું અધિવેશન દક્ષિણ ગુજરાતના નવસારી શહેરમાં, ૨૫-૨૬-૨૭ ડિસેમ્બર ૨૦૦૯ના દિવસોમાં મળી રહ્યું છે. આપણા જાણીતા સાહિત્યકાર ભગવતીકુમાર શર્મા પ્રમુખપદે વિરાજમાન હશે. આ અગાઉ, સન ૧૯૫૨માં, હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટિયાના પ્રમુખપદે આ નગરમાં અઢારમું અધિવેશન ભરાયેલું.

આ અધિવેશનમાં, એક બેઠક કાવ્યપ્રત્યક્ષની હશે, બીજી બેઠક સર્જન વિભાગની હશે અને તેમાં નિબંધ બાબતની ચર્ચા થશે. પછીની બેઠક વિવેચન-સંશોધન લક્ષી હશે. છેલ્લી બેઠકમાં 'ભાષા-સાહિત્ય ક્ષેત્રે પારસીઓનું પ્રદાન' અંગે પરિસંવાદ હશે. આશા રાખીએ કે ડાયસ્પોરાના માતબર ને સક્ષમ કર્તાઓ તેમજ તેમની કૃતિઓની જરૂરી નોંધ જે તે બેઠકોમાં લેવામાં આવે. હરનિશ જાનીકૃત 'સુશીલા'ના પોરસાવતા ઉલ્લેખો ન થાય તો જ આશ્ચર્ય થવાનું.

આમ તો ગુજરાતીઓના રસનો વિષય તો મૂળગત અનેક સ્વાદનો છે. અને તેને સારુ નવસારી આદિકાળથી પ્રખ્યાત છે. મામાની કચોરી, ભીખા

## ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---

### લવાજમના દર

શેષ લવાજમ આ દેશ માટે £08.36 તેમ જ પરદેશ માટે £13.36 છે. ચેક યા પૉસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ Parivaar Communications ને મોકલવો.

•


### લવાજમ – સંપાદકીય પત્રવ્યવહાર
### "ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk, WEMBLEY,
Middlsex HA0 2JZ [U.K.]
Tel. : [+44] 020 - 8902 0993
e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•

### ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004
Tel. : [022] 2386 2843
e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ


માત્ર ભારતમાંના ગ્રાહકોએ જ, ફક્ત Rs. 1,000ની રકમ, Vipool Kalyaniને નામે લખી મોકલવી

---

ગ્રાહક પત્રિકા :

Name : ..................................................
Address : ..................................................
..................................................
Post Code : ..................................................
Telephone : ..................................................
e.mail : ..................................................
Subscription : £08.36 / £13.36
Date : ..................................................

ભજિયાંવાળાની કચોરી, વલ્લભ મીઠાની ખમણી, રામનાં ઢોકળાં, રેવાબહેનની બરફી, નિશાળ મહોલ્લામાં વસતા શાહ પરિવારના વિવિધ પાપડો, આંધળી વાનીનો પોંક, કોલાટનો આઈસક્રીમ, ઊદવાડાની વિવિધ નાનખટાઈઓ તેમ જ દૂનરાજ તથા જલારામનાં સિંગદાણા ને ચણા પણ ભારે પ્રખ્યાત છે. આ બધી વાનગીઓનું નામસ્મરણ જ માત્ર મુખડામાંનાં ગાત્રોને ઢીલાં ઢફ કરી દે છે ! તેનાં દર્શન થશે ત્યારે કેવી હાલત હશે, તેની હવે, દોસ્ત, કલ્પના જ કરવી રહી.

આશા રાખીએ, આ સઘળો રસાસ્વાદ પ્રધાનપદે રાજ કરતો ન જ હોય; અને સાહિત્ય નામનો પદાર્થ જ હુકમનું પાનું સાબિત બને !

દરમિયાન, આ સાલ વેળા ખાસ્સા પ્રવાસ થયા. ગુજરાત, મહારાષ્ટ્ર, દક્ષિણ આફ્રિકા, કેન્યા, ટાંઝાનિયા, ઉત્તર ઈંગ્લૅન્ડ, જર્મની, પોર્ટુગલ, યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકા અને ફરી પાછા ભારત. આ દરેક સ્થળે ગુજરાતી ભાષાશિક્ષણનાં, લેખનકામનાં જે રણદ્વીપો છે તે જોવાતપાસવાનો નક્કર અનુભવ રહ્યો. તો વળી, ઈંગ્લૅન્ડના પ્રેસ્ટન, બાટલી તેમ જ પશ્ચિમ લંડન અને પૂર્વ અમેરિકાના એડિસનમાં બહુમાનોનો સિલાસિલાબંધ લ્હાવો મળ્યો. આપણી આ ડાયસ્પોરિક ગુજરાતી જમાત પ્રત્યે, આથીસ્તો, નત મસ્તકે, નિતાંત ઓશિંગણભાવ વ્યક્ત કરી લઉં છું. સમય સમયે, સઘળે, સૌએ અમર્યાદ સ્નેહવર્ષા કરી છે અને તેમાં પાવિત્ર્ય મેળવતા રહી, શક્તિસામર્થ્ય પામતો રહ્યો છું. અને આવું છતાં, ખુદની અનેકવિધ મર્યાદાઓની સ્વાભાવિક સમજ કેળવી છે. શાદ અઝીમાબાદીનો આ શેર, આથી, સ્મરણમાં ઝબુક્યા કરે છે :

> बहुत कुछ पाँव फैलाकर भी देखा 'शाद' दुनिया में,
> मगर आख़िर जगह हमने न दो गज़ के सिवा पायी

જોતજોતામાં ૧૭૭ મહિનાઓનો આપણો સહપ્રવાસ રહ્યો. નજીકમાં આ કાફલાએ પંદર સાલની મજલ સંગાથે કાપી હશે. તમે સૌએ જબ્બર નિમકહલાલી બતાવી જાણી છે. હવે 'સંકેલો' સારુ, વચ્ચે, ત્રણ માસનું જ અંતર છે. જુગતરામ દવેની રચના, 'અંતરપટ', આથી, સહજ સાંભરે છે :

**અંતરપટ આ અદીઠ ! અરેરે ! આડું અંતરપટ આ અદીઠ !**

**...**

**આ પા ઉછળે, તે પા ઉછળે, હૃદયો ભરી ભરી પ્રીત;**
**આકર્ષણ, પણ સ્પર્શ નહીં ક્ષણ, ચેન પડે નહિ ચિત્ત.**
**... અરેરે ! આડું અંતરપટ આ અદીઠ !**

હે મારા સહયાત્રીઓ ! 'સંકેલો'નો અવસર, હળવે પગલે, રવિવાર, ૨૮ માર્ચ ૨૦૧૦ના દિવસે આવી રહ્યો છે, તેની હૈયાસરખી અને માનસપટે ખાસ નોંધ કરજો. ઉત્તર લંડનના ઈસ્ટ ફિન્ચલી વિસ્તારમાં આવ્યા 'એડન દેપાળા મિત્રમંડળ'ના સભાખંડમાં, સવારે ઠીક દસ વાગ્યાથી, આ અવસર આરંભાશે અને સાંજે સહભોજન સાથે આઠેક વાગ્યા કેડે સૌને જૂહારપટોડા કરતાં કરતાં આપણે દરેકની વિદાય લઈશું. જીવનનો આ આખરી ખેલ હશે. વળી, સંસ્થાગત વહીવટી જવાબદારીઓથી હળવાફૂલ થવાનો ય આ અવસર બની રહેવાનો છે. માટે આ અવસરને ધન્ય ધન્ય જોવાના જ ઓરતા છે.

ગુજરાતની આવતીકાલના પેલા મોભીઓની હાલત જોવાતપસાસવા બાબત જેમ પરિસંવાદ યોજાશે, તેમ આ જાગતિક 'ક્રેડિટ ક્રન્ચ'માં ત્રીજો કોઈ વિકલ્પ હોઈ શકે છે, તેની તપાસણી કરવાનો પણ તે દહાડે આશય સેવ્યો છે. દુનિયાએ મૂડીવાદ અને તેના અનેક પ્રકારો અજમાવી જોયા છે. માર્ક્સવાદ અને સામ્યવાદ તથા સમાજવાદના અનેક સ્વરૂપો ય અનુભવી લીધા છે. અને છતાં, તવંગરો અને વંચિતો વચ્ચેની ખાઈ પૂરાઈ જાણી નથી. તે વચ્ચેની ફાચર વધતી ચાલી છે. 'ગ્લોબલાયઝેશન'ને કારણે ગ્રાહકવાદ પણ હવે વકરી બેઠો છે. તેની પછીતે, 'હું'વાદે કલ્પનાતીત માઝા મૂકી છે. તેમાં, વળી, પર્યાવરણની કોઈ કાળજીસંભાળ પણ લેવાતી જોઈજાણી નથી. હા, જીભે જલેબી જરૂર ઉતારાઈ રહી છે, તે, અલબત્ત, અલાયદી વાત બને છે. આની સામે ત્રીજો કોઈ વિકલ્પ હોઈ શકે છે. મો. ક. ગાંધીએ 'હિન્દ સ્વરાજ'માં આવો એક માર્ગ સૂચવ્યો છે. આ બીજભૂત કામની આ શતાબ્દીનું વર્ષ છે. તો આ ટાંકણે આંતરરાષ્ટ્રીય સ્તરનાં વિદ્વાનો – ઉષાબહેન ઠક્કર, સુદર્શનભાઈ આયંગર, મેઘનાદભાઈ દેસાઈ તેમ જ રોહિતભાઈ બારોટ સરીખાં – આ સંબંધક જાહેર પરિસંવાદમાં ભાગ લેવાનાં છે. પ્રસંગના ઉત્તરાર્ધ ટાંકણે, વાચક-મેળો ભરાશે. "ઓપિનિયન"નાં વિવિધ વાચકો પોતાની રજૂઆતો કરતાં કરતાં રસલ્હાણી ય કરી શકશે. પ્રીતિભોજન કેડે આપણે સૌ વિખરાઈશું.

બીજી પાસ, 'નેહરુ સેન્ટર'માં, બુધવાર, ૩૧ માર્ચ ૨૦૧૦ની સાંજે, આ વિદ્વાનો 'નવી સહસ્રાબ્દી અને ગાંધી' સરીખા જાહેર પરિસંવાદમાં ભાગ લેવાનું ય રાખશે.

વાચકરાજ્જા ! આ સમૂળો અવસર સહજપણે સમાજ આધારિત જ હોય, તેવી સમજણ કેળવી છે. વિમાની ટિકિટો, વીઝા ખર્ચ, સભાખંડનો ભાડાખર્ચ, ચાપાણી, ભોજન સમેતની સગવડ, વગેરે વગેરે પેટે આશરે ચારેક હજાર પાઉન્ડનો ખર્ચ થવાની વકી છે. પચાસ પચાસ પાઉન્ડના એકેકા દાતા વાચકોમાંથી જાગે, તો ચપટી વગાડતા જ માત્ર એંશી જ વાચકો યજમાન બની શકે. કોઈક વધુ આપવાનું ય વિચારી શકે. ચેક Parivaar Communicationsને નામે જ થાય. હા, એટલી વાત તદ્દન પાક્કી : દરેકને દાન સામે પાવતી આપવામાં આવે અને તે દરેકનો જાહેરમાં સ્વાભાવિક આભાર પણ માનવામાં આવે.

કહેવાય છે કે હરીન્દ્ર દવે કહેતા : 'અમને નિશ્ચયનું બળ આપો, મારા નાથ.' તમારો નાથ, આપણો નાથ, મને, તમને અને આપણને દરેકને આવા નિશ્ચયનું અપરંપાર બળ આપી રહો.

કવિ પ્રદ્યુમ્ન તન્ના, ખરેખાત, સાચું કહે છે :

**દિલથી દીધું દૂગણું થઈ વળતું રહે પરત !**
**તરતોતરત ભાઈ ભલે ના ઊકલે એનો અરથ !**

# જ્યોત સે જ્યોત જલે

**• કાલિદાસ પટેલ •**

ઓસ્ટ્રેલિયાના પ્રખ્યાત શહેર મેલબર્નની ખ્યાતનામ ધમધમતી ફ્લીન્ડર્સ સ્ટ્રીટને નાકે આવેલા આલિશાન મૉલમાં, અમદાવાદથી ઉચ્ચ અભ્યાસાર્થે આવેલો અમિત પટેલ પાર્ટ ટાઇમ કામ કરે છે. સિટી વિસ્તારનો આ મૉલ પ્રખ્યાત છે. તેમાં દરેક જાતની વસ્તુઓ મળે છે. સ્ટેશનરી તથા ટપાલ સેવા, ફેક્સ, ફોટોકોપી તથા ઈન્ટરનેટ સેવા અને ઈમેલ સેવા પણ મળે છે.

અમિત પોતાના કાઉન્ટર પર આવતા લોકોના બીલ ફટાફટ બનાવે છે તથા પૈસા ગણીને, હસતે ચહેરે, ગ્રાહકનો આભાર માને છે. તથા બીલ અને સામાન પેક કરી આપે છે. સ્ફૂર્તિપૂવકનું, નિષ્ટાપૂર્વક કામ કરવું એ આ દેશનો મુદ્રાલેખ છે, તે અમિત સુપેરે જાણે છે તથા જીવનમાં ઊતારી ચૂક્યો છે. તેથીસ્તો પાર્ટટાઈમમાં કામ કરીને મોંઘી ફી તથા રહેવા-જમવાનો ખર્ચ કાઢે છે ને ?

મૉલના મુખ્ય પ્રવેશદ્વારથી એક દૂબળો, પાતળો, ઉદાસ અને ગમગીન ચહેરાવાળો યુવાન પ્રવેશે છે. ખૂબ જ દુ:ખી લાગે છે. તે અમિતના દેખાવ પરથી ધારી લે છે કે આ ભાઈ ભારતીય છે. તેને કંઈક અંગત કામ માટે ફેક્સ કરવો છે, વતનમાં. પરંતુ ફેક્સ કરવાનો વિધિ તથા કેટલો ખર્ચ થશે તેની તેને ખબર નથી. અરે ! ખિસ્સામાં પૂરતા પૈસા પણ નથી. અમિત થોડો નવરો પડે તેની ઇંતેજારીમાં તેના સામે જોઈને ખૂણામાં ઊભો છે. ગ્રાહકોથી વિંટાયેલા અમિતનું ધ્યાન તેની તરફ જાય છે. ચહેરે મહોરે જુવાન ગુજરાતી હોય તેવું લાગે છે. તેની વ્યથા લીંપિલી સુરત જોતાં જ અમિત બધું સમજી જાય છે. ગ્રાહકોને પતાવી તે જુવાન પ્રતિ વળે છે અને સસ્મિત વદને બોલે છે, 'બ્રધર, બોલો શું સેવા કરું આપની ?'

બહુ દિવસે પોતાને ગુજરાતીમાં કોઈએ સંબોધ્યો. અને તે પણ એક મોટો ભાઈ નાનાભાઈને વાત્સલ્યભાવે બોલાવતો હોય તેમ ! કેટલા ય સમયથી ગુજરાતી ભાષામાં કોઈ વાતચીત જ થઈ નહોતી. રૂમ પાર્ટનર પણ દક્ષિણ ભારતના મદ્રાસી હતા અને અંગ્રેજીમાં જ વાત કરતા હતા. પોતાને ગુજરાતીમાં બોલ્યે ઘણા દિવસ થઈ ગયા હતા.

જુવાન ભાવવિભોર થઈ ગયો. પોતાની વ્યથા ઠાલવવાનું જાણે કે ઠેકાણું મળી ગયું. મહાપરાણે રોકેલો અશ્રુબંધ તૂટી ગયો. બોલી જ ન શકાયું. ચાલાક અમિત બધું સમજી ગયો. પ્રેમથી બરડે હાથ પસવારતાં બોલ્યો, 'નાપાસ થયો છે ને ? કંઈ વાંધો નહીં. પરીક્ષા આપે તે નાપાસ પણ થાય ! શું રડે છે આમ છોકરીની જેમ ! ચાલ, હસ જોઈએ !'

મહાપરાણે આંખમાં ધસી આવતાં આંસુઓ લૂછતાં જુવાન ફીક્કું હસ્યો. બધી વ્યથા હવે મોં દ્વારા બહાર નીકળવા માંડી. 'બધા જ વિષયોમાં નાપાસ થયો છું. ફરીથી બધું ભણવું પડશે અને ફરીથી ફી પણ ભરવી પડશે. મોડાસાના ગરીબ નાઈનો દીકરો છું. નાનકડી દુકાન છે અમારી. માંડ ઘર ચાલે છે. તેમાં ફરી અઢાર લાખ રૂપિયા ફીના કયાંથી કાઢવા ? હવે પાછો દેશ પણ શું મોઢું લઈને જાઉં ? પપ્પાએ ઉધાર, ઉછીના કરી, દેવું કરીને, મારી જીદ સામે ઝૂકી જઈને મને અહીં ભણવા મોકલ્યો છે. ત્યાં તો બધાને એવું લાગે છે કે અહીં ઓસ્ટ્રેલિયામાં ડોલરનું ઝાડ છે. બસ, ખંખેર્યા કરો અને ડોલરનાં પોટલાં બાંધ્યા કરો ! પરંતુ સાચી વાત તો એ છે કે મારે આજે ઘેર ફેક્સ કરવો છે પૈસા મંગાવવા અને તે માટેના પૂરતા પૈસા નથી મારા ગજવામાં ! બહુ મથ્યો પાર્ટ ટાઈમ નોકરી શોધવા માટે, પણ એક તો અંગ્રેજી બરાબર આવડતું નથી ઉપરાંત અહીંના ગોરા લોકોના ઉચ્ચાર પણ એવા છે કે કશું ય સમજાતું નથી. કમ્યુનિકેશનનો જ જયાં પ્રોબ્લેમ હોય ત્યાં નોકરી કેવી રીતે મળે ? હું બહુ ભણ્યો પણ નથી. માંડ માંડ બારમું પાસ કર્યું છે. દેખાદેખીમાં એજન્ટની મદદથી 'કૂકરી'માં એડમિશન મેળવી મોટે ઉપાડે અહીં આવી ગયો. ફસાઈ ગયો છું. નથી ભણી શકતો, નથી નોકરી મેળવી શકતો ! અહીં બધું કમ્પ્યુટર પર ચાલે છે અને મને કમ્પ્યુટરનો 'ક' પણ આવડતો નથી. મજૂરી જેવા કામ માટે જાઉં છું તો મારા શરીરનો માયકાંગલો બાંધો જોઈને જ મને ના પાડી દે છે. મેલબર્ન શહેરની ભૂગોળ પણ સમજાતી નથી. અહીંના રોડ, સ્ટ્રીટનાં નામ પણ વિચિત્ર લાગે છે. અને યાદ તો રહેતાં જ નથી . કયાં જવું કામ શોધવા તે સમજાતું નથી.'

અમિતનો પ્રેમાળ હાથ હજુયે તેનો બરડો પસવારતો ફરતો હતો. તેણે હિંમત બંધાવતાં કહ્યું, 'અરે ! એમાં આમ ગભરાઈ જવાનું હોય ? બધું નવું હોય, ઘર યાદ આવતું હોય, ત્યારે આવું લાગે તે સ્વાભાવિક છે. જયારે અમે નવા આવેલા ત્યારે અમે પણ છાને ખૂણે જઈને રડેલા. અને હા ! મેલબર્નની ભૂગોળ તો ઘણી સહેલી છે. તેના બધા રોડ તથા સ્ટ્રીટનાં નામ સિસ્ટમેટીક થીમથી પાડેલા છે.

એક હતો રાજા કિન્ગ સ્ટ્રીટ
એનું નામ વિલિયમ, વિલિયમ સ્ટ્રીટ
એને એક રાણી કવીન સ્ટ્રીટ
એનું નામ એલિઝાબેથ, એલિઝાબેથ સ્ટ્રીટ
તેને બે દીકરા સ્વાન્સ્ટન સ્ટ્રીટ અને રસેલ સ્ટ્રીટ.
તેમણે ભર્યું એક પ્રદર્શન, એક્ઝિબીશન સ્ટ્રીટ
અને આ બધાથી બન્યું મેલબર્ન શહેર.

આટલી વેદના વચ્ચે પણ જુવાન હસી પડયો. ગોરા લોકોની બુદ્ધિ તથા પ્લાનીંગ પર તે ફીદા થઈ ગયો. કયાં ભારતના છાશવારે બદલાતાં નેતાઓનાં નામવાળા રસ્તા અને કયાં અહીંના થીમ પ્રમાણેના નામવળા રસ્તા.

અમિત હવે ખીલવા માંડયો. તેણે મોડાસાનું સરનામું લીધું અને ફેક્સ કરી દીધો અને પૈસા પોતે ચૂકવી દીધા. પછી પ્રેમથી કહ્યું, 'બ્રધર, મારું નામ અમિત પટેલ. હું પણ અમદાવાદથી અહીં ભણવા જ આવ્યો છું. પરીક્ષા તો પતી ગઈ અને સદ્‌નસીબે પાસ પણ થઈ ગયો છું. અને હાલ તો જોબ કરું છું. તારું નામ શું, ભઈલા ?'

જુવાન હવે જરા મૂડમાં આવ્યો, 'મારું નામ કનુ લીંબાચિયા. મોડાસામાં વૃદ્ધ પિતા નાઈની દુકાન ચલાવે છે. માંડ ગુજરાન ચાલે છે. ફરીવાર ફી ભરાય તેમ નથી. કયાંક કંઈક કામ મળી જાય તો ... નહીંતર દેશ પાછા જવું પડશે.'

ચબરાક અમિતના મનમાં ઝબકારો થયો. તેણે વિચાર્યું, 'નાઈનો દીકરો નાઈનું કામ તો જાણતો હશે ને ? અહીં તો હેર ડ્રેસર શોધ્યા જડતા નથી !'

તેણે પ્રેમથી પૂછયું, 'એક સરસ રસ્તો મને સૂઝે છે. તને હેર ડ્રેસર તરીકે કામ મળી જાય. તથા તેમાં વળતર પણ ઘણું છે. બોલ, છે તૈયારી ?'

'હા, હા ! તે તો અમારો ખાનદાની ધંધો છે. મને સરસ ફાવે છે. હું તો તૈયાર જ છું.' અને અમિતે કનુભાઈ લીંબાચિયાને પોતે જયાં વાળ કપાવતો હતો તે ઓળખીતા હેર ડ્રેસરની મોટી દુકાનમાં ગોઠવી દીધો. બસ, કારીગીરીનું જ કામ ને ! કયાં અંગ્રેજી બોલવું પડે કે ન ફાવે ? અને બાપદાદાનો ધંધો પાછો. કનુ તો જબરો ગોઠવાઈ ગયો.

વર્ષો વિતી ગયાં એ વાતને. અમિતને પી.આર. મળી ગયું અને પછી ઓસ્ટ્રેલિયાનો સિટીઝન પણ બની ગયો. ટેલિકમ્યુનિકેશનમાં માસ્ટર કરેલ અમિતને અહીંની પ્રખ્યાત કંપની ટેલસ્ટ્રામાં સારા પગારે નોકરી પણ મળી ગઈ. એક વાર કંપનીના કામે મોબાઈલ કવરેજની મોજણી કરી રહ્યો હતો ત્યારે એક સુંદર વૈભવશાળી દુકાનમાંથી તેના નામની બૂમ સંભળાઈ. દુકાનના કાચના દરવાજા પર સુંદર અક્ષરોમાં લખ્યું હતું, 'ઈન્ડિયન હેર ડ્રેસર'. તેને લાગ્યું કે કોઈ ભાઈબંધ વાળ કપાવવા આવ્યો હશે અને મને જોઈને બોલાવતો હશે. તે અંદર ગયો. વૈભવી ઠાઠવાળી, પાંચ હેરડ્રેસીંગ અને મસાજની ખુરશીવાળી એરકન્ડિશન્ડ દુકાન જોઈને તે ખુશ થઈ ગયો. હજી કંઈ વિચારે તે પહેલાં તો એક ફેશનેબલ કપડાંમાં સજ્જ યુવાન તેના પગમાં પડી ચરણરજ લેતો હતો. પહેલાં તો અમિત ઓળખી ન શકયો આ જુવાનને. જુવાનને જ ઓળખાણ આપવી પડી. 'અમિતભાઈ, ઓળખ્યો મને ? હું કનુ લીંબાચિયા. મોડાસાનો. તમારે ત્યાં ફેક્સ કરવા આવ્યો હતો તે !' અમિતને તરત જ ટ્યુબલાઈટ થઈ. 'અરે, કનુભાઈ, કેમ છો ? તમે નોકરી બદલી કે શું ?'

'ના, અમિતભાઈ. તમારી કૃપાથી મારી પોતાની દુકાન હું ચલાવી રહ્યો છું. તમારા પ્રતાપે પાંચ ખુરશીની આ દુકાન ધમધોકાર ચાલે છે.'

અમિત આભો બની ગયો. તેને હવે બધું યાદ આવ્યું. પુરુષાર્થ કરનાર કદી નિષ્ફળ જતો નથી તે સત્ય તેની નજર સમક્ષ ઝગારા મારતું હતું. તેણે કનુનો ખભો થાબડયો, 'શાબાશ, દોસ્ત ! મને તારા

# કવયિત્રી નિરંજના દેસાઈકૃત 'આવતા રે'જો' કાવ્યસંગ્રહ : એક ભાવકની નજરે –

**• જય કાન્ત**

'આવતા રે'જો'નાં કાવ્યવાંચન દરમિયાન, વિલાયતમાં વરસો સુધી સુષુપ્ત રહેલો મારો કૉલેજ તથા યુનિવર્સિટીકાળનો કાવ્યભાવન શોખ, આળસ મરડીને જાગૃત થતો અનુભવું છું. અને અમદાવાદના ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં માનસદેહે પહોંચી, ભાષાભવનની આબોહવા ફરીથી હું માણી રહું છું ! પરોક્ષ રીતે મને આ અદ્‌ભુત અનુભવ કરાવવા માટે, લંડનસ્થિત કવયિત્રી નીરુબહેનનો હું ઋણી છું.

આ કાવ્યછાબની ભાષા તેમ જ તેમાં અભિવ્યકત થયેલી સંવેદના માતબર છે ! તે સાથે કુદરતનાં તત્ત્વો અને સમય સાથે કવયિત્રીનાં દિલ, દિમાગ અને અસ્તિત્વનું અતૂટ, અવિનાભાવી 'આકંઠ' આલિંગન ભાવકને ચકાચૌંધ કરનારું છે ! કવિ કે લેખક પૂરેપૂરી ચોકસાઇ રાખે તેમ છતાં, છાપકામની ક્ષતિઓને નિવારવું તેમને માટે હંમેશાં સરળ કે શકય હોતું નથી. એટલે એ ક્ષતિઓને દરગુજર કરીએ તો દરેક કાવ્યોમાં 'કવિના શબ્દો'ની અવનવી રમઝટ માણવા મળે છે. કાવ્યોમાં અત્રતત્ર સર્વત્ર પંડિતયુગ અને ગાંધીયુગની કાવ્યશૈલી અને લયની ઝાંય અનુભવાય છે. એક એક શબ્દ બરાબર જોઈ તપાસીને, ચાખી ચાખીને પસંદ કરીને કાવ્યછાબમાં મૂકવામાં આવ્યા છે, તેથી ભાવક દરેક શબ્દના રંગ, રૂપ, સુગંધ, રસ અને સત્ત્વને માણે છે, પ્રમાણે છે અને નાણે પણ છે ! શબ્દોમાં પુષ્પોની નજાકત અનુભવાય છે તો કયારેક યુધ્ધમાં ખેંચાતી પણછનો ટંકાર પણ અનુભવાય છે ! શબ્દો સાથે કામ કરવાના કવયિત્રીના કાવ્યકસબને લીધે તેમના યથાતથ મનોભાવોનું નિરૂપણ ભાવકના મનમાં સોંસરવું ઊતરી જાય છે !

તડકો હોય કે છાંયડો, સવાર હોય કે સાંજ, દિવસ હોય કે રાત, વસંત હોય કે પાનખર, શિયાળો હોય કે ઉનાળો, પ્રકૃતિ અને સમયકાળના અવનવા અવતારો કવયિત્રીનાં સમગ્ર અસ્તિત્ત્વને સ્પર્શે છે, સ્પંદિત કરે છે, અજવાળે છે, સંવારે છે ! એ સાથે સાથે ભાવક પોતે પણ ઘણા સમય પછી જાણે કે જાગે છે અને ફરીથી નવેસરથી જોતો થાય છે, સાંભળતો થાય છે, વિચારતો થાય છે, અનુભવતો થાય છે !

ભાવકને એક બેઠકે, અકરાંતિયાની જેમ, આખો કાવ્ય સંપુટ વાંચી લેવાની તાલાવેલી લાગે તો નવાઇ નહીં! અને એમ થાય તો, દરેક કાવ્યની લાંબા સમય સુધી ચૂસકી લેવાની જે મજા છે તે મજા ભાવક ગુમાવે એ બાબતમાં પણ કોઇ શક નથી ! સાહિત્યિક ભાષાનો વપરાશ, તે સાથે તેમાં સાદા અને રોજબરોજ વપરાતા બોલચાલના હાથવગા શબ્દો અને શબ્દપ્રયોગો અને એના વપરાશમાં અનુભવાતી અનુભૂતિની સચ્ચાઇ અને નકકરતા, વળી સંવેદનાનો વ્યકિતગત સ્પર્શ અને એમાંથી ઊઠતાં ગૂઢ રહસ્યોનો જાણે કે મહેરામણ છલકાય છે ! ચેતોવિસ્તાર સાધતી કાવ્યભાષા, અહીં જાણે કે એક સાધન છે, સાધ્ય પણ છે અને સિધ્ધિ પણ છે ! કવયિત્રીનો વ્યકિતગત અનુભવ કાવ્યભાવન વેળા ભાવકનો સર્વસામાન્ય પોતાનો અંગત અનુભવ બની રહે છે ! કાવ્યપઠન વેળા ભાવકને પોતાની અંગત સંવેદનાઓ અને સ્પંદનનોનો તાળો મળતો લાગે છે. કવયિત્રીની સાથે સાથે ભાવકના ભીતરમાં, પ્રકૃતિ અને સમય પ્રત્યેની આસકિતની પડછે - હારોહાર અનુભવાતી વિરકિત, નિર્વેદનું પ્રતિબિંબ કાવ્યોમાં ઝિલાતા, તમામ કાવ્યો, ભાવકના સ્વજન બની જાય છે, તો વળી કયારેક એમ પણ લાગે છે કે આ કાવ્યો ભાવકનાં ઉરની રોજનીશી - હૈયાશી કે માનસશી તો ના હોય ! ચાલો હવે થોડાંક કાવ્ય - નમૂનાઓ જોઇએ.

સંગ્રહનું પહેલું કાવ્ય **'તુજ છટા!'**, 'મંદિર તારું વિશ્વ રૂપાળું, સુંદર સર્જનહારા રે !'ની યાદ તાજી કરાવે, એવું એક યાદગાર છંદોબદ્ધ કાવ્ય છે. દીવડાને સ્થાને સૂર્ય, ચંદ્ર અને તારા, પુષ્પગુચ્છ કે માળાને સ્થાને સઘળી ધરતી પર છવાયેલી તમામ ફૂલવાડીઓ, સિતારના સ્પદંનોને સ્થાને પવનની લલિત મધુર તર્જે છેડતી લહેરો, ભકિતગાનને સ્થાને પંખીઓનો કલરવ, આખા વિશ્વને એક વિરાટ મંદિરરૂપે તાદૃશ કરે છે ! શબ્દાંતે આવતા 'એ', 'આ' સ્વરોના પુનરાવર્તનો પરમેશ્વરની અમાપ શકિત અને વિરાટતા માટે કવયિત્રીનાં અચરજ તેમ જ અહોભાવ વ્યકત કરે છે ! કાવ્ય વાંચતા જ ભાવકને કવયિત્રીની કલ્પનાશકિત અને સર્જનશકિતને દાદ આપવાનું મન થાય. કાવ્યના ભાવને વરેલો ઉચિત છંદ, કાવ્યપઠનને તેના અર્થઘટન તેમ જ કાવ્યરસભાવન માટે પૂરક, પોષક અને ઉપકારક બને છે. આ કાવ્ય, પરમશકિતની છટાની પડછે કવયિત્રીનું બાળસહજ વિસ્મય, કલ્પના તેમ જ સર્જનશકિતની અનેરી છટાનું આગવું ઉદાહરણ છે. આ કાવ્યમાં પૂજારણને પ્રભુ પાસે કશું માગવું નથી કારણ કે એને માગ્યા વિના જ પરમશકિતની અનેરી છટારૂપે સર્વસ્વ મળી ગયું છે ! ઈશ્વરી શકિતનો સાક્ષાત્કાર આ રીતે થવો એ એક મોટી દેન છે. 'તુજ છટા !' એક નિષ્કામ સ્તુતિ કાવ્ય છે.

**'પડકાર'**માં કાવ્યનાયિકા, રણચંડી બની જુલ્મી સમાજને, રૂઢિગત પુરુષોના એકહથ્થુ આધિપત્યને પડકારતી રણશિંગુ ફૂંકે છે. જાણે સાક્ષાત્ દુર્ગા ! એનામાં અબળાની કાકલૂદી નથી, ગૂંગણામણ નથી, મજબૂરી નથી, લાચારી કે દાસીત્વ નથી પણ મેરુ સમ અડગ આત્મવિશ્વાસ છે, મકકમતા છે, મનુષ્યનું સન્માન છે, પુરુષ સમોવડિયા એક સ્વાયત્ત આત્માનો ચિન્મય ઉદ્‌ગાર છે !

**'ઝરમર વરસે'** કાવ્યમાં બહાર મેહુલાની ઝરમર, મોરનો થનગનાટ અને એ જ ક્ષણે હૈયાની ભીતર અચાનક ઝરઝરતો નેહ અને તે સાથે ઊઠતી તીવ્ર ઝંખનાનો કલશોર, બહાર સમસમ વાતા વાયરાથી થરથર કાંપતો દેહ અને એ જ ક્ષણે સમણાંનું પાનેતર ઓઢીને હરખાતું મત્ત મન, બહાર કુદરતને ખોળે ફર ફર ફોરતા ફૂલડાં ને મનમાં છે મઘમઘતો મહેરામણ, જે સુષુપ્ત વ્યાકુળતાને જાગ્રત કરતા જ સ્મરણોની વણઝાર માનસપટ પર ડેરા નાંખે છે, બહાર નેવલા છલ છલ છલકે છે ને ભીતર નેણા પલ પલ પલકતા હૈયે પ્રીતની સરવાણી વહે છે, હોઠ પર એકેય શબ્દ નથી કારણ કે સંવેદનોને વ્યકત કરવા માટે શબ્દો નાકામયાબ નીવડે છે જે એકમાત્ર મૌનથી જ બોલકા બને છે ! વાચક, આ અનૂભૂતિ જ શબ્દાતીત છે, કહેવાય છે ને કે words are less when the heart is full! બસ કંઇક એવો જ આ અનુભવ છે.

**'મૃત્યુ'** કાવ્યમાં વાર્ધક્યની વાસ્તવિકતાનો યથાતથ્ સ્વીકાર છે, કરોડરજ્જુમાં ઊઠતા સણકાને બંધ આંખે જોઇ શકાય છે કેવો ઇન્દ્રિય વ્યત્યય (synaesthesia) ! વાહ, જ્ઞાનતંતુઓનું કામ બંધ આંખો પાસે કરાવવામાં આવે છે ! સમયની મંથરગતિએ થતી અવરજવરને નસોમાં પળેપળે અનુભવાય છે. સુંદર યૌવનભરી સુબહ વીતી ગઈ હવે અંધારભરી રાત્રિની રાહ જોતાં જોતાં દેહ હવામાં શનૈ: શનૈ: પીગળે છે. કાવ્યનાયિકા અભય બની પોતાની નજીક લપકતા મૃત્યુનો સ્થિતપ્રજ્ઞની જેમ સ્વીકાર કરે છે પણ એનો એને કોઇ હર્ષ નથી કે નથી કોઇ ખેદ. કારણ ? જિંદગી અને મૃત્યુ તો એક વસ્તુનાં બે નામ છે, જેમ કે બરફ અને પાણી ! દેહમાં ઉષ્મા હોય તો જીવન વહેતું પાણી અને દેહમાં ઉષ્માનો સદંતર અભાવ એટલે થીજી ગયેલું મૃત્યુ.જીવન ! અંતે તો મૃત્યુ એક જીવન જ છે ને ? થીજી ગયેલું જીવન, એવા મૃત્યુનો ડર શો ?

---

ઉપર ગર્વ છે.' પ્રેમથી બંને વાતે વૅગ્યા. વાતો કરતાં અમિતની નજર એક બોર્ડ પર પડી. તેના પર લખ્યું હતું, 'ઇન્ડિયન સ્ટુડન્ટસને કામ મળશે. રૂબરૂ મળો.' અમિતે પૂછયું, 'કનુભાઇ, તમે વળી કયારે એમ્પ્લોયમેન્ટ એજન્સી શરૂ કરી ?'

ખૂબ જ ગંભીરતાથી કનુ બોલ્યો, 'હા, અમિતભાઈ, આ મારી દુકાન ઈન્ડિયાના વિદ્યાર્થીઓ માટે એમ્પ્લોયમેન્ટ એજન્સી કરતાં પણ વધારે છે. હું કોઈ પણ વિદ્યાર્થીને પાર્ટ ટાઈમ કામ આપવાનો પ્રયત્ન કરું છું. જેને પણ કામની જરૂર હોય તે પોતાનું નામ અને ફોન નંબર એ પાટિયા પર લખી જાય છે અને જરૂર પડયે હું તેમને ફોન કરીને બોલાવી લઉં છું. અને હવે તો જે માલિકોને પાર્ટટાઈમ કામ કરનારની જરૂર હોય છે તેઓ પણ પોતાનું નામ, કામ અને ફોન નંબર અહીં લખાવી જાય છે. હું તો બંનેને મેળવી આપતી 'કડી' છું.' અમિત, બસ, અનિમેષ નેત્રે જોઈ જ રહ્યો. કનુભાઈને. તેને પેલું કર્ણપ્રિય ભજન યાદ આવ્યું, 'જયોત સે જયોત જલાતે ચલો, પ્રેમકી ગંગા બહાતે રહો.'

**(સદ્‌ભાવ : "માતૃભાષા", ઑક્ટોબર ૨૦૦૯)**

**'લ્યો શમણાં'** કાવ્ય માધવને છાબમાં મૂકી વેચવા નીકળેલી ગોપીની યાદ તાજી કરાવે છે ! આ શમણાં પણ કેવાં ? ઘેનભર્યાં નયનો જેવાં નમણાં, ઉરને સાંત્વન, શાતા આપે એવાં ઝરણાં, સવાર સાંજની લાલિમા ધરાવતાં, સાત સૂરોની સ્વરમાધુર્ય ધરાવતાં, ઝંખનાના અભિસાર માટે ભ્રમણે નીકળેલાં યૌવનભરી અભિસારિકારૂપ શમણાં ! એમાં ઈન્દ્રચાપના મનોરમ રંગોની સાથે ફૂલોની મહેકતી ફોરમ વહે છે ! આ સપનાના 'સદાવ્રત'ને કોઈ પણ જાતની સીમા નથી, એ અનંતની પગથારે છે એમાં રૂદન માટે કોઈ અવકાશ નથી. આ એવાં સપનાં છે જેમાં સ્મિત હર પળે અનોખી 'બહાર' સાથે મૌસમી રહે છે, એમાંથી જીવન રસ છલકે છે જે અભિલાષાની રટણાને હર પળે ઉદ્દીપ્ત કરે છે !

હાઈકુ સાદા, સુંદર, સચોટ અને અર્થસભર ઝાકળબિંદુ જેવાં છે જેમાં આખા આકાશનું પ્રતિબિંબ ઝિલાય છે ! **'નટખટ નેણાં'** કાવ્યમાં નયનોની બાલસહજ ભોળી, બિન્દાસ્ત, અલગારી, નટખટ પ્રકૃતિનું ગાન છે. આ કાવ્યમાં વાચકને નેણાં કરતાં પણ કાવ્યશબ્દો વધારે નટખટ નહિ લાગે તો જ નવાઈ !! **'વિરામ'** અને **'વાવડ'**માં પણ કવયિત્રીના કલમકસબની કમાલ જોવા મળે છે. કાવ્યસંગ્રહના અંતે, **'આવતા રે'જો !'** કાવ્યમાં કાવ્યનાયિકા તેના પ્રિયજનને અવારનવાર આવતા રહેવા માટેનું વહાલભર્યું નિમંત્રણ પાઠવે છે. આ પ્રિયજન પણ કેવો ? જાણે ભરબપ્પોરનો છાંયડો ! હેતનો મીઠો સાદ ! તડકાની કુમાશ ! શમણાંની સાક્ષાત્ સોગાત ! પ્રિયતમને મળવા માટે વિરહિણી ઢળતી સાંજે તારલા વીણી પોતાની આશાજ્યોતને સંકોરતી રહેશે, એ અચૂક આવે તે માટે તેનાં શમણાંની સોગાત અને તેના હેતના મીઠા સાદના સમ ખવડાવે છે અને અંતે વિરહિણી પોતાના સમ ખવડાવીને કૂમળો તડકો બની આવતા રે'વા માટે મધુરું દબાણ કરે છે ! .... અને વાચકના મનમાં જાણે પડઘાં ઊઠે છે, 'કો'ક દિ તમે હળવે હાથે સર્જતાં રે'જો, સર્જતાં રે'જો ! ભરબપોરે છાંયડો બની સર્જતાં રે'જો, સર્જતાં રે'જો !' !! કવયિત્રી આ રીતે જ સર્જન કરતાં રહે એમ ઈચ્છીએ.

શુભમ્ ભૂયાત્ ।

(12 Brackenthwaite, LEICESTER, LE4 7GA, U.K.)

# તેજસ્વી તણખલાં


**• દીપક બારડોલીકર •**



**આ મારાં**
**નાજુક નમણાં ટાંચણ —**
**મારગકાંઠે**
**હસતાં ફૂલ સરીખાં :**
**વાટમારગુ**
**નીરખે, પછી વીસરી જાય !**

આ શબ્દો છે કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના. અને એ તેમણે તેમની ટાંચણ -પોથીમાં તેમનાં લઘુકાવ્યો સંદર્ભે નોંધ્યા હતા. તેમણે બંગાળીમાં તથા અંગ્રેજીમાં ઘણાં લઘુકાવ્યો લખ્યાં છે. આ કાવ્યો વિશે નોંધ કરતાં તેઓ કહે છે : 'બે કે ચાર કાવ્ય પંક્તિઓ, ફુરસદની ક્ષણોમાં, જ્યાં જાઉં ત્યાં, મને સ્ફુરતી. મને તેમાં મજા પડતી. સાવ નાના નાજુક ફલક પર એક ભાવની ઘૂંટેલી આકૃતિ મારા અંતરે વિશેષ વસતી. ...... ...... મારી કલમમાંથી જ્યારે આવાં લઘુકાવ્યો નીપજવા લાગ્યાં ત્યારે મારી પાસે કોઈ માગે નહીં તો પણ જે કાંઈ સ્ફુરે તેનાથી પોથીનાં પાનાં ભરાતાં – '

એમની પોથી-પોથીઓમાં સંગ્રહાયેલાં એ લઘુકાવ્યોમાંથી, ૧૮૯૯માં 'કનિકા' નામે એક સંચય પ્રગટ થયો હતો. એના સત્તર વરસ પછી, ૧૯૧૬માં એક અંગ્રેજી સંગ્રહ 'સ્ટ્રે બર્ડ્ઝ' અને ત્યાર પછી, ૧૯૨૬માં, 'લેખન', ૧૯૨૮માં 'ફાયર ફ્લાઈઝ' અને ૧૯૪૫માં 'સ્ફુલિંગ' પ્રકાશન થયાં હતાં.




કહે છે કે એ સંગ્રહોમાં ૧,૧૦૦થી વધુ લઘુકાવ્યો હતાં. એ માંહેથી ચૂંટેલાં ત્રણસો જેટલાં ઝીણાં પદો ગુજરાતી લિબાસમાં જયંતભાઈ મેઘાણીએ, **'તણખલાં'** નામે, આપણી સમક્ષ મૂક્યાં છે. કવિવરનાં લઘુકાવ્યો વિશે તો કશી ટીકાટિપ્પણ હોય નહીં. આપણું એ ગજું પણ નથી. અને અનુવાદને લાગે વળગે છે ,ત્યાં સુધી આમ કહેવાનું ઉચિત લાગે છે કે એ સુંદર છે, સરસ છે. ભાષા પણ ખાસી ઋજુ ને સુકુમાર તથા શૈલી લયબધ્ધ અને રસાળ છે. અનુવાદ પણ સારો છે.

આ પુસ્તક **'તણખલાં'**ની ખાસ ખૂબી આ છે કે એની અંદર દરેક પદના અનુવાદની સાથે તેનો અંગ્રેજી પાઠ પણ આપવામાં આવ્યો છે. જયંતભાઈના શબ્દોમાં કહીએ તો એથી અંગ્રેજી રચના સ્વતંત્ર રીતે માણી શકાશે. ગુજરાતી રૂપાન્તરણો નાણી પણ શકાશે. કેટલીક કૃતિઓ કવિના હસ્તાક્ષરમાં પણ લેવામાં આવી છે.

આ સંગ્રહમાં જયંતભાઈએ 'કવિની વાત' શીર્ષક હેઠળ જે લેખ મૂક્યો છે, એ ખાસ વાંચવા યોગ્ય છે. એ જ પ્રમાણે જયંતભાઈનું નિવેદન - **'તણખલાં'**ની વાત એ બન્ને લેખો એવા છે, જે કવિના જીવન - કવન વિશેની કેટલીક અણછતી વાતોને સ્પષ્ટ રીતે સામે લઈ આવે છે. કવિનું ભોળપણ, ભૂલકણાપણું અને સાથે જ કવિની ઉદારતા પણ સામે આવે છે :

**હું**
**તને**
**એક ફૂલ ધરવા આવેલો,**
**મારું સકલ ઉદ્યાન માગી લીધું;**
**તો ભલે**
**તને એ અર્પણ !**

એક પુષ્પના બદલે સમગ્ર ઉદ્યાન અર્પણ કરી દેનારો આ દિલાવર કવિ તેનાં વૃક્ષોની છાયા વિશે શું કહે છે તે જુઓ :

**મારાં**
**વૃક્ષોનો છાંયો**
**વટેમાર્ગુઓ માટે છે.**
**તેનાં ફળ**
**હું જેની પ્રતીક્ષા કરું છું**
**તેના માટે છે !**

અને કવિની કવનપારખુ નજર કોઈક વેલ ઉપર પડે છે ત્યાં તેમનું ઋજુ હૃદય પોકારી ઊઠે છે :

**વેલીને ફૂલ બેસે છે**
**જાણે તેની ઉપર**
**આકાશના હસ્તાક્ષરમાં**
**પત્ર આવ્યો છે !**

આકાશના એ અદ્‌ભુત પત્રમાં શું લખ્યું હશે ને શું - શું નહીં તે જાણવા અને માણવા માટે ભાવકે **'તણખલાં'**માંથી પસાર થવું પડે. એના પાને - પાને આવું ને એનાથી ચઢિયાતું ઘણું કહેવાયું છે :

**તારા**
**ભીડેલા ભીતરમાં**
**અંધકારનાં રાજ છે.**
**આંખોના દરવાજા ખોલ**
**શાશ્વત અજવાસનો ત્યાં આવાસ છે !**

આ પુસ્તક પાને - પાને વેરાયેલાં કલાત્મક રેખાંકનોથી વિશેષ આકર્ષક બની ગયું છે. એના રેખાંકનકારોમાં – રવીન્દ્રનાથ ઠાકુર, નંદલાલ બસુ, યામિની રાય, નારાયણ શ્રીધર બેન્દ્રે, પ્રદ્યુમ્ન તન્ના, જગદીપ સ્માર્ત અને ભરત માલીનો સમાવેશ થાય છે. જયંતભાઈ મેઘાણીને ધન્યવાદ.

**તણખલાં : કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનાં લઘુકાવ્યો : અનુવાદ - જયંત મેઘાણી : આવૃત્તિ પહેલી : પૃષ્ટ ૧૪૪ : કિંમત - રૂ. ૪૦ : પ્રકાશક - પ્રસાર, ૧૮૮૮, આતાભાઈ એવન્યૂ, ભાવનગર - ૩૬૪ ૦૦૨ (ભારત).**

**[136 Stamford Street, Old Trafford, MANCHESTER M16 9LR, U.K.]**


# કવિ - ચિત્રકાર પ્રદ્યુમ્ન તન્ના હવે ફક્ત તેમના સર્જનોમાં રહ્યા ....

**• અભિજિત વ્યાસ**

ગુજરાતી ભાષામાં એકથી વધુ માધ્યમમાં સર્જનાત્મક કાર્ય કરનારા કેટલાક મહત્ત્વના સર્જકોમાં ગુલામ મોહમ્મદ શેખ, ભૂપેન ખખ્ખર અને પ્રદ્યુમ્ન તન્નાને યાદ કરવા રહ્યા. આ મહત્ત્વના ત્રણ સર્જકોમાં ભૂપેનની વિદાય બે'ક વર્ષ પહેલાં થઈ ગઈ હતી. અને તેને મળવા પ્રદ્યુમ્ન તન્ના પણ ઉપડી ગયા. અચાનક આમ ચાલ્યા જશે તેવો તો ખ્યાલ નહીં. હમણાં છેલ્લે એમણે ઈટલીની એક નદીના કેટલાક રમણીય ફોટોગ્રાફ્સ મને ઈ.મૈલથી મોકલેલા. એ 'અલ વેલા દ મોઝેલા'ના ફોટોગ્રાફ્સ હજી તો હું માણતો હતો ત્યાં જ આ એમના અવસાનના ખબર આવ્યા. બન્યું એવું કે આકાશવાણીના રાજકોટ કેન્દ્રએ મને તેની 'સાહિત્ય પત્રિકા'ના પ્રસારણ માટે કોઈ કાવ્યાસ્વાદ કરવાનું સોંપેલું. તે આ ભાદરવો મહિનો ચાલતો હતો, તે મેં એમના કાવ્યસંગ્રહ 'છોળ'માંથી 'ખાંત'ને તે માટે પસંદ કરીને તેનો આસ્વાદ સ્વમુખે રેકોર્ડ કરાવેલો. તે તેનું પ્રસારણ ૨૯ ઑગસ્ટના રોજ હતું. અને એ જ દિવસે પ્રદ્યુમ્નભાઈએ તેમનો ક્ષર દેહ છોડી દીધો.

કેવી કેવી રીતે યાદ કરશું પ્રદ્યુમ્નભાઈને ! એક ઉત્તમ ચિત્રકાર તરીકે કે એક ઉત્તમ કવિ તરીકે ?

એ કંઈ માત્ર ઉત્તમ ચિત્રકાર કે કવિ જ ન હતા, પરંતુ ઉત્તમ માણસ પણ હતા. મનમાંથી ખસે નહીં તેવા ઉત્તમ માણસ. અને એટલે જ એ મિત્રો અને સ્નેહીઓમાં વસેલા હતા. પ્રદ્યુમ્નભાઈ ભલે ગુજરાતી, પણ તેઓ તો આંતરરાષ્ટ્રીય માનવી હતા. ખરા શબ્દોમાં કહીએ તો એ વિશ્વમાનવી હતા. આમ તો જન્મે એ ગુજરાતી હતા, પણ કર્મે એ સર્જક હતા. એમણે એક ઈટાલિયન સન્નારી, નામ રોઝાલ્બા, સાથે લગ્ન કરેલા. અને છેલ્લાં પચીસેક વર્ષથી તો ઈટલીના કોમો શહેરમાં જઈને વસેલા.



**પ્રદ્યુમ્ન તન્ના**

એમણે વિશ્વભ્રમણ પણ કરેલું. એટલે થયાને એ વિશ્વમાનવી. ઈટલીના લોકોને ભારતીય કળાથી અવગત કરાવવામાં એમનો અનન્ય ફાળો. અનેક વિદ્યાર્થીઓને અહીં લાવીને ભારતીય કળાનો પરિચય કરાવેલો. છેલ્લાં કેટલાંક વર્ષોથી એઓ ઈટલીમાં જ રહેતા હોવાથી એઓ ઈટાલિયન ભાષા બહુ સહજ બોલતા હતા. એ સર્જન પણ ઈટાલિયન ભાષામાં કરવા લાગેલા. એમનાં પત્ની ભલે ઈટાલિયન, પણ ગુજરાતી રસોઈ પણ બનાવી જાણે. એ ઘેર દાળઢોકળી અને બાજરાનો રોટલો, અને તે ઘડેલો બનાવે. ઈટાલિયન રોઝાલ્બાનો ગુજરાતી અર્થ 'અરુણા' થાય. તે અહીં એમનું નામ અરુણા પાડેલું.

ગુજરાતને પ્રદ્યુમ્નભાઈનો પરિચય "કુમાર" સામયિકથી થયેલો. એમનાં કાવ્યો અને લેખો તથા ચિત્રો "કુમાર"માં અવારનવાર પ્રગટ થતા રહે. રાજેન્દ્ર - નિરંજનની કાવ્ય પરંપરાના કવિ. એમનો કાવ્યસંગ્રહ 'છોળ' છપાઈને પ્રગટ તો બહુ મોડો ૨૦૦૦ની સાલમાં થયો. એટલે છેલ્લાં કેટલાંક વર્ષો એ આપણા સાહિત્ય પ્રવાહમાં ઓછા ઉલ્લેખાયા. પણ એમની નોંધ તો ઐતિહાસિક રીતે પણ લેવી રહી. 'છોળ'ની પ્રસ્તાવના મકરન્દ દવેએ લખી છે.

ભારતીય કલા અને તેમાં પણ લોક કલાઓનો એમનો અભ્યાસ અનેરો. તેમાં પણ ખાસ સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાન માટે એમનો લગાવ અનેરો. એમણે આ બધા પ્રદેશોની લોકકળાનો અભ્યાસ કરીને એક ચિત્રમય પ્રકાશન ઈટાલિયન ભાષામાં કરેલું છે. એક સિધ્ધહસ્ત ફોટોગ્રાફર. એટલે બધાં સ્થળોનું ડોક્યુમેન્ટેશન કરે. અમેરિકામાં ફરવા ગયા તો ત્યાંના સ્કાયસ્કેપર્સને ઝડપીને તેમાંથી કેવી ડિઝાઈન ઉપસે છે તે અંગે પણ પ્રદર્શન કરેલું. એમનાં પ્રદર્શનો મુંબઈ ઉપરાંત અમદાવાદમાં પણ યોજાયેલાં. એમનાં ચિત્રો દિલ્હીની નેશનલ ગેલેરી ઑવ્ મૉડર્ન આર્ટમાં પણ સંગ્રહાયેલાં છે. એમણે દિલ્હીમાં ઘણાં વર્ષો સુધી ડી.એસ.એમ. મિલમાં ડિઝાઈનર તરીકે કામ કરેલું. તે એ અંગેના અવારનવાર વર્કશોપ પણ કરતા. મુંબઈમાં અને અમદાવાદની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑવ્ ડિઝાઈનમાં એમણે અનેક વર્કશોપ કરેલા છે.



**રોઝાલ્બા - પ્રદ્યુમ્ન તન્ના સંગાથે અમી - અભિજિત વ્યાસ**

પ્રદ્યુમ્ન તન્ના વિશે અને એમનાં સર્જન વિશે ઘણું લખી શકાય. પણ આજે એમના અવસાન નિમિત્તે એમને યાદ કરીને એમના એક કાવ્યને અહીં મમળાવું છું :

**આ અચિંત આવી ડમરી**
**ફૂલ પે ભમતી જાણે મઘઘેલી કો ડમરી**
**અદકો એનો હરખ હિલોળો**
**ક્યહીં રહે ના ઝાલી**
**વાટ ચડયાં એ સહુ ને ચંચળ**
**ચકરાવે લઈ ચાલી !**
**ઊડતાં પીળાં પોત થકી શી મ્હેંક મીઠેરી પમરી !**
**આ અચિંત આવી ડમરી ....**

**નાજુક નમણાં રૂપની રમણા**
**દાખી હજી ન દાખી.**
**આવી એવી ગઈ સરકી મુજ**
**ચિત્ત ભ્રમણામાં નાખી.**
**અવ ભીનાં પાંપણ-ચક્ર આડે નેણ રહ્યાં શું સમરી?!**
**આ અચિંત આવી ડમરી ....**

આવા અદ્‌ભુત ગદ્યના સ્વામી પ્રદ્યુમ્ન તન્ના હવે આપણી વચ્ચે નથી. આ વાતની નોંધ ગુજરાતના અખબારસામયિકોમાં આવી નથી તેનું પણ દુઃખ છે.

e.mail : abhijitvyas@sify.com

## સદ્‌ગત પત્નીને –

**• નટવર ગાંધી**

વિયોગે પીડાતો તડપીતડપી ભાંગી પડતો,
રડયો છું હું ઝાઝું ધ્રુસકેધ્રુસકે, પોક મૂકીને
કદી, છાનું દૂરદૂર જઈ શાંત રડતો,
હજીયે એકાન્તે છલછલ વળી આંખ છલકે.

ઉપાધિ વ્યાધિ તું ઈહ જગતની છોડી સઘળી,
પરિલોકે ચાલી, સુરસરિતયાને વિહરતી,
હવે તારે ના કૈં ગડમથલ કંકાસ કલહો
તું તો સંતો સાથે હરિભજન ને ગોષ્ઠિ કરતી.

રહ્યું મારે ખાતે જીવન, ઘર સંસાર સઘળો,
હવે તારા વિના અબૂજ જન હું, સૂધબૂધ ના,
કહે કોને પૂછું સગપણ જૂનાં, નિસ્બત નવી,
સવાલો જે ઊઠે, હકીકત બધી, વાત વિગતો ?

કહે પંડિતો કે મૃતજન ન કો' પાછું ફરતું
છતાં ખુલ્લી રાખી ખડકી કદી તું પાછી ફરી જો.

**(સૌજન્ય : "કવિતા", ૨૫૩)**

**યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકાના પાટનગર, વૉશિંગ્ટન ડી.સી.માં વસતા, કવિમિત્ર નટવર ગાંધીનાં પત્ની નલિનીબહેનનું તાજેતરમાં દેહાવસાન થયું છે. કવિનાં આ અંજલિસન્માનમાં, "ઓપિનિયન" પણ સામે થઈ સહૃદય વિદાયવંદના પાઠવે છે.**

•


# મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું ......




લોરેન્સો માર્ક્વિસમાં આવ્યા વેદ મન્દિરની આ છબી છે. આજે હવે આ શહેરને માપૂટો કહેવામાં આવે છે. તે આફ્રિકા ખંડના મોઝામ્બિક નામે આઝાદ મુલકનું પાટનગર છે. એક દા, આ મોઝામ્બિક દેશ પરે પણ પૉર્ટુગલોનું - ફીરંગીઓનું શાસન હતું.


પૉર્ટુગીઝ પૂર્વ આફ્રિકામાં સ્વામી ભવાનીદયાળની આ અમર-સ્મૃતિ છે. સન ૧૯૩૮ના અરસામાં, આશરે રૂ. ૫૦ હજારના ખર્ચે, આ મંદિરનું નિર્માણ થયેલું, તેમ 'पोर्तुगीज पूर्व अफ्रिकामें हिन्दुस्थानी' પુસ્તકમાં લેખક બ્રહ્મદત્ત ભવાની દયાળ કહે છે.

આ સઘળા વિસ્તાર પરે આર્ય સમાજની ભારે મોટી અસર રહેલી. આ ૧૯૪૨માં પ્રકાશિત ચોપડીમાં, દેખીતી, કેટકેટલી રસિક તથા સિલાસિલાબંધ વિગતમાહિતીઓ સાંપડે છે.



આ ચિત્રમાં નજર કરીએ અને બીજી કેટલીય વિગતો આપણને વિસ્મિત કરે છે. ૧૯૩૮ના અરસાની આ છબિમાં, વેદ મન્દિરના શિલાન્યાસ બાદ, સ્વામી ભવાની દયાળ (જમણે) જનતાને ઉપદેશ આપતા જોવા મળે છે. એમની નિકટ ડરબનના બી. બેચૂ તેમ જ વેદ મન્દિરની સમિતિના તત્કાલીન સભાપતિ કાવસજી આદરજી સરકારી (ડાબે), સાફામાં પોરસાતા, જોવા સાંપડે છે.

આર્ય સમાજ સ્થાપિત વેદ-મન્દિરના સભાપતિપદે એક પારસી સજ્જન હોય તેનું જ પહેલવહેલું જબરું સાનંદ આશ્ચર્ય છે. બ્રહ્મદત્ત ભવાની દયાળ લખે છે : કાવસજી આદરજી સરકારીની સજીવતા જોઈને તબિયત જામે છે. એમણે ઉત્સાહ અને લગનથી આ કાર્યભાર સંભાળેલો. એ પારસી સજ્જન છે તેમ જ ભારતીય સમાજના એક સુદૃઢ સ્થંભ. હંસી-મજાક એમના મિજાજની ઉત્તમ તાસીર. હસતા જ હોય, વિનોદ કરતા જાય અને દરેકને જોડતા જાય. ..



એ વખતે, સન ૧૯૩૫ના અરસામાં, પૉર્ટુગલના તાબા હેઠળના આ મોઝામ્બિક નામક મુલકના પાટનગર લોરેન્સો માર્કિવસ(આજનું માપૂટો)માં 'ભારત સમાજ' નામક એક સંસ્થા હતી. તે સંસ્થાના અધિકારીગણનો આ ફોટો છે. તેમાં આગલી હરોળમાં (ડાબેથી) નારણભાઈ ખુશાલ, ભીખાભાઈ લલ્લુભાઈ, ભીખાભાઈ ભૂલાભાઈ, મૂળજીભાઈ બેચર તથા દયાળભાઈ દાજી જોવા સાંપડે છે, પાછલી હરોળે (ડાબેથી) દલપતભાઈ કાળિદાસ, નાથુભાઈ હરીભાઈ, વી. જે. પટેલ, કેશવલાલ મુરારજી, મોરારજી જીવણજી તથા મગનભાઈ ગોવિન્દભાઈ જોવા મળે છે.

આફ્રિકા ખંડના પૂર્વ ભાગમાં તેમ જ તેના અગ્નિ વિસ્તારોમાં, તે દિવસોમાં ય આર્ય સમાજની અસર પહોંચી જ હતી. અને દક્ષિણ ગુજરાતમાંથી સ્થળાંતર થયેલી વસાહતમાં તેની ભારે અસર હતી. તેનાં ય વિધવિધ કારણો તપાસવાં જેવાં છે. વળી, અહીં, આ જે નામો વાંચીએ છીએ તેમાંથી એકને બાદ કરી કોઈની અટક અહીં સાંપડતી નથી. તેનાં ય કારણો રસિક છે. આજે ય આ વિસ્તારમાંથી અન્યત્ર સ્થાયી થયેલા ગુજરાતી સમાજના લોકોમાં બાપદાદાનાં નામ પરેથી અટક લાગુ પડેલી જોવા મળે છે. આવું, ભલા, કેમ ? આ તપાસવા સમ બીના છે. જે તે મુલકોની આઝાદીની ચળવળોમાં આ આર્ય સમાજી જૂથનાં લોકો સામેલ પણ થયેલાં, તે ય અવગત કરવા જેવું છે.

દક્ષિણ આફ્રિકાના ડરબન નગરમાંથી, દયાળ બ્રધર્સ નામક પ્રકાશકે 'पोर्तुगीज पूर्व अफ्रिकामें हिन्दुस्थानी' નામક આ ચોપડી પ્રગટ કરેલી.

ગુજરાતીઓની વસાહતને સમજવા માટે, ડાયસ્પોરાના ઇતિહાસને અવગત કરવા માટે, આ ચોપડી અગત્યનું એક સાધન છે, તેમાં કોઈ જ બેમત નથી. વળી, દક્ષિણ આફ્રિકા, મોઝામ્બિક, એન્ગોલા તેમ જ ઝીમ્બાબ્વે વગેરે મુલકોમાંથી અન્યત્ર સ્થાયી થયેલી હિન્દી જમાતમાં, આર્ય સમાજની અસર આજે ય જોવા સાંપડે છે. આ સઘળો ઊંડા અભ્યાસનો વિષય છે.

ખેર ! 'વિશ્વ ગુજરાતી સમાજ', ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓના ઇતિહાસ તેમ જ દેશાન્તર વિભાગોને આમાં રસ પડે તો કેવું ઉત્તમ કામ થાય. પરંતુ આજે તો તેમનો કુંભકર્ણ હજુ ઊંઘતો પડ્યો છે ! .....

વારુ, ક્યારેક આવાં કામો બનશે, એવી શ્રધ્ધા, હાલ, સેવીએ.

- એક -

## અશુભ

• અનિલ વ્યાસ

મનન સરે કહ્યું કે જ્યોતિષશાસ્ત્ર તદ્દન હમ્બગ છે. માણસનું ભાવિ એનાં કર્મ પર આધારિત છે. કર્મ કહેતાં પ્રવૃત્તિ, મહેનત એના થકી માણસ પોતાની આગવી ઓળખ ઊભી કરી શકે છે. કઠોર પરિશ્રમનો વિકલ્પ ગ્રહો કે નક્ષત્રો હોઈ જ ન શકે. એ ક્યારેય કોઈને ઉપયોગી કે નુકશાનકર્તા બનતાં નથી. એનો મહિમા કરતું શાસ્ત્ર અંધશ્રદ્ધાને પોષે છે. ત્યારે જ મને કહેવાનું મન થયેલું કે તમે ખોટું કહો છો, સર. ગ્રહો જ માણસનું ભાવિ નક્કી કરે છે અને જીવન ઉપર એ અસર કરે જ છે. એટલી અકળામણ હતી કે એમના ભાષણની અધવચ્ચે 'તો પછી ડગલે ને પગલે અથડાતા જ્યોતિષાચાર્યો, ગોરમહારાજો ને ગુરુદેવોનું શું, સર?' એવો સવાલ પૂછવા ઊભાં થતાં થતાં બેસી પડાયું હતું.

એ તો સારું થયું કે કોઈનું ધ્યાન ન ગયું બાકી ગઈ સાલ પ્રવાસમાં ગયા ત્યારે ચિંતન જોડે બધું બોલી જવાત. ટ્રેકીંગની આગલી રાત્રે ધર્મશાળામાં રોકાવાનું થયેલું. બિહામણાં સપનાંથી અચાનક વહેલી સવારે આંખ ઉઘડી ગયેલી. ઊંઘ ના આવી એટલે ઊઠીને બહાર આવી. બાંકડા પર બેસવા જવું ત્યાં મારી પાછળ ચિંતન આવી પહોંચ્યો. 'કેમ અહીં અંધારામાં ઊભી છે?'

એની આંખોમાં મારી ચિંતા હતી. એ ખાસ્સો નજીક છે મારી. મોટાભાગની વાતો અમે શેર કરીએ પણ આવી અંગત વાત એને કેવી રીતે કહું?

મને કેવા કેવા વિચારો આવે છે! થાય કે મારું જીવન અંધારું છે. કશાકનો ઓછાયો છે મારામાં અશુભ. સવારે ઊઠીને મારું મોઢું જુએ એનો દિવસ એવો ખરાબ જાય કે પછી કોઈ દિવસ એ ... ચિંતનને કહું તો એ હસી પડે, એટલે 'અમસ્તા, ઊંઘ ઊડી ગઈ એટલે' કહી વાત પતાવી.

ત્યાં ચારેકોરથી વાયરો વીંટળાઈ વળે એવું થયું. હું જાતને રોકવા મથું એ પહેલાં એ મને જકડી લે છે. હું સાવ આધાર વગરની પડું પડું ને એ મને બરાબર પકડી બે ત્રણ વખત ઝંઝોળી ફંગોળે છે. હું ઉડતી, ફેંકાતી, ગબડતી ગબડતી .....

ચિંતને મારા માથે હાથ મૂકતાં પૂછ્યું 'તને કંઈ થાય છે, અર્ચુ? અર્ચના...' એ પળે એના ખભા પર માથું મૂકી ઠલવાઈ જાત. થતું હતું રડી લઉં એકવાર. પરંતુ કશોક ધક્કો વાગ્યો હોય એમ સેટલ થઈ જવાયું. પછી એને ચીડવવા 'તું શું કામ જાગે છે? મારી ચોકી કરવા?' પૂછતાં આડી-અવળી વાતો વચ્ચે પેલો અશુભનો અનુભવ દૂર ઠેલાતો ગયો. જો કે કશુંક સંતાડ્યાની ફિલીંગ કે ગીલ્ટ ..... લીવ ઇટ! સાચું કહું તો એ છે સાવ અંદરનો અનુભવ. મમ્મા, ભાઈ કે પપ્પાએ કદી મને અશુભ ગણી નથી. પપ્પા? ના પપ્પા નહિ. એ પેસીવલી અને ગ્રાન્ડમા એક્ટીવલી મારું મગજ ભમાવી દે છે. એમને જૂની વાતો ઉકેલવાની ટેવ પડી ગઈ છે એટલે તો મમ્માને એ દિવસે પૂછાઈ ગયેલું 'મમ્મા હું અશુભ છું? એમ આઈ બેડ ઓમેન?' એ મારી સામે તાકી રહેલી એક ટક!

'આવું પૂછવાનું, દીકરા, આવું? ઇંગ્લીશ મિડીયમમાં ભણેલી મારી છોકરી ...' સહેજ ઠપકાભર્યું જોતાં મારા માથે હાથ મૂકી મને નજીક ખેંચી લીધેલી. 'તું તો મારી સોનપરી છું, બેટા.' મને લાગ્યું કે એ રડે છે, આંખોની પાછળ છેક ઊંડે ઊંડે, ભીંત ચૂવે એમ. ક્યાંક કુકુને ખબર પડી જાય ને ઓછું આવે તો? ઓછું તો આવે જ ને મમ્મા.

ગાયના પૂંછડેથી નીતરતાં પાણીમાં મને નવરાવાતી જોઉં છું મારી છાતી સામે ચોખાનો પિંડ બનાવી ઉપર કંકુ છાંટેલી લોહિયાળ મને જોઉં છું ત્યારે થાય છે કે આખું ય આલબમ ફેંકી દઉં. એકે એક ફોટાના ચીરે ચીરા કરી નાંખું. શું કામ સંઘરી રાખ્યા છે મારી મઘાની વિધિના ફોટા? ને ગ્રાન્ડમા. એમનાં જ વાનાં બધાં. મને અશુભ ચીતરતાં આ ઢગલા પાછા બધાને બતાડતા ફરશે. ઉપરથી કોમેન્ટ્રી આપવાના 'આ અમારી અર્ચુની મઘાની વિધિના ફોટા શું?'

જોનારું તરત જ પૂછે : 'શેની વિધિ?'

ગ્રાન્ડમા કુઉઉઉ દઈ હસી પડે 'મઘા નક્ષત્રની. આ તો અમારી અર્ચના છે ને, જન્મથી ભારે હતી. એના બાપને માથે ભાર એટલે મઘાની વિધિ કરાવવી પડેલી. મારો પાસ આયો છે મૂઈને, કહું છું તમને.' 'મારા ય બે વાર લગ્ન કરાવવા પડેલાં. પ્રહલાદ ગોરે કુંડળી માંડતા ભેગું કીધેલું, 'કુંભ લગ્ન છે ને છોડી ને બે વાર લગ્નનો યોગ ભાળું છું.' તે અમારે મારા બાપાનો બવ આગરહ, તોડ પૂછી, પરસંગ લીધો ને વિષ્ણુ ભગવાન જોડે મને પયણાયી તારે સાલ છુટ્યું. આ તો બળ્યું ચાલ્યું આવે છે અમારા કટંબમાં નારાયણનું દેણું, કહું છું તમને.' ને પારાયણ માંડી, બોલતાં થાકી ગયાં હોય એમ મોં ખોલીને મોટા મોટા શ્વાસ લેવા માંડે ને પાલવથી વાયરો વીંઝે, ખોટુડા!'

બે-ત્રણ વખત આવી રીતે ફોટા દેખાડવા બેઠાં એટલે એક દિવસ સંભળાવી દીધું, 'જેને ને તેને મારા ફોટા દેખાડવા નહિ બેસી જવાનું.'

'જેને તેને એટલે? ઘરનો પરસંગ સગાં-વ્હાલાંને ય નહિ દેખાડવાનો એમ?'

'ને પેલાં કીર્તિમાસી જેવાં ગામમાં ઢોલ વગાડતા ફરે એનું શું?'

'એ તો તારી માની બોન ને? અમારા સગામાંથી કોઈ બોલ્યું હોય તો કે?'

'એટલે તમારે મારું ખરાબ દેખાડવાનું?'

' હાય, હાય આ છોડી, ભૈસાબ, એની માસી જેવી જ આડી છે. કો'ક વાત કાઢે તો જવાબ આપવો ના પડે? કશું ભોંન તો બળ્યું નહિ. નરી જીભડી .... સુભદ્રા ઓ સુભદ્રા...' કહી મમ્માને બૂમો મારે. ને મમ્માને તો મને જ વઢવાનું. 'તું બાની ઉંમરનો ખ્યાલ કર. એમની જોડે જીભા-જોડી ન કરાય. ક્યારે મોટી થઈશ? સમજો, જરા સમજો બેટા ? કહેતાં વાતનું ફીંડલું વાળી દે.

એ દિવસથી નક્કી કરી દીધેલું હવે જો કોઈને ફોટા બતાડે તો વાત છે. પણ ગ્રાન્ડમા એટલે ગ્રાન્ડમા. ધરાર ફોટા કાઢ્યા. મેં ય બરાબર ઝઘડો કર્યો. એ આલબમ લઈ મને મારવા તડ્યા. હું આગળ ને એ પાછળ. મમ્મા રડવા માંડ્યાં એટલે હું ઢીલી પડી ગઈ. મમ્માને પાણી આપ્યું. ગ્રાન્ડમા 'તું શું લેવા રડે છે, સુભદ્રા.. આ તો છે જ નગુણી.' કહી સોફા પર બેસી પડ્યાં.

સાંજે રૂમમાં વાંચતી હતી ત્યાં મમ્મા આવી.

'તને મેં લાખ વાર ના પાડી તો ય તું એમની જોડે ઝઘડે છે.'

'તે ઝઘડું જ ને, એ આવું કરે છે પછી બધા મને અશુભ ગણે છે એ ખબર છે તને?' આ મઘાને ફઘાની વિધિ કરાવવાની શું જરૂર હતી તમારે?

'તું કેવી વાત કરે છે? શેનું અશુભ વળી?'

'એટલે તને દેખાતું નથી એમ?'

'તે દિવસે પણ તેં આ જ વાત કરેલી કુકુ. જો હું આવા કશામાં માનતી નથી, ને તને માનવા દેવાની નથી.'

'તો પછી શું કામ વિધિ ને ફિધિ કરાવેલી?'

'તારા જન્મ વખતે ત્રણ વખત દવાખાને દાખલ થઈ પાછા આવવું પડેલું, તે બા કે' સુભદ્રાની સુવાવડ ભારે છે. છૂટકો થતો જ નથી. મગન ભુદર જોડે ભાર દોરો કરાવવો પડશે. તારા પપ્પા મને સરસપુર લઈ ગયેલા, સ્પેશિયલ ટેક્સી કરીને. દોરો કરાયો ને ચોથા જ કલાકે દવાખાને દોડવું પડેલું, પણ તું આડી હતી એટલે ડૉક્ટર કે' પ્રોબલેમ છે. હમણાં ઢગલો લોહી તૂટી પડશે. તાત્કાલિક ઓપરેશનનું સાંભળી તારા પપ્પા તો હક-બક થઈ ગયેલા પણ પેટ ચીરીને તમે તો અવતર્યાં.'

મમ્મા હસી પડેલાં. 'જો ને નાલાયક, નાની છે હવે? મોટા ચીરા જોવા વાળી ના જોઈ હોય તો.' પણ હું ખસી નહિ એટલે પાલવ સહેજ હટાવ્યો. 'લે, જોઈ લે.' હું ચીરા પર આંગળી ફેરવતા વિચારતી હતી, મમ્માનું આવું સરસ પેટ આટલું બધું ફાડીને હું બહાર આવેલી? મમ્મા હળવેથી મારો હાથ હટાવી કહે, 'સીઝેરિયન થયું'તું તોય ભઈલુનો જનમ તારા પછી છ(6) વરસે તોય નોર્મલ ડિલિવરી થયેલી.' મમ્મા બોલતી હતી પણ મારું ધ્યાન તો એ અર્ધચંદ્રાકાર ચીરા પરથી હટતું જ નહોતું. એનો ઉપસેલો કકરો સ્પર્શ અને કુમળી ચામડીની કિનાર મને મમ્માથી છૂટી પાડી દેતી હોય એમ અનુભવાતું હતું.

'બાએ તરત તારું નામ પાડવા પ્રહલાદ ગોરને રાશી પૂછેલી. એમણે ગણતરી કરીને કહ્યું કે દીકરીનો જન્મ એવા નક્ષત્રમાં છે કે પિતાને માથે ભાર રહે. મારે મતે હમણાં બાપ-દીકરી છેટાં રે' એમાં શાણપણ. પછી કુંડળી માંડીને કહ્યું,

ગ્રહો એવાં છે કે વિધિ કરાવવી પડશે. આપણે સવા મહિનો ઉતર્યે વિધિ હારોહાર નવચંડી યજ્ઞ પણ કરીએ. ગ્રહશાંતિ આવી જાય ને માતાજીના આશીર્વાદથી ફતે'ના ડંકા. શું કીધું?'

'પછી પપ્પાએ મને તેડેલી?'

'હાસ્તો, તને નવરાવીને નર્સ પારણામાં સુવાડવા જતી હતી ત્યારે એમણે જ એના હાથમાંથી તને તેડી લઈને મારી પડખે સુવરાવેલી. ક્યાંય સુધી તારા પોચા તાળવામાં આંગળા ફેરવ્યા કરેલાં. મને કે' રાશી ગમે તે આવે આપણી દીકરીનું નામ અર્ચના. બરાબર ને?'

'એ તો બરાબર પણ નક્ષત્રવાળી વાતની એમને ખબર પડી પછી મને તેડેલી કે નહિ.'

'કેવા વાહિયાત સવાલો કરે છે!' કહી પસાર થયે જતાં વાહનોને તાકી રહેલી. આટલે ઊંચેથી વાહનોની ઘરઘરાટી સંભળાતી નહોતી. બસ સરક્યે જતાં વાહનો, હવામાં તરતો ધુમાડો અને બારીની પાલખે કબૂતરન ઉડવા-બેસવાના અવાજથી તૂટતી અમારી ચૂપકીદી.

'તારા જન્મ પહેલાં અમારી સ્થિતિ બહુ સદ્ધર નહિ. હાથ કાયમ ભીડમાં રહેતો ને એમાં મારા ઓપરેશનનો ખર્ચો, તારી વિધિની સગવડ બાએ એક દાગીનો ન'તો કરીને કરેલી. અમે સાદાઈથી લગ્ન કરેલાં. એટલે એમની જિંદગીમાં તો આ એક જ પ્રસંગ. તું સમજે છે ને?'

'મારે એ નથી સમજવું. તું મને એક વાતનો સાચે સાચો જવાબ આપ બસ.'

'તું આવી રીતે જીદે ચઢે છે ત્યારે મને તારી બહુ બીક લાગે છે? કહી મમ્મા હસી પડેલી.

'બોલ ને'

'તારું મોઢું જોયું'તું કે નહિ એમ ને? એ તું તારા પપ્પાને જ પૂછજે.'

'તું કે ને પણ' એવી હઠ પણ મમ્માએ 'નો માય ડેન્જરસ ડોટર' કહી મારી પીઠ પર બે ત્રણ મુક્કા મારતાં ટાળી દીધેલી.

પપ્પાને તો કશું પૂછાય જ નહિ. જ્યારે જુઓ ત્યારે એમનો તોબરો ચડેલો જ હોય. એ એકલા જ નોકરી કરતા હોય એમ આવે એવા લાલચોળ! ગ્રાન્ડમા તો હસે. તારો બાપ બહુ ગરમ લાય છે હોં, અલી. ગેસ ના ચાલુ કરશો, માંડી દો એના પેટ પર તાવડી!'

પપ્પા આવી મશ્કરીનો પણ જવાબ વાળે નહિ. ચૂપચાપ કૉમ્પ્યૂટરના સ્ક્રીનમાં તાક્યા કરે. હું કૉમ્પ્યૂટર બરાબર શીખી ગઈ પછી એકવાર મને ઑફિસનું કામ સોંપેલું. બે દિવસમાં ખાસ્સું કામ પતાવ્યું પણ ત્રીજે દિવસે એકાએક સ્ક્રીન ફ્રિઝ અને સીધું જ કાળું ધબ 'કમાન્ડ વિન્ડો'નું ચોસલું! પપ્પા જોતાવેંત રાતા-પીળા! 'સુભી એય સુભી..'ની બૂમો સાંભળી મમ્મા આવી એટલે કહે, 'લે, આ તારી સલાહનો ચમત્કાર.' અને મારી સામે જોરથી હથેળીઓ અફાળતા હાથ જોડ્યા. 'થેન્ક્સ લીટલ એન્જલ, થેન્ક્સ.' હું તો સાવ ખોડાઈ ગઈ. છાતી ઉપરથી સડસડાટ ટ્રેઈન પસાર થઈ ગઈ હોય એવું થયું. 'પપ્પા, આમાં મારો શું વાંક તે તમે મને આમ ...' એમ બોલું એ પહેલાં મારામાંથી રેલાઈને ખાબડું ભરાતું આવે. હમણાં ઢગલો માખીઓ આવીને બેસશે. મને ચૂસતી અશુભ .. અશુભ .. અશુભનો બણબણાટ કરતી વાતાવરણ ભરી દેશે. એકધારો આ બણબણાટ સાંભળવા કરતાં મરી જવું સારું. શાંતિ, ચલો હવે કરી નાંખો ભસ્મીભૂત તમારું અશુભ!

પણ નજર સામે આવી જાય છે મમ્માનો પેલો ચીરો. કોઈ જાત કપાવી તમને જીવન આપે અને તમે એને ... ના .. એ મમ્માને? કેટલી વ્હાલી છું હું એને? તે દિવસે તાવે શરીર ધગતું હતું. માથું ફાટ ફાટ અને બરડો કોઈ ચરડ ચરડ ચીરતું બન્ને પગ પકડી આમળતું હતું. રૂંવે રૂંવે પીંજતી કળતર તાર તાર કરી મૂકતી હતી. આખા એ શરીરની તોડ પોપચામાં આવી ભરાઈ હોય એમ હું તડમતડ!

મમ્મા ઘડીક પોતું બદલતી, ઘડીક પગ દાબતાં પગનાં તળિયાં ઘસતી આમ-તેમ થતી હતી. સાંજે સહેજ ભાન આવ્યું. જોયું તો ગ્રાન્ડમા આવી ગયાં હતાં. સૂકા મરચાં, રાઈ ને મીઠું હથેળીમાં ભરતાં મમ્મા પાસે પાણીનો લોટો માંગતા હતાં. પડખે થાળીમાં સળગતા કોલસા ભરેલો વાડકો અને છાણાનો લોંદો! મને ઉબકો આવવા જેવું થયું પણ માથું ચક્કર..ચક્કર! ગ્રાન્ડમા 'લાય સુભી લોટો. મૂઈ, કોઈની નજર બરાબરની ચોંટી ચેહ મારી કુકુન? કહેતાં અંબાયેલો લોટો લઈ મારી નજીક આવ્યાં. મમ્માને કહે, 'ઓઢાડ આને.' ઓઢાડાયેલી ઓઢણી આરપાર કળાતા એમના હાથ મારા શરીર ઉપર ફરતા હતા. માથેથી કશુંક ખેંચી પગ તરફ ધકેલતા હોય એમ બંધ આંખે, એક હાથે પકડેલ લોટા પર મરચાં, રાઈ અને મીઠું ભરેલી મુઠ્ઠી રાખીને ....

'વાટની, ઘાટની, ચોરાની, ચૌટાની,

વારાની, ફેરાની, મારની, કાપની,

અલાની-બલાની, સારાની, બુરાની

જેની હજો એની -

આવી, આમાં હાજર થજો, મા જગદંબાની આણે, મા ખોડલની આણે....' બોલતાં વર્તુળાકારે ફેરવતાં હતાં. એકવાર, બે વાર .. મને અંધારા .. એ ફરતા લોટા એ બંધાયેલા તાર મને તાણતા હોય એમ શરીર તણાતું, ઉછળતું .......

ફરી ભાનમાં આવી ત્યારે ઓશીકે બેઠેલી મમ્મા મને રોકી રાખતી હતી. એની આંખોથી, હોઠથી, હથેળીઓથી ... ઠસોઠસ મથતી એને દુ:ખી કરીને કેવી રીતે?

ના.હું નહિ મરું.

ગ્રાન્ડમા ટુચકા કરીને પ્રેમ દેખાડે પણ નાની મામીનો ખોળો ભરવાની વિધિ હું ધ્યાનથી જોતી હતી. ત્યાં કીર્તિમાસીએ ધીમેથી કહ્યું, 'તું પેલા રૂમમાં જા? હું ખસી નહિ એટલે એમણે હળવેથી હડસેલી. જી'કાકી કે' 'રેવા દે ને બોન, ભલે જાણતી.' તો કહે 'તમને ખબર છે તોય ઉપરાણાં શેનાં તાણો છો?' ગ્રાન્ડમા ટોળાં વચ્ચે બરાબર વાતોએ વળેલાં. મમ્માને કેટલીય વાર કહ્યું કે આવા કોઈ પ્રસંગોમાં મારે નથી જવું. પણ એને તો તું સમાજમાં ક્યારે ભળતી થઈશ? તને કોણ ઓળખશે પછી? ના ગાણાંમાંથી નવરાશ મળે તો કંઈ માને ને.

જ્યોતિષ-શાસ્ત્ર વાહિયાત લાગે પણ એનું મીડિયા જુદું છે. ધરતીકંપની આગાહીથી ય સચોટ શાસ્ત્ર છે એ કેવું સાચું છે એ મારાં કીર્તિમાસીઓ અને જી'કાકીઓ જ નહિ જનાર્દનરાયો કે મણિદાદાઓને મળો તો ખબર પડે.

એવી ક્ષણો ભૂલાતી નથી. તડકે સૂકાયેલાં ઘાસનાં મૂળિયાં જરાક અમસ્તી ભીનાશ મળતાં કોળી ઊઠે એમ એકે એક ઘટનાઓ ઉગી નીકળે છે. આણ એ આણ શારતી પીડા હું જેટલી સમાવવા મથું એથી બમણા વેગે વધતી રહે છે. એ ય સહન કરી લેવાય પણ પપ્પા .. એ ય? લયબદ્ધ દાદરો ઉતરતા પગ અચાનક પગથિયું ચૂકી જાય, શરીર ઝાંબે ચડતું ગબડે એમ ગબડી જવાયું. બાજુમાં બેઠેલી પલકે તરત જ મારો ખભો પકડી લીધો, 'કેમ આટલી બધી ધ્રુજે છે, અર્ચના? ઠંડી લાગે છે? તાવ છે તને?' એ તો સારું થયું કે પીરિયડ પૂરો થવાની ઘંટડી એ જ વખતે વાગી અને ઉમટેલા ગણગણાટ ને ઉતાવળનો લાભ લઈ હું બહાર નીકળી ગઈ. લોબીમાં ચિંતને મને જોઈ હશે, એ પાછળ બૂમો પાડતો રહ્યો. અર્ચના .. અર્ચના ... પણ વહેલું આવે ઘર.

ઘરમાં પગ મૂકતાં વેંત ગ્રાન્ડમાની નજર ઘચ દઈ ઘોંચાઈ. કશુંક બોલ્યાં હશે, પણ હું રૂમમાં આવીને આડી પડી. જ્યોતિષની ચર્ચાએ અનાયાસ પેલું અશુભ જગાડી દીધું. મને ખબર છે એવું કશું છે જ નહિ. કીર્તિમાસી કદાચ અંધશ્રદ્ધામાં સ્વાર્થી બની જાય કે જી'કાકી મોટાં બનવા ઘડીભર વાજું વગાડી લે એથી મારા બે ભાગ ઓછા થઈ જવાના? પણ મગજમાં ચાલતી પ્રક્રિયા સમજાય એવી નહોતી. વિવશતા ઘેરી વળતી, જેવી આંખ ખૂલે કે ધોળી ફક દીવાલો એકધારું તાક્યા કરે. ગ્રાન્ડમા પપ્પાની જેમ, સાવ ધોળું ફક! આમ અંદર ને અંદર તરડાવા, ઉતરડાવા કરતાં રેશનલી જ જીવાય. ચિંતનને વાત કરું તો ખડખડાટ હસી પડે, 'યુ ક્રેઝી ફીમેલ!'

નહાવા જવાનું વિચારતી હતી ત્યાં ગ્રાન્ડમા આવ્યાં, 'કેમ લી, આઈ એવી પથારી પકડી? કંઈ થયું છે?' 'ના.', 'તો, ઠીક.' બોલી બહાર નીકળતાં કહે, 'કામ તો સૂઝતું જ નથી, આ છોકરીને.' હું અકળાઈને ઊભી થઈ ગઈ. કશો

જવાબ ન વાળ્યો. એ સહેજ નમીને થોડીવાર મને જોઈ રહ્યાં.

હું એમની નજીક જઈ બોલી, 'બતાવો કામ શું સૂઝે છે તમને?'

'છોકરીની જાતને એ ય સમજાવવાનું? તારી માએ ભણાવવાને બહાને ચગવી મેલી છે. હું તો..' બોલતાં અટકીને 'મારે શું?' નો ચાળો કરતાં ચશ્માંની ફ્રેઈમ નાકે ચઢાવતાં બહાર નીકળી ગયાં. મેં સાવરણી લીધી. મને ખબર છે, ગ્રાન્ડમાને ઘર ચોખ્ખું ચણાક જોઈએ. થોડોક કચરો દેખાય તો એ જાતે વાળવા બેસી જાય. એમાં પપ્પા એમના હાથમાં સાવરણી જોઈ ગયા તો મમ્માનું આવી બને! કશુંક ઝનૂન વ્યાપ્યું હોય એમ મારો હાથ સરડ સરડ ફરતો રહ્યો.

* * *

જમીને વાંચતી હતી ત્યાં ગ્રાન્ડમા આવ્યાં. હાથમાંની સાવરણી બતાવી કહે, 'આ નવી ને નવી સાવરણીના પીંછા તો જો, આવી રીતે કચરો કાઢવાનો છે?

'એમને એમ ઘર ચોખ્ખું થઈ જાય?'

'તારે વાંચવાનું જ કરવું, નકામી ઘરમાં નુકશાન કરતી ફરે છે.'

'હું તો છું જ એવી. મારાથી તો નુકશાન જ થવાનું.'

'કેમ 'લી આડું આડું બોલે છે?'

'મારી તો સાચી વાતે ય તમને આડી જ લાગે છે ને?'

ગ્રાન્ડમા મારે નજીક આવી, ખુરશી પાછળ ઊભાં રહ્યાં. મારા માથે હાથ મૂકતાં કહે, 'શું થયું પાછું તને?'

એમના બીજા હાથમાંની સાવરણી મારા મોં સામે રાક્ષસના પંજા જેવી ફરફરતી હતી. મેં મોં ફેરવી લીધું એ મને વ્હાલ કરવા નમ્યાં, સાવરણીના છૂંછા મારી ડોકે, ખભે અડતાં જ ઉલકાવતી ગંધ મને ઘેરી વળી. એની અકળામણ કે ગમે એ. ... મારાથી બોલાઈ ગયું. 'શું થયું છે એ મને પૂછો છો તમે? પૂછોને જઈને તમારા સગલાંઓને! જાવ.'

એ ક્યારે ફર્યાં, સામે આવી ઊભાં, સરત ન રહી. હા, સાવરણીનાં જાળાં પાછળથી દેખાતી એમની આંખો ... એ એકટક જોઈ રહ્યાં હતાં. મેં હળવેથી સાવરણી હટાવીને કહ્યું, 'સોરી ગ્રાન્ડમા.'

એ મારા ખભે હાથ મૂકીને બોલ્યાં. 'એમ!' પછી અવળું ફરતાં પગ ઉપાડ્યો. કશું ન સમજાતું હોય એમ એમને લંગડાતી ચાલે ચાલતાં હું જોઈ રહી. હજી એમના રૂમમાં પહોંચ્યાં હશે એ પહેલાં કશુંક પડ્યું હોય એવો અવાજ આવ્યો, મેં બૂમ મારી 'ગ્રાન્ડમા' .... કશો અવાજ ન સંભળાતા ઊઠી, જઈને જોયું તો, ગ્રાન્ડમા પલંગની ધારે ચત્તાપાટ પડ્યાં હતાં.

દોડાદોડ ... ફોન .. ડૉક્ટર, હોસ્પિટલ અને અંતે જવાબ - લકવો .. હેમરેજ!

* * *

બારણું ધકેલતાં જ અટકી જવાયું. પલંગમાં સૂતેલાં ગ્રાન્ડમાનો હાથ પડખે લાકડું પડ્યું હોય એમ લાગતો હતો. એ હાથના ટેકે બેઠાં હોય એમ આંગળીઓ ટેકવી પપ્પા બીજાં હાથે ગ્રાન્ડમાના વાળ પસવારતા હતા. એમના હોઠ હલતા હતા. આટલે દૂરથી કશું સંભળાતું નહોતું. અંદર જવા ઉપડેલો પગ પળવાર અટકી ગયો. થયું કે પપ્પાને બોલાવું પણ એમનો ચહેરો તો, જાણે હમણાં દદડી પડશે. સહેજ આગળ આવી પલંગની પાંગતે ઊભી રહી. ગ્રાન્ડમાની આંખોનાં બન્ને ખૂણામાંથી શાંત આંસુના રેલા ધીરે ધીરે કાન તરફ ઉતરતા હતા. આધારહીન હોઉં એમ અનુભવતી પલંગનો હાથો પકડવા નમી ત્યાં ધીરે ધીરે વસાતું બારણું ધમ દઈને બંધ થયું. એ અવાજથી ચોંકતા પપ્પા ફર્યા. મારી સામે જોતાં ઓશીકા પાસેથી રૂમાલ લઈ અંબાવતા કહે.

'જો ગ્રાન્ડમા કેવી ઢીલી થઈ ગઈ છે, રડે છે.'

મોટી બહેન નહિ ગ્રાન્ડમા! એ પછી પપ્પા કશું બોલ્યા નહોતા. મેં ધીમેથી ગ્રાન્ડમાનું મોઢું લૂછયું. આગળ નમી વાળ સરખા કર્યા ત્યારે પપ્પા ઈન્જેક્શનના બોક્સ અને દવાની સ્ટ્રીપો ફંફોસતા વાંચવાનાં ચશ્માં માટે ફાંફા મારતા હતા. મને થયું કે એ પોતાને શોધવા મથે છે. મેં જોયેલા પપ્પા અને આ પપ્પા ....

કંઈ સમજાય એ પહેલાં એ બધું સરખું ગોઠવી, 'હું જાઉં છું. તું રહેજે હવે.' કહી નીકળી ગયા. હું ચૂપચાપ ગ્રાન્ડમા સામે બેસી રહી. એરકન્ડીશન્ડના ઘરઘરાટમાં એમનો ધીમો શ્વાસ ભળી જતો હતો. એ અવાજને તોડતો એક બીજો અવાજ મારા કાનમાં રવરવતો હતો. ગ્રાન્ડમાના ઝઘડાનો, મને મારવાનો, એક રૂમથી બીજા રૂમમાં દોડતાં પગલાંનો, હાથ ઉગામી હાંફવાનો ... આજે એ હાથ કશીએ હરકત વગર પડ્યો હતો. એ કશુંક બોલવા મથતાં હતાં પણ અવાજ ઉકલતો નહોતો. એમની આંખો હજી ય એવી જ લાગતી હતી. જોરથી ચીમટો ભરી જોઈ રહેતી એમ! મેં એમના કપાળે હાથ મૂક્યો ત્યારે એ આંખોમાં પાણી તબક્યાં હતાં. એમને કંઈ થશે તો નહિ ને? વિચાર આવતાં જ કમકમું આવી ગયું. મમ્મા આવી એટલે સહેજ સારું લાગ્યું. પૂછી લઉં એને? હું અહીં આવી ગ્રાન્ડમા પાસે એનો કશો વાંધો નહિ ને? એ મને .... પછી નક્કી કર્યું. ના, હું નહિ આવું. ગ્રાન્ડમા હજી ય મારી સામે જોઈ રહ્યાં હતાં. ટિફીન સરખું ગોઠવતી મમ્મા કશુંક બોલે એ પહેલાં હું બહાર નીકળી ગઈ.

***

ગ્રાન્ડમાને હવે સારું છે. તૂટક તૂટક વાત કરી શકે છે. ડૉક્ટરે કહ્યું, ફાસ્ટ રિકવરી. મમ્માએ કેટલીય વાર કહ્યું કે, ગ્રાન્ડમાને જોઈ આવ. સાથે આવવા આગ્રહ કરે પણ ગમે તે બહાનું કાઢી મેં જવાનું ઠેલ્યા કર્યું. મમ્માને ખ્યાલ આવી ગયો કે હું હોસ્પિટલે આવવાનું જાણી જોઈને ટાળું છું એટલે બરાબરની અકળાઈ, 'તારે એટલે બધું ભણવાનું હોય છે કે કલાકની ય નવરાશ નથી?'

મેં કશો જવાબ ન આપ્યો એટલે એ વધારે ચીડાઈ.

'બાની ખબર લેવાનો ય ટાઈમ નથી તને? આ સારું નથી લાગતું, અર્ચના.'

કોણ જાણે કેમ એની અકળામણ જોઈ મને ઊંડે ઊંડે શાતા અનુભવાતી હતી. એને કહું કે ગ્રાન્ડમાના, મઘાની વિધિના, કીર્તિમાસીના વિચારોનું પોટલું વાળી હું જ ગાંઠ ઉપર વાળ્યે જતી હતી. મારા આજ સુધીના અનુભવો સાવ જુદી જ રીતે મારી સામે આવતાં. કોઈએ મારામાંથી એ બધું કાઢી લીધું? ખબર નહિ જો કે રાત્રે રજાઈમાં માથું સંતાડી ધીમેથી મારા પેટ પર હાથ ફેરવું છું ત્યારે મમ્માના પેટે છે એ જ ચીરો મારા પેટ પર! એવો જ ઉપસેલો, સહેજ પોચો અને બરાબર બીજના ચંદ્ર જેવો વળાંકદાર!

'તું સાંભળતી નથી, અર્ચુ? કાલે આખી રાત બા અર્ચુ અર્ચુ કરતાં'તાં. ચલ તૈયાર થઈ જા.'

'નહિ મમ્મા, મને નથી આવવું.'

'એટલે? આવી કેવી જીદ? જો તને ગમે એ વાંધો હોય પણ આજે ના પાડીશ, એ હું નહિ ચલાવી લઉં.'

'મમ્મા પ્લીઝ, ડોન્ટ ફોર્સ મી.'

'તને ખબર છે તારા પપ્પા શું કહે છે?'

'એ જ કે આપણી અર્ચુ ગુસ્સામાં હોય કે બહુ કન્ફ્યુઝ હોય ત્યારે અંગ્રેજીમાં બોલે છે.'

આપણી અર્ચુ? હું ચૂપચાપ સામી દીવાલે ઉડાઉડ થતું કેલેન્ડર જોઈ રહી. એક પળ પપ્પાનો એ દિવસનો ચહેરો આંખ સામે આવી ગયો. એ રીતે ક્યારે એમણે મારી સામે જોયું હશે? નરી લાગણીથી, મમત્વથી.

'તું તૈયાર થાય છે કે નહિ?'

'ના પહેલા તારું પેટ દેખાડ મારે મારો ચીરો જોવો છે.'

'અર્ચના, કેમ આમ ગાંડા કાઢે છે? આપણે હોસ્પિટલ જવાનું છે.'

'હું નહિ આવું મમ્મા.'

'પણ કેમ? શું થયું છે બેટા? '

'કશું નથી થયું બસ. આઈ કાન્ટ, બીલીવ મી મમ્મા, આઈ લવ ગ્રાન્ડમા. આઈ મીસ .. ' એકાએક મારી આંખો ચૂઈ પડી ને હું બીજી જ પળે મમ્માનો હાથ પકડી ધ્રુસકે ધ્રુસકે રડી પડી. મમ્માએ સહેજ નમીને મને જાત સરસી ભીડી.

'ગાંડી મારી..!' કહેતાં એનો બંધ છૂટી ગયો.

પપ્પાએ અમને બન્નેને રડતાં જોઈ શું કર્યું હશે? ખબર નહિ, એ ક્યારે આવ્યા હશે? ટેવ મુજબ ચૂપચાપ ઊભા રહ્યા હશે? મમ્માને જોઈ હશે? મને અડક્યા હશે? પાણી લેવા ગયા હશે? કશી ખબર નથી. હા, મને પાણી આપતા એમણે કહ્યું હતું, 'અર્ચના પાણી પી લે.' મને પાણી પીતી જોઈ રહેતી મમ્માને કહે, 'મને ખબર છે એ કેમ આવવાની ના પાડે છે.' પછી મારા હાથમાં પ્યાલો લઈ બાજુએ મૂકતાં કહ્યું, 'એવું કશું છે જ નહિ સમજી? ચાલ, તૈયાર થઈ જા આપણે જવાનું છે ગ્રાન્ડમા પાસે.' ને પછી મારા જવાબની ય આશા વગર ચાલવા માંડેલું.

મને ચિંતન યાદ આવી ગયો. ગ્રાન્ડમા પાસે ન જવાની અવઢવ એને કહી ત્યારે મારી વાત સાંભળી હસી પડેલો. 'હટ બુડથલ.' પછી કહે 'જો અર્ચના, હું બ્રાહ્મણ છું એટલે અધિકારથી કહું છું આ બધી જ વિધિઓ અમે ઊભી કરી છે. પાપી પેટકા સવાલ હૈ, મેડમ. બાકી તું માને છે એવું કશું છે જ નહિ, સમજણ પડી? છતાં તને અંદરથી એવું લાગતું હોય કે નથી જવું તો નહિ જવાનું, 'ઇટ્સ ઓકે.'

***

લેક્ચરમાં મોડું થાય તો ચિંતન ક્યારેક ઉડાવે. 'કેમ મોડી આવી અશુભ?' એક ઝાપટ ચોડી દેવાનું મન થાય. આ ગ્રાન્ડમા, એમને ફીઝિયોથેરાપીમાં લઈ જવાના એટલે બસ ચૂક્યા તો લેક્ચરમાં લેઇટ! ગ્રાન્ડમાને કસરત કરાવીએ ત્યારે એમની ત્રણ મહિને ખૂલેલી વાણી બદલો વાળતી હોય એમ ચાલતી રહે છે. એમના લથડી જતા, તૂટતા શબ્દો હવે બરાબર પકડાય છે. કસરત પૂરી થાય પછી કેટલું ય થાકી ગયાં હોય એવું ઢીલું ઢીલું મોઢું કરી આપણી સામે તાકી રહે. હું એ એમની એ નજરને બદલે પેલી ગુસ્સાભરી નજરની ક્ષણ શું કામ શોધતી હોઈશ એ ખબર નથી પણ સાંજે કોલેજથી ઘેર આવું ત્યારે મમ્મા ભાઈને લેવા ગઈ હોય ને ગ્રાન્ડમા પલંગમાં સૂતેલાં હોય. અણસાર કાને પડતાં જ ટેકા વગર નહિ ઊઠી શકવાની વિવશતા એમને ઘેરી વળતી. એ લાચારીભર્યો સળવળાટ જોતાં યાદ આવે : ગ્રાન્ડમા મારી રાહ જોઈ કારણ વગર ઘરમાં ફર્યા કરતાં, થાકીને કાયમ જાળીએ આવીને ઊભા રહે. દૂર દૂર જોતી એમની ઝાંખી નજર કઈ રીતે મને તરત જ તારવી કાઢતી હશે? હું પૂછું, 'મારી રાહ જોતા'તાં?' એ મલકાય.

'આ જુઓ ન વિક્ટોરિયા!'

પણ એમણે મને બદનામ તો કરી જ ને? એટલે જ ભગવાને આવી રીતે એમને .... ત્યાં તો આવો વિચાર કરવાનો, આવો? નો વિચાર આવતાં જ એકાએક ડૂમો ભરાઈ આવ્યો. ગ્રાન્ડમાનું સૂતેલું શરીર, ટેબલ લેમ્પ, બાજુમાં પડેલી માળા, ગૌમુખી, રામાયણની કેસેટો બધું આંખમાં ખડકાઈ આવ્યું. ઓશીકાની ધારે મોડી રાત સુધી પસ્તાવો નીતરતો રહ્યો.

સવારે ઊઠી ત્યારે નક્કી હતું. કસરત કરાવતાં પહેલાં સોરી કહીશ. પણ હું કંઈ બોલું એ પહેલાં એમની વાતો શરૂ થઈ ગઈ. ખબર કાઢવા આવેલાં ગીતાફોઈની વાતો અટકાવવા મેં એમના મોં પર હથેળી મૂકી. સોરી ન બોલી શકાયું.

એમને ખબર પડી ગઈ હોય એમ મારા હાથ પર એમણે હાથ દબાવ્યો. એ ભીંસ વધારતાં ઊભા થવા મથતાં એમણે કહ્યું, 'ચલ કબાટ ઉઘાડીએ.'

મારા ખભે હાથ મૂકી સહેજ અક્કડ ચાલે એ તિજોરી સુધી આવ્યાં. મેં તિજોરી ઉઘાડી એમણે. મારી મઘાની વિધિનું આલ્બમ ચીંધ્યું.

'ફોટા જોવા છે, ગ્રાન્ડમા?'

એમણે હકારમાં માથું હલાવ્યું. સાજા હાથે આલબમ છાતી સરસું દબાવી એ ખુરશીમાં બેઠાં. એક હાથે પાનું ઉથલાવતાં બરાબર ફાવતું નહોતું પણ મારો મદદમાં લંબાયેલો હાથ હડસેલી એમણે પાનાં ફેરવ્યાં. ગાયના પૂંછડેથી નીતરતાં પાણીએ મને નવરાવતી વિધિનો ફોટો એકટક જોઈ રહ્યાં. એમની આંગળીઓ કચડાઈને સખત સૂજી ગયેલી આંગળીઓની જેમ ફોટા ઉપર કાંપતી કાંપતી ફરતી હતી. સારા હાથે ફોટો આંખ નજીક લાવવા મથ્યાં.

મેં નમીને પૂછ્યું, 'શું જુઓ છો આમાં, ગ્રાન્ડમા? '

એમણે મારી સામે જોયું. એમની આંખોમાં પાણી ઉભરાયાં હતાં. મેં એમનાં ચશ્માં ઉતાર્યાં. એ આલબમ બંધ કરી મારી તરફ ધકેલતા રૂંધાયેલા અવાજે બોલ્યાં, 'નદીમાં પધરાઈ આવજે કાલે.'

એ પળે સોરી કહી દીધું હોત તો સારું પણ ના બોલી શકાયું. મેં હળવેથી આલબમ ખેસવી લીધું જે પાછું કબાટમાં મૂકતાં કહ્યું, 'ભલે રહ્યું.' ને તરત અવળા ફરી એમની બગલમાં હથેળી ભરાવી એમને ઊભાં કરતાં કહ્યું, 'ચલો ગ્રાન્ડમા.'

(મુદ્રાંકન સદ્ભાવ : મૈત્રીબહેન શાહ)

[Flat 2, Hill Court, 953, Harrow Road, WEMBLEY, Middlesex HA0 2RZ, U.K. ]

- બે -

## ધ રોઝ એન્ડ ક્રાઉન

• વલ્લભ નાંઢા

સાંજના છ વાગવા આવ્યા હતા. હું નોરવુડમાં 'બ્રાઇટ ન્યૂઝ એજન્ટ' પાસે વિમલની રાહ જોઇ રહ્યો હતો. મારી ધીરજ ખૂટવા લાગી હતી. એક વાર તો મનમાં થયું કે પાછો જ ચાલ્યો જાઉં. પણ વિમલ મારો જિગરી દોસ્ત હતો, અને 'કસ્ટમર કેર'ના એક પ્રોજેક્ટ પર ચર્ચા કરવા માટે અમે અહીં મળવાનું નક્કી કર્યું હતું, પણ એ હજી આવ્યો નહોતો.

વાતાવરણમાં ઠંડીનો કોરડો વીંઝાતો હતો. એટલું ઓછું હોય તેમ શિયાળુ પવન ઓવરકોટથી ઢંકેલા શરીર પર સૂસવાટાના ચાબખા ફટકારી રહ્યો હતો. પગ પણ ખોટા પડવા લાગ્યા હતા. આવી કાતિલ ઠંડીમાં ક્યાં સુધી ઊભવું ? અકળાઇને વિમલ પર મારી ચીડ ઠાલવી રહ્યો હતો. આસપાસમાં કોઇ પબ હોય તો ત્યાં બેસી વિમલની પ્રતીક્ષા કરું, એવો મનમાં વિચાર આવ્યો. એવામાં એક પંજાબી જેવો લાગતો યુવાન ત્યાંથી પસાર થયો. એને ઊભો રાખી મેં પૂછ્યું : 'ભૈયા ઈધર આસપાસમે કોઇ પબશબ હૈ ?'

'હાજી. એ રાસ્તે કી ચોરાહી પર હી 'ધ રોઝ એન્ડ ક્રાઉન' નામ કા બઢિયા પબ હૈ. ચલીએ, મૈં વહીં જા રહા હું.' એણે જણાવ્યું.

'એક મિનિટ ઠહેરીએ. મૈં આતા હું ...' કહી હું 'બ્રાઇટ ન્યૂઝ એજન્ટ' શોપમાં ગયો અને વિમલ આવે તો તેને 'ધ રોઝ એન્ડ ક્રાઉન'માં મોકલવાનું જણાવી તરત બહાર આવ્યો.

એ માણસ હજી ત્યાં જ ઊભો હતો. અમે ચાલવા લાગ્યા.

'દરાસલ મુજે અપને એક દોસ્ત કો મિલના થા ...' હું મારી ભાંગી તૂટી પંજાબી બોલીમાં આ તરફ આવવાનું કારણ એને સમજાવવા જતો હતો, ત્યાં મને અધવચ્ચે રોકી હસતાં હસતાં એ બોલ્યો : 'મૈં ભી થોડી બોત ગુજરાતી જબાન બોલ સમજ લેતા હું. આપ ગુજરાતી મેં હી બાતચીત ચાલુ રખીએ, મૈં સમજ જાઉંગા.'

મેં અનુમાન લગાવ્યું, આફ્રિકામાં મારી સાથે કેટલાક શીખ છોકરા ભણતા હતા. આ છોકરાઓ ગુજરાતી કડકડાટ બોલતા હતા. ત્યાંની શાળાઓમાં ગુજરાતી વિષય ફરજિયાત હોવાથી દરેક કોમના વિદ્યાર્થીઓને ગુજરાતી શીખવું પડતું હતું. મને થયું આ માણસ આફ્રિકામાં ભણ્યો હશે અને ત્યાંથી ગુજરાતી શીખી લાવ્યો હશે.

થોડુંક ચાલ્યા પછી એ ફરી બોલ્યો : 'વાતવરણ ઠંડું છે, નહીં ?'

'બાત મત પૂછો ! ગયા વરસ કરતાં આ વરસે વિન્ટર આકરું જાશે એવું લાગે છે.'

પબ પાસે પહોંચ્યા ત્યારે પબ ખૂલવાને હજી પાંચેક મિનિટ બાકી હતી. અમે બહાર પબના પોર્ચમાં વાતો કરતા ઊભા.

'તમે આ બરોમાં નવા લાગો છો.' એ બોલ્યો.

'હા. હું કિંગ્ઝબરીમાં રહું છું અને આ એરિયાથી સાવ અજાણ્યો છું. આ તરફ પહેલીવાર આવું છું. આમ તો હું અહીં મારા એક દોસ્તને મળવા આવ્યો છું. 'બ્રાઇટ ન્યૂઝ એજન્ટ'ની દુકાન પાસે અમે મળવાનું નક્કી કર્યું હતું. કામ પરથી કદાચ મોડો છૂટયો હશે એટલે હજી સુધી આવ્યો નથી.'

ત્યાં પબમાં રોશની ઝળકી ઊઠી. થોડીક વાર પછી પબ ખૂલી ગયું.

અમે અંદર પ્રવેશ્યાં.

'શું લેશો?' સર્વિંગ કાઉન્ટર તરફ આગળ વધતી વખતે તેણે વિવેક કર્યો.

'લાગર.'

'આટલી ઠંડીમાં પણ લાગર પીશો ? ખેર, જેવી તમારી ઇચ્છા !' પેન્ટના બેક પોકેટમાંથી વોલેટ કાઢતાં તેણે કહ્યું.

'ગુડ ઈવનિંગ મેડમ ! કેન વી હેવ અ પાઇન્ટ ઓફ લાગર એન્ડ અ શોટ ઓફ વ્હિસ્કી, પ્લીઝ.' તેણે સર્વ કરવા ઊભેલી છોકરીને ડ્રિંક્સનો ઓર્ડર આપ્યો.

પબના એક હૂંફાળાં ખૂણામાં અમે ટેબલ પસંદ કરી લીધું. જરા વાર પછી બારમેઇડ અમારા ટેબલ પર ડ્રિંક્સ મૂકી ગઇ.

પબમાં પીનારાંઓની હાજરી પાંખી હતી. મોટા ભાગના ટેબલો ખાલી હતાં.

'તમે આ તરફ રહો છો કે ?' લાગરના ગ્લાસ તરફ હાથ લંબાવતાં મેં તેને પૂછયું.

'ના. હું હીથરો પાસે રહું છું. રોજ એકની એક જગ્યાએ બેસીને દારૂ પીવાથી ફેડપ થઇ જાઉં છું. એથી મારાં પબ રોજ બદલાતાં રહે છે. બદલાવ રાખ્યો હોય તો ઠીક રહે. નવા ચહેરા જોવા મળે ને આસાનીથી ટાઇમ પાસ થઇ જાય! આજે આ તરફ નીકળી આવ્યો. સચ કહું તો અપના કોઇ ઠોસ ઠિકાના હે હી નહીં ! કભી ઇધર તો કભી ઉધર!' સોડા વોટરની બોટલ ખોલી તેમાંથી થોડું પાણી વ્હિસ્કીના ગ્લાસમાં રેડતાં તેણે કહ્યું: 'અપની અપની પસંદ ! આપકા નામ જાન સકતા હૂં ?'

'વિકાસ બલસારા.'

'બલસારા એટલે ગુજરાતી છો? તમને 'બ્રાઇટ ન્યૂઝ એજન્ટ' ન્યૂઝશોપ પાસે જોયા અને મને ખ્યાલ આવી ગયેલો કે તમે લાગો છો તો ગુજરાતી !'

'તમારું અનુમાન સાચું છે.' હું બોલ્યો.

'તમને મારું નામ પણ જણાવી દઉં ! આમ તો મારા પેરંટ્સે આપેલું મારું નામ વિલાયત સિંઘ છે. પણ કામ પર બધાં મને 'વિલી' કહીને બોલાવે છે.'

થોડીવાર અમારી વચ્ચે મૌન તોળાતું રહ્યું.

એ સિસોટીમાં કોઇ ગીતની ધૂન ગણગણવા લાગ્યો.

સિસોટીમાંથી રેલાતા વેર્સ્ટન ગાણાના મધુર સૂર સાંભળીને હું બોલ્યો: 'અરે, આ ધૂન તો ક્યાંક સાંભળી હોય એવું લાગે છે.'

'શું તમે ટી.વી. વોચ નથી કરતા? હજી ગયા રવિવારે તો બી.બી.સી. વન ચેનલ પર 'એક્સ ફેક્ટર શો'માં શેરલ કોલે આ સોલો ગાયું હતું.'

'યુ આર એબ્સ્યૂલેટલી રાઇટ ! હું જવલ્લે જ ટી.વી. પાસે બેસું છું. એટલે ઘણી વાર આવા સારા કાર્યક્રમ મીસ થઇ જાય છે. શું કરું મારી નોકરી જ એવી છે !'

'સોરી ...' થોડો ક્ષોભ અનુભવતાં એ બોલ્યો, 'શિફ્ટ વર્ક કરો છો?'

'ના. હું 'ટેસ્કો સુપર સ્ટોર'માં સ્ટોક કન્ટ્રોલ ક્લાર્ક છું. દિવસના ૯:૦૦ થી ૫:૦૦ની નોકરી છે. પણ કામનું દબાણ એટલું રહે છે કે ટી.વી. પાસે બેસવાની ફુરસદ જ નથી હોતી

'આઇ અન્ડરસ્ટેન્ડ યોર સિચ્યુએશન ... તમારી પરિસ્થિતિ હું સમજી શકું છું.'

'તમે પણ નોકરી કરો છો ? '

'યસ. હું આજકાલ હીથરો પર સિક્યૂરિટિ ગાર્ડનો હોદ્દો સંભાળી રહ્યો છું. જોબ ફર્સ્ટ ક્લાસ છે. મારું ઘર પણ એરપોર્ટની પાસે છે. હવે થાય છે કે મારે નોકરીમાં એક જગ્યાએ ઠરીઠામ થઇ જવું જોઇએ. આ નોકરીમાં જોડાયો એ પહેલાં મેં ઘણાં કામ બદલ્યાં, અનેક અનુભવો લીધા, અનેક ઠોકરો પણ ખાધી, કોણ જાણે શાથી, પણ મારા મિજાજ પ્રમાણે એક જ જગ્યાએ અધિક સમય સુધી ચીટકી રહેવાનું મને ફાવતું જ નથી. પણ ચારેક વરસ પહેલાં 'વોગ્ઝલ'માં લગાતાર અગિયાર મહિના સુધી મેં પેનલ બીટરનો જોબ કર્યો હતો. એ દિવસોમાં હું લુટન શહેરમાં રહેતો હતો. પગાર ફાંકડો હતો અને ઓવરટાઇમ કરવાની પણ સવલત હતી. બાદશાહી નોકરી હતી, પણ એક દિવસ 'વોગ્ઝલ'ના ફોરમેન સાથે કામ બાબત રકઝક થઇ ગઇ અને કંપનીએ મને નોકરીમાંથી છૂટો કરી દીધો. અને પછી આ બંદાએ એ શહેર જ છોડી દીધું ને લંડનની વાટ પકડી લીધી. બસ ત્યારથી અહીં જ છું.'

ટેબલો બધાં ભરાઇ ગયાં હતાં. સિગારેટના ધુમાડાથી પબનું વાતાવરણ ધૂંધળું બન્યું હતું. જ્યુકબોક્સમાંથી વહેતા વેસ્ટર્ન મ્યૂઝિકના રાગડા પીનારાંની વાતોના ગણગણાટને અતિક્રમી જતા હતા.

અમારાં પીણાંના ગ્લાસ ખાલી થવા આવ્યા હતા. હું ઉઠયો. 'ઇટ્સ માય રાઉન્ડ નાવ.' મેં કહ્યું: ' તમારા માટે 'બ્લેક લેબલ' લાવું છું.'

'ઓકે ! થેન્ક યૂ.'

હું ડ્રિંક્સ લઇ આવ્યો. વ્હીસ્કીનો ગ્લાસ તેની પાસે મૂક્યો. મારો ગ્લાસ લઇ હું મારી જગ્યા પર બેસી ગયો.

'હીથરોમાં સિક્યૂરિટી ગાર્ડની નોકરીમાં તમારી સાથે વેસ્ટ ઇન્ડિયન્સ ખરા કે ?' બીઅરનો મગ મોંએ લગાડતાં મેં વિલીને પૂછયું.

'એ તો હોવાના જ ને! નોકરીની બાબતમાં ભેદભાવ રાખવો એ આ દેશમાં ક્રિમિનલ ઓફેન્સ ગણાય છે. તમે જ બતાવો, બ્રિટનમાં એવી કઇ જગ્યા બચી ગઇ છે કે જ્યાં વેસ્ટ ઇન્ડિયન્સ મોજૂદગી નથી જોવા મળતી ? કારખાના શું કે ઓફિસ શું, આ લોકો બધે ઉદ્યમી માખીની જેમ ફેલાઇ ગયા છે. અને સાચું કહું તો જે લોકોથી ભડકીને આપણે દૂર ભાગવા માગતાં હોઇએ છીએ એ આ વેસ્ટ ઇન્ડિયન્સ લોકોએ તો આપણું આ લંડન શહેર ધબકતું રાખ્યું છે ! શહેરના નોકરી ધંધા આ લોકોએ કબજે કર્યા હોવા છતાં, આપણે માનીએ છીએ એટલા આ લોકો ખરાબ નથી.' વ્હીસ્કીનો ઘૂંટ ગળામાં ઉતારી વ્હીસ્કીના ગ્લાસ પર આંગળીઓ ફેરવતાં એણે મને પૂછયું: 'આ લોકો વિષે તમારું શું ધારવું છે ?'

'દરેક જાતિ સ્વભાવગત ભિન્ન ભિન્ન પ્રકૃતિ ધરાવતી હોય અટલે સારા નરસાના ભેદ કરવા સહેલા નથી. પણ હિંસા અને ગુનાખોરીમાં આ લોકો પંકાય છે. બીજી જાતિના અમૂક લોકો પણ આવા ગુનાહીત કૃત્યોમાં રોકાયેલા જણાય છે આ દેશમાં ક્રાઇમ, ગુનાખોરીને અને આતંકવાદ વકરી રહ્યો છે, ઇમિગ્રન્ટોની અપરિમિત સંખ્યા વધી રહી છે, લાખોના હિસાબે ઘૂસણખોરી થાય છે. જેના પરિણામે નોકરીઓની દશા ખરાબ થવા લાગી છે અને દેશ પર મંદીનું મોજું ફરી વળ્યું છે એવા સંજોગોમાં સરકારે ઇમિગ્રેશન લોને વધુ કડક બનાવવો જોઇએ અને ગેરકાયદેસર ઘૂસણખોરી પર અંકુશ લાદવા જોઇએ.' મેં બેધડક મારા વિચારો દર્શાવ્યા.

વિલી મારી સામે જોઇ રહ્યો. એના અને મારા વિચારો અલગ પડવાથી એ નારાજ થયો હશે. પણ એણે મારી ધારણા ખોટી પાડી. ચહેરો બીજી તરફ ફેરવી લેતાં બે હોઠો વચ્ચે સિગારેટ દબાવી. સિગારેટ ચૂસતાં ચૂસતાં આમતેમ આંગળીઓ વડે કંઇક હિસાબ કરવા લાગ્યો. મને લાગ્યું- ઇમિગ્રન્ટોનાં આંકડાઓ ગણે છે, પણ એણે તો વાતોનો સમૂળો ટોપિક જ બદલી નાખ્યો. કહેવા લાગ્યો: 'આવતા મહિનાની પેલી તારીખથી બે વીક માટે વિન્ટર લીવ આવે છે, થાય છે, છૂટીમાં સ્કોટલેન્ડ મારા મોમ-ડેડ પાસે જઇ આવું !'

'તમારા ડેડી-મમ્મી સ્કોટલેન્ડ રહે છે કે ?'

"હા! અને મારી બહેન બલજીત પણ. બલજીતનું ત્રણ વાર એંગેજમેન્ટ થયું પણ શાદીની વાત બની નહિ. હવે એક સોફ્ટવેર એન્જિનિયરના પ્રેમમાં પડી છે. છોકરો સ્પેનીશ છે! દેખાવડો છે અને મારી બહેન તેને પસંદ કરે છે. બંને ડેટિંગ પણ કરે છે અને હવે ચોથી વાર મારી બહેન આ છોકરા સાથે એંગેજ થશે.' એ કહી રહ્યો હતો.

'તમારા મમ્મી ડેડીનું શું કહેવું થાય છે, એમને આ સંબંધ પસંદ છે ?'

'પોતાની દીકરી આંતરજાતીય લગ્ન કરે એ મુદ્દે પહેલાં તેઓ રાજી નહોતાં, પણ મારી બહેન વતી મેં એમને સમજાવ્યાં ત્યારે તેઓ માની ગયાં.'

'તમારી બહેન પ્રત્યે તેમને બહુ લગાવ લાગે છે?' વિલીની કુટુંબકથામાં રસ પડતાં મેં તેને પૂછયું.

'હા. અમારી ફેમિલીમાં અમે ત્રણ ભાંડું ! એમાં બલજીત સૌથી નાની, સૌની લાડલી પણ ખરી. પણ મારા તરફ એને બચપણથી જ વધારે ભાવ, લાગણી.'

વિલીની ફેમિલી હિસ્ટરી હજી થોડી વધુ લંબાત, પણ એનું બોલવું ચાલુ હતું ત્યારે પબમાં પ્રવેશતા છોકરાઓ તરફ તેની નજર જતાં અમારી વાતચીતને ફૂલ-સ્ટોપ લાગી ગયો.

'હાય મોમીકુ ! હાય જેક ..,' વિલીએ એ છોકરાઓ તરફ હાથ ઊંચો કરી અવાજ લગાવ્યો. પછી મને કહે : ' માય ફ્રેન્ડઝ ! મારા દોસ્તો છે.'

એ લોકો પણ વિલી તરફ હાથ હલાવતાં સર્વિસ કાઉન્ટર પાસે જઈ ખૂણામાં પડેલું એક ખાલી ટેબલ રોકી એ તરફ બેઠા.

પંક જેવા દેખાતા એ ટીનેજર્સમાં બે વેસ્ટ ઈન્ડિયન, એક એશિયન, એક ચાઈનીઝ અને એક ગોરો એમ પાંચ છોકરાઓ હતા. રંગેલા ઊભા બરછટ વાળ, કાનમાં વાળી, બાવડા પર ટટૂઝ, હોઠ, નેણ પર ચમકતાં મોતી ! સ્ટડેડ ડેનિમનું જેકેટ, ફાટેલું જીન્સ: આવા પહેરવેશમાં આવેલા આ ટપોરીઓ પર નજર પડતાં જ ખ્યાલ આવે કે આ પંકસ છે !

એમને જોતાં મારા મનમાં કોઈ ખાસ કૌતુક ન જાગ્યું. આજના છોકરાઓમાં આવા દેખાવાનો ક્રેઝ ચાલી રહ્યો છે એ હું જાણું છું.

ટેબલ પર ગોઠવાઈ ગયા પછી એ લોકો ધીમેથી કંઈક ફૂસફૂસતા લાગ્યા..

'ડીયર બ્રધર ટોની ! તું તો એક નંબરનો ચીટ નીકળ્યો. ગઈકાલે મળવાનું પ્રોમીસ આપીને છટકી ગયો ? આવી લાપરવાહી ? નો, નો, નો ! આઈ કાન્ટ અલાવ ધીસ સોર્ટ ઓફ નીગલીજન્સ.' મોમીકુ નામના ભારે શરીરવાળા જમૈકન ગેંગલીડરે ટોનીના ખભા પર ધબ્બો મારી તેને ચેતવણી આપી.

' સોરી બોસ ! કાલે મારી માના પેટમાં અચાનક દુખાવો ઉપડી આવ્યો હતો. મારે તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવી પડી હતી. ત્યાં બહુ સમય ગયો એથી મારાથી આવી શકાયું નહીં.' મોમીકુને પોતાની ગેરહાજરીનું કારણ જણાવતી વખતે ટોનીની જીભ લોચા વાળી રહી હતી.

બાર મેઈડ એ લોકોના ટેબલ પાસે ડ્રિંક્સનો ઓર્ડર લેવા આવી ત્યારે મોમીકુએ કોબ્રાના બે, કાર્લસબર્ગના બે અને એક પિલ્સનર બીઅર લાવવા જણાવ્યું. ઓર્ડર લઈ બારમેઈડ કાઉન્ટર તરફ સરકી ગઈ.

એક બારમેઈડ બાજુના ટેબલની સફાઈ કરી રહી હતી.

ટેબલ પર ડ્રિંક્સ ગોઠવાઈ ગયાં.

એ લંગુરિયાઓનો ફૂસફૂસાટ ચાલુ હતો.

'બોસ, ગામમાં અફવા ઉડી છે કે 'ક્રેઝી ટુ ક્લબ' બંધ થાય છે, એ સાચું ?' માલિક નામના એક એશિયન છોકરાએ મોમીકુને પૂછયું.

'વોટ નોનસેન્સ ! લોડ ઓફ લાઈઝ... ! આવી રૂમર ક્યાંથી લઈ આવ્યો ? હજી બે દિવસ પહેલાં મેં રોબર્ટને ધંધો કરવા ત્યાં મોકલ્યો હતો અને આપણા રેગ્યુલર કસ્ટમર્સને પાવડરની પડીકીઓનો સ્ટોક પૂરો પાડી ખુશ કરી આવ્યો હતો.' મોમીકુએ આજુબાજુ નજર ફેરવી લેતાં 'મેરયુઆના'ના બદલે 'પાવડર' કોડવર્ડ જાણી જાણીજોઈને વાપર્યો હતો.

'હે...ય માઈકલ, બધું ફિક્સ થઈ ગયું છે ને? 'ક્રેઝી ટુ' તરફ કોણ જાય છે ?' મોમીકુએ માઈકલને આંખ મારી પૂછયું.

માઈકલે જેક તરફ આંગળી ચીંધી.

'ગ્રેટ ! સો આપણો આજનો હીરો 'જેક' છે ! ધેન લેટ્સ મુવ ઓન ...' મોમીકુએ ખુશાલીના ઉદ્દગારો કાઢયા.

'પણ બોસ, આજે મોસમ બહુખરાબ છે. કલબમાં પણ મેમ્બરોની હાજરી ખાસ નહીં હોય. જવાથી કોઈ ફાયદો થવાનો નથી.' જેકે ડરતાં ડરતાં કહ્યું.

જેકને મોઢેથી ઢીલી વાત નીકળતાં મોમીકુના ચહેરાનો રંગ બદલાઈ ગયો. ચહેરા પર ઉગ્રતા લાવી એ ધીમેથી પણ રોષપૂર્વક બોલ્યો :

'હું ઘેરથી નીકળ્યો ને ત્યારે પણ મોસમ ખરાબ હતી. લૂક જેક, યુ હેવ બીન ચોઝન ફોર ધ ટાસ્ક ! યુ હેવ ટુ ફુલફીલ યોર ડયુટીઝ ? તારી પસંદગી થઈ ચૂકી છે. અને તું તો જાણે છે ને મને 'નો' સાંભળવાની આદત નથી.'

બોસને નારાજ કરવાથી કેવું પરિણામ આવશે એ વિચાર માત્રથી જેકના શરીરમાંથી ધ્રૂજારી પસાર થઈ ગઈ ! કપાળ પર રૂમાલ ફેરવતાં એ દબાયેલા સ્વરે બોલ્યો: 'ઓકે બોસ, આઈલ ગો.'

'ઈયનની કાર તને ક્લબ સુધી છોડવા આવશે. અને સાંભળ, આજકાલ પોલીસ પણ એ ક્લબ પર ચાંપતી નજર રાખી રહી છે, માટે થોડો એલર્ટ રે'જે.' કહી મોમીકુએ બેઠેલાઓની નજર ચોરાવીને જેકેટમાંથી એક નાનકડું પેકેટ કાઢીને જેકના જેકેટમાં સેરવી દીધું.

આસપાસ કોઈ નહોતું. બારમેઈડ પણ બાજુનું ટેબલ સાફ કરી અન્ય કસ્ટમર્સને સર્વ કરવામાં વ્યસ્ત હતી. બે ત્રણ બીજી બારમેઈડઝ હાથમાં બીઅર વ્હિસ્કીની ટ્રે સાથે આમ તેમ ઘૂમી રહી હતી. મેનેજર ટેલિફોન પર કોઈ સાથે વાતો કરી રહ્યો હતો.

મોમીકુએ અમે બેઠા હતા એ તરફ નજર કરી જોયું. મોમીકુએ વિલીને હાથનો ઈશારો કર્યો.

'એક્સ્યુઝ મી. મારો મિત્ર બોલાવે છે. એને મળી આવું,' કહી વિલી એ લોકો બેઠા હતા ત્યાં જવા ઉઠયો.

વિલી થોડીક વાર એ લોકો જોડે બેઠો. ઉઠતી વખતે મોમીકુએ વિલીને કંઈક આપ્યું અને વિલીએ એ ચીજ સિફતથી પોતાના જેકેટના ખિસ્સામાં મૂકી દીધી.

ત્યાર પછી એ લોકો ચાલ્યા ગયા. વિલી આવીને પાછો એની જગ્યા પર બેસી ગયો. અમારી વાતો ચાલતી રહી, પેટમાં બીઅર અને વ્હિસ્કીના પેગ ઉતરતા રહ્યા. વિલી બોલતો રહ્યો અને હું સાંભળતો રહ્યો.

જરાક વાર પછી એ ટોયલેટમાં જવા ઉઠયો. પાંચેક મિનિટ પછી પાછો આવ્યો અને મને જણાવ્યું: 'ઘરેથી મિસિસનો મોબાઈલ હતો. એક એમરજન્સી આવી છે એટલે મારે જાવું પડશે. આય રીઅલી એન્જોયડ યોર કંપની, તમને મળીને મને આનંદ થયો..'

'અને મને પણ - '

વિલી એની જગ્યાએથી ઊભો થઈ મને ભેટવા મારી નજીક આવ્યો. અમે એકબીજીને ભેટી પડયા. અને પછી એ ખરેખર ઉતાવળમાં હોય તેમ 'સી યુ ધેન ...બાય ...' કહી પબની બહાર નીકળી ગયો..

વિલી ગયો. પછી હું વિમલના વિચારે ચઢી ગયો. હતા. મારું ધ્યાન વારે વારે બારી તરફ જતું હતું. હજી સુધી એ કેમ નહીં આવ્યો હોય ? બીજું કંઈ નહીં તો કમસે કમ ફોન કરી મોડા પડવાનું કારણ તો એણે મને જણાવવું જોઈએ ને ? મારો મોબાઈલ નંબર તો એની પાસે છે. ખબર નથી પડતી કયાં અટવાયો છે ! પણ હવે એ આવવાનો નથી એવું લાગતા મેં ગ્લાસમાં બાકી રહેલો બીઅર પૂરો કર્યો.

એ જ વખતે બે પોલીસ ઓફિસર પબમાં દાખલ થયા અને સીધા પબ-મેનેજરન પાસે પહોંચી ગયા. એ લોકો પબ-મેનેજરને કશીક પૂછપરછ કરી રહ્યા હતા.પાછળ પોલીસ અને મેનેજર વચ્ચે શી વાતચીત ચાલે છે એ જાણવામાં મને રસ નહોતો. મોડું ય ઘણું થયું હતું.

હું ઉઠવાની તૈયારી કરતો હતો.

ત્યાં મારા ખભા પર કોઈનો પંજો આવી પડયો.

ગરદન ફેરવી મેં પાછળ જોયું તો મારા ખભા પર હાથ મૂકી એક પોલીસ ઓફિસર મારી સામે ઊભો હતો !

હું ધ્રૂજી ગયો ! પબ ખાલી કરવાનો હુકમ થતાં બધાં પોતાનાં પીણાં અધૂરાં છોડીને બહાર નીકળી જવા લાગ્યાં. થોડી જ મિનિટોમાં આખું પબ ખાલી થઈ ગયું. બધા ગયા પછી પેલો પોલીસ ઓફિસર બોલ્યો :

'વી હેવ રીઝન ટુ બીલીવ યુ આર ઈન પઝેશન ઓફ ઈલિસીટ ડ્રગ્ઝ.'

'આયમ નોટ ધેટ સોર્ટ ઓફ ગાય, સર ! સ્ટીલ યુ કેન સર્ચ મી ઈફ યુ વોન્ટ ટુ.!' મેં મારી નિર્દોષતા પૂરવાર કરવા પોલીસ ઓફિસરને જણાવ્યું.

' લેટ મી સી યોર બ્રીફ?' કહી એ પોલીસ ઓફિસરે મારી બ્રીફકેસ બાજુમાંથી ઉઠાવી ખોલવા લાગ્યો.

બીજો પોલીસ મારી તલાશી લેવા લાગ્યો. મારું પેન્ટ, મારું શર્ટ અને મારા જેકેટને આમતેમ ફેરવી ફેરવીને તેનાં ખિસ્સાં તપાસવા લાગ્યો. અને મારા અમાપ આશ્ચર્ય વચ્ચે મારા જેકેટના સાઈડ પોકેટમાંથી એક નાનકડું પેકેટ બહાર નીકળી આવ્યું. પેકેટનું વેપર ખોલતાં તેણે મને કરડાકીમાં પૂછ્યું : 'આ શું છે ?'

'આઈ હેવ નો ક્લૂ ! બીલીવ મી સર, ઈટ્સ નોટ માઈન ! ઈવન આય વન્ડર હાઉ ઈટ કેમ ઈન માઈ પોકેટ.' મેં મારો બચાવ કરવાનું ચાલુ રાખ્યું.

'ધીસ ઈઝ ઈટ ...' કહી તેણે એ પેકેટ ખોલ્યું. પેકેટમાંથી નીકળેલા સ્ટફની જાણ કરતાં તેણે બીજા પોલીસ ઓફિસરને જણાવ્યું : ' 'મેટહેમફેટમીન ! ધીસ ઈઝ ધ સબ્સટન્સ વી વર લૂકિંગ ફોર !'

મેટહેમફેટમીનના પાવડરની નાની નાની પડીકીઓને જોતાં મારી આંખો ફાટી રહી ગઈ ! અચાનક મને યાદ આવ્યું - છૂટા પડતી વખતે હું અને વિલી એકબીજાને ભેટ્યા હતા અને એ વખતે તેણે મારા જેકેટના પોકેટમાં .....

હું વિચારોમાં ગોટવાતો હતો.

ત્યાં –

'યુ આર અન્ડર એરેસ્ટ.' મારા હાથમાં હાથકડી પહેરાવતાં એ પોલીસ ઓફિસરનો ઘોઘરો અવાજ કાન પર ઝીંકાયો. એ લોકો મને બહાર યાર્ડમાં લઈ આવ્યા ત્યારે અનેક ચહેરાઓ મારી તરફ ઉપેક્ષાયુક્ત નજરે ટીકી રહ્યા હતા. અનેક ચહેરાઓની ભીડમાં મેં એક પરિચિત ચહેરો જોયો : વિમલનો !???

મારી આંખે અંધારાં આવી ગયાં.

હવે શું ?

[Ajitnath Apartments, Flat No. 503, Pancheshwar Tower Chowk, Pancheshwar Road, JAMNAGAR - 361 001 India]

- ત્રણ -

## વૈશ્વીક ગામનો વેપારી

• સોનલ પરીખ

તે એક વેપારી જેવો દેખાતો માણસ હતો કે પછી માણસ જેવો દેખાતો વેપારી. તેનો ચહેરો જોઈને શરીરમાંથી સ્ફૂર્તિની લહેર પસાર થઈ જાય. સ્વચ્છ-સરળ ચહેરામાં વીંધી નાખતી અગ્નિશિખા જેવી આંખો, અને એ આંખોમાં સળગતો નિશ્ચય કે દુનિયામાં કંઈ પણ વેચી શકાય છે, ખરીદી શકાય છે અને ફરી દશ ગણાં પૈસા ઉપજાવી શકાય છે. તેના રોમે રોમમાંથી દુકાનદારી નીતરતી.

એવે એ એક દિવસ તે અમારા ગામમાં આવ્યો, કહે 'આ નદી અમારે ખરીદવી છે.'

લોકો હસવા લાગ્યા. નદી તે કોઈ ખરીદવા-વેચવાની ચીજ છે! પણ તે સામે હસ્યો અને બોલ્યો, 'વેચશો તો ફાયદો થશે. આ આટલું પાણી ફાલતું વહી જાય છે કે પછી સૂકાઈ જાય છે કે સરી જાય છે. અમને આપશો તો અમે ચમકતા ઘાટ બનાવીશું, શાનદાર પુલ બનાવીશું, નૌકાવિહાર-તરણ વગેરેની સુવિધા ઊભી કરીશું, વોટર સ્પોર્ટ્સ .....' એ ખંતપૂર્વક એવી રંગીન યોજના વર્ણવા લાગ્યો. તેને વિશ્વાસ હતો કે આ પ્રોજેક્ટ પાસ થઈ જ જશે કેમ કે એણે લાગતાવળગતા બધાને પૈસા ખવરાવી ધરવી દીધા હતા. અહીં આવવાનું કારણ એટલું જ કે એ ધરાયેલા લોકોમાંના અમુકની સલાહ હતી કે 'ગામની મંજૂરી જોઈશે, જો તેઓ આંદોલન વગેરે કરશે તો બધી મહેનત પાણીમાં .....'

એટલે એ ગામલોકોને ફોસલાવી રહ્યો હતો.

એક ઘરડા ખેડૂતે કહ્યું, 'પણ આટલું બધું તમે અમારા માટે કેમ કરવાના છો? કયા ગામથી આવો છો?

'દાદા હું કોઈ ગામનો નથી. હું પૂરા વિશ્વનો છું.'

'કોઈ ગામનો નથી? તો તારો શો ભરોસો?'

' હું વૈશ્વીક ગામનો છું, દાદા આ તમારી નદી સાફ કરવા, એનાં પાણીનું સંરક્ષણ કરવા અમે પૈસા લગાડીશું, ફક્ત પછીથી તમારે પુલ પાર કરવા, ધાર પર જવા, પાણી પીવા વગેરે માટે મામૂલી ટેક્સ આપવો પડશે.' વેપારી સમજાવતો ગયો કે કેવી રીતે ગામલોકોને લાખો રૂપિયાની સગવડો થોડા રૂપિયાના ખર્ચથી મળી શકશે.

પણ ગામલોકોને ગળે વાત ઉતરતી નહોતી. વેપારી પાછો ગયો, ચહેરા ઉપર એક લુચ્ચું સ્મિત લઈને, કહેતો ગયો કે 'અમને ઉતાવળ નથી, તમ તમારે વિચાર કરી લો, હું ફરી આવીશ.'

તે તો ગયો પણ ગામમાં એક ચર્ચાનો વિષય છોડતો ગયો. લોકો હસતા પણ, ગભરાતા પણ.

અને ફરી એક દિવસ તે આવ્યો કે પછી તેના જેવો જ દેખાતો બીજો કોઈ હતો, શી ખબર? તે જમીનો ખરીદવા આવ્યો હતો. સમજાવતો હતો કે, 'આટલી સો એકર જમીન મળે તો કેવી રીતે ગામ સ્વર્ગ બની જાય. મારો ભાઈ પાણી ખરીદવા આવેલો તમે તો ન વેચ્યું, પણ બાજુના ગામવાળાએ વેચ્યું અને તેઓ સુખી સુખી થઈ ગયા. હવે બીજી વાર ભૂલ ન કરતા. જમીનનો સોદો કરી જ લો.'

રોજ આ જ વાત તે દોહરાવતો અને પછી તો લાઈન જ લાગી. રોજ એક નવો ચહેરો, એ જ ભાવહીનતા, લુચ્ચું સ્મિત અને વેપાર કરવાના મક્કમ નિશ્ચય સાથે ગામમાં ફરતો દેખાતો. દરેકનું કહેવું હતું કે પોતે વૈશ્વીક ગામમાંથી આવ્યો છે. દરેક પાસે નવો પ્રસ્તાવ, નવી યોજના. કોઈને તળજમીનનું પાણી ખેંચવું હતું, કોઈને પહાડ ખરીદવો હતો. જંગલ તો ક્યારનું વેચાઈ ગયું હતું. ક્યાંકથી જીન્સ અને ઝભ્ભા પહેરેલા બગલથેલાવાળા ઉતરી આવ્યા જેમણે ગામની કલા, સંસ્કૃતિ, ગીત-સંગીત વગેરેમાંથી વેચાઈ શકે તેવી સામગ્રીની શોધ હતી.

ગામલોકો અવાક - સ્તબ્ધ હતા. આ કોણ છે બધા, જે ધરતી, પાણી, પ્રકૃતિ, પહાડ, નદીનાળાં, ગીત-સંગીત, આકાશ, ઋતુઓ બધું જ ખરીદવા માંગે છે!

કોઈ બોલ્યું, 'ધારો કે કાલે કોઈ આવીને હવા પર કબજો કરી લે અને શ્વાસ વેચવા માંડે તો .....'

સાંભળનાર ગભરાઈને બોલ્યો, 'તો તો ગરીબ આદમી માટે નિસાસો નાખવાના ય પૈસા પડશે!'

બોલનાર હસી પડ્યો અને કહ્યું, 'ડર નહિ દોસ્ત, હું તો મજાક કરતો હતો.'

મજાક? કોને ખબર - કદાચ મજાક ન પણ હોય.

તો.....?

**(જ્ઞાન ચતુર્વેદીની હિંદી કથા પરથી રૂપાંતર : સ્રોત : "ગાંધીમાર્ગ" માર્ચ-એપ્રિલ 2009)**

[B/2, Ritik Apartment, S.V. Road, Dahisar (East), MUMBAI - 400 068, India]

- ચાર -

## મોસંબીનો રસ?!

• આનંદ રાવ

મને અમેરિકામાં આવ્યે બે વર્ષ ઉપર થઈ ગયાં હતાં, છતાં કામ ધંધાનું કે નોકરીનું કશુ ઠેકાણું પડતું નહોતું. બહેન-બનેવીને ત્યાં ક્યાં સુધી પડ્યા રહેવાય? એટલે આજે આ પંકજભાઈને મળવા આવ્યો હતો.

મારી ખખડી ગયેલી, ચૌદ વર્ષ જુની, ગાડી મેં સ્ટ્રીટ ઉપર પાર્ક કરી. પાંચસો ડૉલરમાં લીધેલી. સાચવીને બારણું બંધ કર્યું અને બહાર નીકળ્યો. જે મકાન સામે ગાડી મુકી હતી એના સરનામાની ખાતરી કરવા ખીસ્સામાંથી કાગળિયું કાઢી જોઈ લીધું. પછી એ આલિશાન ઘરના આગળના બગીચામાંથી પસાર થઈને મુખ્ય બારણા પાસે આવ્યો.

મેં ડોર-બેલ વગાડ્યો એટલે બારણું ખુલ્યું.

'નમસ્તે ... આવો ભાઈ ...' રંજનબહેને મને આવકાર આપ્યો. બે-અઢી વર્ષની એમની બેબીને એમણે તેડેલી હતી.

'પંકજ જરા બહાર ગયા છે. એમના મિત્ર સાથે ગોલ્ફ રમવા ગયા છે. થોડીવારમાં આવી જશે. તમે આવવાના છો, એ એમને ખબર છે. આવો, બેસો ....' રંજનબહેને બારણું બંધ કર્યું. આ રંજનબહેન પંકજભાઈનાં પત્ની લાગ્યાં.

મને લિવીંગ રૂમમાં બેસાડી, રંજનબહેન એમની બેબીને લઈને રસોડામાં પાછાં ચાલ્યાં ગયાં. રવિવારનો દિવસ હતો એટલે કોઈને કશી ઉતાવળ નહોતી.

પંકજભાઈની એક મૉટેલમાં મેનેજરની નોકરીની આશાએ હું એમને મળવા, એમણે આપેલા ટાઈમે, સમયસર, એમને ઘેર હાજર થઈ ગયો હતો. પણ હું એમને ઘેર પહોચ્યું ત્યારે મને આવકારવા પંકજભાઈએ ઘરે હાજર રહેવું જોઈએ એવું થોડું છે! નોકરીની ગરજ તો મને હતી. હું નવો નવો અમેરિકામાં આવેલો ઈમિગ્રન્ટ હતો. ભારતમાંથી ઉખડીને હવે આ દેશમાં મૂળિયાં નાખવાં માટે કોઈ ફળદ્રુપ ક્યારાની શોધમાં ફરતો હતો.

પંકજભાઈ ઘણાં વર્ષોથી અહીં લોસ એન્જલિસમાં રહે છે. કોઈ સરકારી ખાતામાં એન્જીનિયર છે. ઘણી બધી મૉટેલોના માલિક પણ છે. એમનું આ ઘર એક શ્રીમંત વિસ્તારમાં છે. પૈસે ટકે સારા એવા સુખી છે. અહીં અમેરિકામાં આવી વસેલા આપણા દેશી ભાઈઓ, મોટા ભાગના, પૈસે ટકે ઘણા સુખી છે, એ તો હવે જગજાહેર વાત છે.

બાજુમાં પડેલું છાપું લઈ હું પંકજભાઈની રાહ જોતો સોફામાં ગોઠવાયો.

લિવીંગ રૂમને અડીને જ રસોડું હતું. એટલે રંજનબહેન અને એમની આ નાની બેબી વચ્ચે ચાલતાં રીસામણાં-મનામણાં મને સ્પષ્ટ સંભળાતાં હતાં. એ બંને મા દીકરી વચ્ચે ચાલતી રકઝક થોડી થોડી દેખાતી પણ હતી. આ નાની બેબી રસોડામાં રંજનબહેનની આસપાસ ઘુમરાયા કરતી હતી. રંજનબહેન બેબીને કાચના ગ્લાસમાંથી ઑરેન્જ જ્યુસ - મોસંબીનો રસ - પીવડાવવાની ખૂબ મથામણ કરી રહ્યાં હતાં. પણ બેબી રડી રડીને એ પીવાનો ઈન્કાર કર્યા કરતી હતી. મોઢું બંધ રાખી, ડોકું આમ તેમ ધૂમાવ્યા કરીને, જ્યુસના ગ્લાસવાળો રંજનબહેનનો હાથ એ જોર જોરથી પોતાના મોં પાસેથી દૂર ધકેલ્યા કરતી હતી. એને જ્યુસ પીવો જ નહોતો.

એટલામાં, બાજુના દાદરા ઉપરથી ઊતરીને નીચે આવતા એક વયોવૃદ્ધ સજ્જન ઉપર મારી નજર પડી. એમની ઉમ્મર ૭૦ વર્ષની આસપાસ હશે. પણ તંદુરસ્તી સારી હતી. એ લિવીંગ રૂમમાં આવ્યા એટલે વડીલ તરીકે માન આપવા ઊભા થઈ મેં પ્રણામ કર્યાં. એ આવીને મારી સામેની રિક્લાઈનીંગ-ચેરમાં બેઠા.

અમારી વાતો શરૂ થઈ. 'આપ અહીં અમેરિકામાં કેટલા વખતથી છો?' મેં પૂછ્યું.

'સાતેક વર્ષ થયાં. પંકજની બા ગુજરી ગયાં પછી પંકજે મને અહીં આવવા ખૂબ દબાણ કર્યા કર્યું. એટલે છૂટકો નહોતો.'

'સારું કર્યું. દેશમાં એકલા પડી જાત.'

'અરે, ભૈ ..... એકલતા તો નરી અહીં અમેરિકામાં છે. આપણા દેશમાં નહીં. દેશમાં તો નજીકનાં સગાં કે દૂરનાં સગાં આવતાં જતાં હોય. આડોશી પાડોશીઓ, ફળિયામાં ક્રિકેટ રમતાં છોકરાં, માલ વેચવા આવતા ફેરિયા ..... આ બધાનો ઘોંઘાટ ચાલુ જ હોય. છેવટે ઘરમાં કામ કરનારની કે કોઈક ને કોઈકની અવર જવર તો હોય જ. શાંતિ અને એકાંત જોઈતું હોય તો ય ત્યાં ન મળે. પછી એકલા પડી જવાનો સવાલ ક્યાં રહ્યો? એકલતા તો આ દેશમાં છે. ધીમા ઝેરની જેમ મારા જેવા ઘરડાંઓને એ મારી નાખે છે. લાંબા વખતથી અહીં આવીને રહેલા અને પ્રવૃત્તિવાળા લોકો માટે આ દેશ સારો છે. બાકી, પાછલી ઉંમરે, સાથે માત્ર ઘડપણ લઈને આ દેશમાં આવવું એ ગૂંગળામણ ભર્યું છે. એકલતાથી દમ ઘૂંટાય છે. શ્વાસ રૂંધાય છે. છતે પગે અપંગ થઈ ગયા જેવું છે.'

મને મારી ભૂલ સમજાઈ. મેં વાતોનો વિષય બદલ્યો. 'આપ દેશમાં શું કરતા હતા.?'

'હું એક નાના ગામની હાઈસ્કૂલમાં શિક્ષક હતો. છોકરાંને અંગ્રેજી પણ ભણાવતો. સાથે સાથે વાંચવા-વિચારવાનો અને ક્યારેક થોડું લખવાનો શોખ. શિક્ષકનો પગાર અને બાપ દાદાના વખતની ચારેક વીઘાં જમીનની થોડી આવક એનાથી ગુજરાન ચાલતું. મહેનત કરીને આ પંકજને કૉલેજમાં ભણાવ્યો. પછી તો એ એની મેળે જ અહીં પરદેશ આવી ગયો. મને અહીં એકલતા જરૂર લાગે છે પરંતુ એક બહુ મોટો ફાયદો પણ થયો છે. ઢગલાબંધ સાહિત્ય વાંચવા મળે છે અને શૈક્ષણિક ટીવી-ચેનલો ઉપર આ દેશની ભવ્યતાનો પરિચય થાય છે. પંકજના ગોલ્ફને લીધે એક બે નિવૃત્ત પ્રોફેસરોની ઓળખાણ પણ થઈ છે. એમની સાથે ક્યારેક અમેરિકન સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જવાની તક મળે છે. આ પંકજને તો એવા કશામાં રસ જ નથી.'

'તમને આ દેશ કેવો લાગે છે?'

'ભાઈ, આ દેશ વિષે તો શું કહેવું? જગતના તમામ રાષ્ટ્રોની પ્રજા અહીં આવીને વસે છે. અને આ દેશ સૌને ઉદારતાથી સમાવી પણ લે છે. એટલે સાચા અર્થમાં આ દેશ 'મહા'રાષ્ટ્ર છે. શિક્ષણ, સંશોધન, સાહિત્ય, કલા, અહીંની યુનિવર્સિટીઓની ભવ્યતા, હોસ્પિટલોની સ્વચ્છતા, સૌને મળી રહેતી જીવન જીવવાની સુવિધાઓ .... આ બધી રીતે જોતાં, આ દેશને મહાન ગણવો જ પડે. પાણી પૂરવઠો, ધનધાન્ય, અનેક પ્રકારનાં ફળફળાદિ, સૂકામેવા, વૃન્દાવનની કથાઓમાં આવતી દૂધ દહીંની નદીઓને શરમાવે એવી દૂધ દહીંની રેલમછેલ, નાનાં છોકરાનાં જેની પાછળ ગાંડાં થઈ જાય છે એવી જાત જાતની ચૉકલેટ .... આ બધું જ અહીં મબલખ છે. નાનાં છોકરાનાં કપડાં, રમકડાં, રમતગમતનાં સાધનો ...... આ બધાંનો કોઈ પાર નથી. જન્મ્યાને હજુ બે અઠવાડિયાં થયાં હોય તો પણ એના પગના બુટ મળે. અને છોકરાંનાં બાળોતિયાં-ડાયપર્સની તો હદ થઈ ગઈ છે. એક વખત છોકરાએ બગાડ્યું એટલે ફેંકી દેવાનું. બાળોતિયું બાંધવામાં પણ કેટલી સગવડ! આ ડાયપર્સ જોઈને તો મને મારા દિવસો યાદ આવી જાય છે. જૂના ધોતિયાના કે સાડલાના ટુકડા કરી કરીને પંકજની મા એને બાંધતી. એકનું એક બળોતિયું ધોઈ ધોઈને કોણ જાણે કેટલીયે વાર વપરાતું! ટૂંકમાં કહું તો નાના બાળકને બાળક તરીકે જીવવાની સંપૂર્ણ તકો અહીં છે. કારખાનાંમાં કે ઉકરડા ઉપર ખાવાનું શોધવામાં બાળપણ બરબાદ થતું નથી. અને યુવાન માબાપો પણ પોતાના બધા હરખ અને લાડકોડ સહેલાઈથી પૂરા કરી શકે છે. બધા પ્રકારની સુવિધાઓને લીધે જીવન અહીં બહુ આસાનીથી વહે છે. હાડમારી બહુ જ ઓછી છે. આ બધું આ દેશના આદ્ય સ્થાપકો, founding fathersની વૈજ્ઞાનિક દીર્ઘદૃષ્ટિને આભારી છે.

હું એવું નથી કહેતો કે આ અમેરિકન લોકોમાં કોઈ ખામીઓ જ નથી .... છે. એ બધાં કાંઈ પરિપૂર્ણ નથી. પરંતુ પર્યાવરણ અને પૃથ્વીના સમગ્ર વાતાવરણમાં થઈ રહેલા ભયાનક ફેરફારો, globle warming and polution વિષેની એમની ચિંતા, જાગૃતિ અને સજાગતાની પ્રસંશા આપણે કરવી જ પડે. એ જ રીતે અમેરિકન ઉદ્યોગપતિઓ અને વેપારીઓની દાનવીરતાને પણ આદરથી સલામ ભરવી જ પડે. બીલિયનના બીલિયન ડૉલર દાનમાં આપી દેતાં સહેજે ખચકાતા નથી. એમને જાણે લક્ષ્મીનો મોહ જ નથી. આપણે ત્યાગ અને અપરિગ્રહના સંસ્કૃત શ્લોકો બોલી બોલીને ફડાકા મારીએ છીએ અને આ અમેરિકન ઉદ્યોગપતિઓ તો અપરિગ્રહ જીવી બતાવે છે. હું આ ટીવી-ચેનલો ઉપર જોઉં છું કે અહીંના નાના મોટા એક્ટરો અને કલાકરો પણ માનવતાનું કામ કરતી સંસ્થાઓ સાથે સાચા દિલથી સંકળાએલા હોય છે. ધર્મ કે જાતિના કોઈ પણ ભેદભાવ વિના દુનિયાના કોઈ પણ દેશમાં પીડિતોની પીડા ઓછી કરવા એ લોકો તત્પર હોય છે. ધર્મના કર્મકાંડોથી પર રહીને આ લોકો સાચી માનવતાને મહત્વ આપે છે.

બીજી પણ એક વાત છે કે ....આ અમેરિકન લોકો વિજ્ઞાન, સંશોધન અને પ્રગતિમાં માનવાવાળા તથા યોજનાબદ્ધ કામ કરવાવાળા છે. આપણે તો દેશનાં જંગલો અને ઈકૉલૉજીની સંભાળ લેવાને બદલે હજારો વર્ષ જુની 'સંસ્કૃતિ' વિષે ડંફાશો મારવામાંથી અને એની અંધશ્રદ્ધામાંથી ઊંચા નથી આવતા .... ચોમાસામાં વરસાદ ના પડે તો એને વરસાવવા ઘી ચોખા બાળીને મોટા યજ્ઞો કરીને વધારે પોલ્યુશન ઊભું કરીએ છીએ. કેટલાક લોકો તો પાછા આખા જગતની ચિંતા કરીને સમગ્ર 'જગતના કલ્યાણ અર્થે' યજ્ઞો કરીને દેવ-દેવીઓને રીઝવવા બેસી જાય છે. કોઈ અમેરિકનોને મેં આ પ્રકારના ધૂમાડા કરતા જોયા નથી. છતાં એમની પાસે શું ઓછી સમૃદ્ધિ છે? એમની સમૃદ્ધિમાં તો આપણે

આવીને બેસી ગયા છીએ. આપણે તો, ભૈ, આત્માના કલ્યાણની ફિલસૂફીના તરંગોમાં જ હજુ ઉડ્યા કરીએ છીએ અને એ જ વાગોળ્યા કરીએ છીએ .... કથા-વાર્તા અને કર્મકાન્ડોમાંથી જ હજુ ઊંચા નથી આવતા.'

દાદાને થોડી ઉધરસ આવી એટલે બોલતા અટક્યા. થોડી વારે પાછા બોલ્યા ......

'એક ખરા દુ:ખની વાત કહું. આપણા લોકો તો દેવ દેવીઓ પાસે પણ પોતાના વેપાર ધંધાની જાહેરાતો મોટા મોટા ચિત્રો સાથે, કરાવડાવે છે. 'ગણેશ છાપ બીડી', 'જયઅંબે હિન્દુ હોટલ', 'શ્રી સાંઈબાબા પાન હાઉસ' ... વગેરે. અહીં તમે 'લોર્ડ જીસસ બિયર' કે 'વર્જીન મેરી હોટેલ' કે 'મોઝીઝ સિગારેટ' કદી જોઈ છે?'

દાદાની વાત સાંભળીને મને હસવું આવી ગયું. મેં બીજો સવાલ પૂછ્યો. 'આ દેશમાં ઉછરતાં આપણાં છોકરાં વિષે તમને શું લાગે છે?'

'મોટા ભાગનાં આપણાં છોકરાં ભણવામાં ખૂબ હોશિયાર હોય છે એવું સાંભળું છું ..... શિક્ષણ, રમત ગમત, વિજ્ઞાન કલા જેમાં એમને આગળ વધવું હોય એમાં વધવાની અહીં એમને ખૂબ તક છે. એમને કદાચ ગુજરાતી, મરાઠી કે હિન્દી જેવી એમની પોતાની ભાષા નહીં આવડે ... પણ એથી શું? એ ગુજરાતી વગર, એમની જિંદગી આ દેશમાં કાંઈ અટકી નહીં પડે. જે ભાષા રોટલો રળવામાં ને માણસની પ્રગતિ કરવામાં ઉપયોગી ના થાય એ ભાષા આપોઆપ ઘસાઈ જાય અને અંતે મરી જાય. અમેરિકામાં ગુજરાતી ભાષા શું લાંબુ જીવવાની છે? આ દેશમાં જ એ છોકરાં રહેવાનાં છે તો પછી એમને એ રીતે ઉછેરવાં રહ્યાં.

અને ..... જુઓ ભાઈ, કોઈ માબાપ હવે આ દેશ છોડીને પાછાં ઈન્ડિયા જવાનાં નથી કારણ કે એમને માટે પણ આ દેશ ઘણો સગવડભર્યો અને અનુકૂળ થઈ ગયો છે. જે સુખ સમૃદ્ધિથી એ લોકો એમનાં બાળકોને અહીં એમનાં આલિશાન ઘરોમાં ઉછેરી શકે છે એવી સગવડો છતે પૈસે પણ એ લોકો ત્યાં મેળવી શકવાના છે? દરેક છોકરાના આગવા બેડરૂમ, એમની ઉમ્મર પ્રમાણે એમનાં રમકડાં, એમના શોખ, ગેરેજમાં બેઝબોલ, બાસકેટ બોલ, ટેનિસ, નાની બાઈસિકલો અને એવું જાત જાતનું ત્યાં આસાનથી ક્યાં મળે? છોકરું અને કૂતરું આ બે દેશમાં ખૂબ નશીબદાર છે. ફક્ત .....'

એટલામાં ફોનની ઘંટડી વાગી.

'દાદા, તમારો ફોન ..... ' રંજનબહેને રસોડામાંથી બૂમ પાડી કહ્યું.

'આવું છું, ભાઈ. ..... તમે બેસજો. .... તમને ઉતાવળ તો નથી ને?' કહીને દાદા ફોન લેવા ધીમે ધીમે બીજા રૂમમાં ગયા. મારા જેવું વાતો કરવાવાળું દાદાને બહુ વખતે કોઈ મળ્યું હોય એમ લાગ્યું. અહીંનાં બાળકોને સહેલાઈથી મળતી સુખ-સગવડો વિષેનું દાદાનું ઝીણવટ ભર્યું વર્ણન સાંભળીને મને દાદાની અવલોકન શક્તિ વિષે ખૂબ માન થયું.

* * *

લિવીંગ રૂમમાં હવે હું એકલો પડી ગયો. છોકરાં વિષેની દાદાની આ બધી વાતો સાંભળીને થોડી વાર માટે, હું મારા પોતાના ભૂતકાળમાં સરકીને ખોવાઈ ગયો. .... સિક્કાની બીજી બાજુ મારી આંખ સામે તરવરવા લાગી.

અમેરિકા આવતાં પહેલાં હું ગુજરાતના એક ગામડાની શાળામાં હેડ-માસ્તર તરીકે નોકરી કરતો હતો. શહેરની કોઈ સારી નિશાળમાં બદલીની તક મળે એની રાહ જોતો હતો જેથી ટ્યુશનો કરી આવક વધારી શકું.

આ ગામડું તો સાવ નાનું હતું. ગલીએ ગલીએ, ઝૂંપડે ઝૂંપડે નરી ગરીબી જ ઠાંસી ઠાંસીને ભરેલી હતી. બધાં જ ઝૂંપડામાં નરી કંગાલિયત અને નર્યો ભૂખમરો ઘર કરી બેઠો હતો. ગરીબી તો અહીં અમેરિકામાં ય મેં જોઈ. પરંતુ અમેરિકાની ગરીબી અને ઈન્ડિયાની ગરીબીમાં ય એટલો જ, પૂર્વ પશ્ચિમ, જેટલો તફાવત મને દેખાતો હતો.

મારા વર્ગમાં પૂંજો કરીને એક છોકરો હતો, મહેનતુ, ભણવામાં હોશિયાર અને લાગણીશીલ છોકરો. અગિયારેક વર્ષની એની ઉમ્મર. એની એક બહેન હતી મંછી. ઉમ્મરમાં પૂંજા કરતાં ત્રણ-ચાર વર્ષ નાની. આ મંછી પણ જ્યારે મારી નિશાળમાં પહેલીવાર દાખલ થયેલી ત્યારે એ નિમિત્તે મેં એને એક નવી નકોર સ્લેટ તથા પેન અપાવેલી અને મારી પત્નીએ એક જુની થેલી દફ્તર તરીકે આપેલી એટલે એ ખૂબ ઉત્સાહમાં હતી.

આ બંને છોકરાંની મા આખો દિવસ ગામનાં કહેવાતાં 'ઉજળિયાત' કોમનાં બે-પાંચ કુટુંબોમાં ઘર-કામ કરીને થોડું કમાતી. મારે ઘરે પણ કપડાં-વાસણ એ જ કરતી. હું એનાં બાળકોનો શિક્ષક હોવાથી મારું કામ વધારે ચીવટથી કરતી. મારી પત્ની પણ, થાય એટલી, સીધી યા આડકતરી રીતે એ કુટુંબને આર્થિક સહાય કરતી. વાર તહેવારે સારું ખાવાનું બનાવ્યું હોય તો થોડું ખાવાનું, જુનો સાડલો, કબજો, એકાદ બંડી કે એકાદું પહેરણ એમને આશીર્વાદ રૂપ થઈ પડતાં. આ પૂંજાનો બાપ ખેત-મજૂરી કરતો એટલે જૂન-જુલાઈ મહિનામાં એને મજૂરીનું કામ ઘણું રહેતું.

ગયા ઉનાળામાં પૂંજાને ખૂબ તાવ આવી ગયેલો. મારી પાસેથી પૈસા ઉધાર લઈને એની મા એને બાજુના શહેરમાં કોઈ 'મોટા' ડોક્ટર પાસે લઈ ગયેલી. ગાડી ભાડું, રીક્ષાનું ભાડું, ડોક્ટરની ફી ..... આ બધામાં જ એના પૈસા ખતમ થઈ ગયેલા. ડોક્ટરે ફટાફટ દવાઓ લખી આપેલી અને પોતાની આદત મુજબ કહી નાખેલું કે 'થોડા દિવસ સુધી આ છોકરાને ફક્ત મોસંબીના રસ ઉપર જ રાખજો.'

આ ડોક્ટરને વાસ્તવિકતાનું .... reality....નું કંઈ ભાન હશે ખરું! મોસંબીનો રસ! Orange Juice ! No Kidding....!!

આ છોકરાંઓએ મોસંબીને સ્પર્શ પણ કરેલો હોતો નથી. સ્વાદની તો વાત જ જવા દો. ત્યાં એનો રસ કાઢીને પીવાની વાત ક્રૂર મજાક જેવી લાગે! મોસંબીનો રસ નીચોવવાને બદલે પૂંજાની માની આંખમાંથી આંસું નીચોવાતાં મેં જોયેલાં. એ અભણ માએ રાત દિવસના ઉજાગરા કરી ધીરજ અને વાત્સલ્યથી પૂંજાના માથે સતત પોતાં મુક્યા કરેલાં. એની આ કાળજીથી પૂંજો ધીમે ધીમે બીમારીમાંથી બેઠો થઈ ગયેલો. મગનાં પાતળાં પાણીમાં થોડું મીઠું અને થોડો પોતાનો માતૃપ્રેમ ભેળવી એણે પૂંજાને હેતથી પાયાં કર્યું હતું. એ સિવાય બીજો કોઈ રસ એ એને પીવરાવી શકી નહોતી.

આ ધણી-ધણિયાણીની ખૂબ ઈચ્છા કે એમનાં બંને છોકરાં ભણીને શહેરમાં ક્યાંક નોકરીએ લાગે તો એમની જિંદગી સુધરે. હું પાછો એ છોકરાંના ભણતરમાં અંગત રીતે થોડી વધારે કાળજી રાખતો એટલે એ બંને જણાં મારા પ્રત્યે ખૂબ માનથી અને આભારવશ નજરે જોતાં.

એક દિવસ પૂંજો નિશાળે આવ્યો નહિ. મને થયું કે એના બાપને મજૂરીનું વધારે પડતું કામ આવી પડ્યું હશે, એટલે કદાચ એને સાથે લઈ ગયો હશે અથવા પાછો થોડો સાજો માંદો થયો હશે. આવતી કાલે આવશે ત્યારે પૂછી જોઈશ.

મારી નિશાળનાં ઘણાં છોકરાંને પેટનો ખાડો પૂરવા નિશાળ પડતી મૂકીને, એમનાં મા-બાપ સાથે આખો દિવસ મજૂરી કરવા જવું પડતું. આર્થિક રીતે અથવા સામાજીક રીતે કહેવાતી 'પછાત' કોમનાં બાળકો મારી શાળામાં વધારે હતાં. બહુ નાની ઉંમરમાં આ બાળકોને માથે સંસારની જવાબદારી આવી પડતી. મારી શાળામાં ભણતી, નાની નાની સાત-આઠ વર્ષની, બીજા-ત્રીજા ધોરણમાં ભણતી, કેટલીય છોકરીઓને એમનાં નાનાં, માંદલાં ભાંડરડાંને સાચવવાં નિશાળને તિલાંજલી આપી ઘેર રહેવું પડતું. એટલું જ નહીં, એ નાનાં ભાંડરડાંને કમરમાં બેસાડી, ગામના સીમાડે રખડી રખડીને એ છોકરીઓએ સાંજે ચુલામાં બાળવા માટે ઈંધણાં અને છાણના પોદળા પણ ભેગા કરવાના. એમની ઝૂંપડીઓમાં સતત પાણીની તંગી અને ન્હાવા ધોવાની કોઈ સગવડ ન હોવાથી એમના વાળમાં નરી ધૂળ, લીખો અને જૂઓ ભરેલી હોય. આખો દિવસ ભાગોળે રખડી રખડીને જે ભેગું કર્યું હોય તે લઈને સાંજે ઘેર આવે. આટલું કરવા છતાં, ખેત મજૂરીથી થાકીને ઘેર આવેલાં એમનાં અજ્ઞાન મા બાપ એક નાની ભૂલ માટે એ બાળકીઓને ઉપરથી ખૂબ મારે. એ વખતે રડી રડીને ગાભાની ગોદડીમાં ઊંઘી ગયાં સિવાય આ નાની છોકરીઓ માટે બીજો કોઈ રસ્તો નહીં.

નિર્દોષ બાળપણ 'રમવા' અથવા 'ખેલવા કૂદવા' માટે છે એવું આમાંના મોટા ભાગના બાળકોના નસીબમાં લખેલું નથી હોતું. સાત વર્ષની તદ્દન કુમળી

ઉંમરે, આ બાળકીઓ બાળપણને ઓળંગીને, બાળપણને skip કરીને, સીધી જ, કુટુંબની જવાબદારી ઊઠાવતી, ગંભીર સ્ત્રીઓ બની જાય છે. બાળપણના રમતિયાળપણાંનો સ્વાદ સરખો ય એમને ચાખવા નથી મળતો. પૂરતો ખોરાક, કપડાં લત્તાં કે રમકડાંની તો વાત શું કરવી? અને 'ઓરેન્જ જ્યુસ' કે ચોકલેટનું તો આ બાળકોને સ્વપ્નું પણ ના આવે.

તફાવત તો જુઓ : તદ્દન ફાટેલાં, થીંગડું પણ મારી ન શકાય એટલાં ઘસાઈ ગયેલાં ઘાઘરી-પોલકાં પહેરીને ગામને સીમાડે, બાળી નાખે એવી સખત ગરમીમાં છાણાં અને ઈંધણાં વીણતી આ છોકરીઓ ક્યાં? અને ક્રિસમસના દિવસોમાં ભવ્ય રીતે શણગારેલા મોટા મોટા અમેરિકન સ્ટોરોમાં પોતાને મન ગમતાં રમકડાં પસંદ કરવા દોડાદોડી કરતાં ઇન્ડો-અમેરિકન બાળકો ક્યાં!

ગરીબી એ વસ્તી-વધારાનો ભયાનક પડછાયો છે. એ કદી છૂટાં ના પડે . જેમ વસ્તી વધે તેમ એ પડછાયો વધારે વિકરાળ અને ખતરનાક બનતો જાય છે. બેકાબૂ બનેલો આ વસ્તી વધારો જ જગતમાં ગરીબી ફેલાવી રહ્યો છે. ધરતી ઉપરના અનાજ, પાણી, રહેઠાણ અને જીવન જરૂરિયાતની તમામ વસ્તુના પૂરવઠાના પ્રમાણમાં વસ્તી અનેક ઘણી વધી રહી છે. ભૂખમરો, પોલ્યુશન, હવામાનની ઉષ્ણતા - global warming - અને જીવલેણ રોગચાળો વધી રહ્યો છે. શેને લીધે? આ બધાનું મૂળ શું છે? બેફામ વસ્તીવધારો.

મને તો ચીસ પાડીને યુનાઈટેડ નેશન્સને કહેવાનું મન થાય છે કે તમે લોકો 'Children's Year', 'Women's Year' વગેરેની ઉજવણી કરો છો તો હવે 'જન્મ-શૂન્ય વર્ષ' Birthless Year-ની પણ ઉજવણી કરો. માનવ કલ્યાણ માટે એ સૌથી વધારે ઉપયોગી છે. દર ત્રણ કે ચાર વર્ષે એક વર્ષ 'જન્મ-શૂન્ય' હોવું જોઈએ, Birth-less હોવું જોઈએ.

આ 'જન્મ-શૂન્ય વર્ષ' એટલે શું?

બહુ સાદી સરળ સમજૂતી છે : જે વર્ષ દરમિયાન જગતના કોઈપણ દેશમાં, એક પણ બાળક જન્મે નહીં તે વર્ષ 'જન્મ-શૂન્ય વર્ષ' ગણાય.

વસ્તી વધારાની ચિંતા કરનારા સમાજશાસ્ત્રીઓના આંકડા અનુસાર દર મિનિટે એક બાળક આ ધરતી ઉપર જન્મે છે. હિસાબ કરો અને આંકડો માંડો કે 'જન્મ-શૂન્ય વર્ષ'માં કેટલાં બાળકો જન્મતાં અટકે! વસ્તી વધારાની ઝડપ ઉપર કેવી મક્કમ બ્રેક લાગે! આ 'જન્મ-શૂન્ય વર્ષ' બહુ સહેલાઈથી, કોઈપણ પ્રકારના વાદવિવાદ વિના, દુનિયાના દેશોના સહકારથી કેવી રીતે ઉજવી શકાય એ માટે જગતના થોડા નિષ્ણાતોની કમિટી બનાવીને એની વિગતવાર યોજના સહેલાઈથી ઘડી શકાય.

તેમ છતાં એની આછી રૂપરેખા આ રહી :

પાંચ વર્ષ અગાઉથી યુનાઈટેડ નેશન્સ જાહેર કરે કે આવતું છઠ્ઠું વર્ષ દુનિયાભરમાં 'જન્મ-શૂન્ય વર્ષ' તરીકે ઉજવાશે. (દા.ત. ૨૦૦૯માં યુનાઈટેડ નેશન્સ એવું જાહેર કરે કે આવતું ૨૦૧૫નું વર્ષ 'જન્મ-શૂન્ય વર્ષ' તરીકે ઉજવાશે. આ ૨૦૧૫ના જાન્યુઆરીની ૧લીથી ડિસેમ્બર ૩૧મી સુધી કોઈપણ દેશમાં બાળક જન્મવું જોઈએ નહીં. જુવાનિયાં લોકોને સમજાવવાનું કે એ લોકો પોતાની પ્રેગ્નન્સી અને પ્રસૂતિનું પ્લાનિંગ એવી રીતે કરે કે જેથી એમનું બાળક 'જન્મ-શૂન્ય' વર્ષના આ બાર મહિનાની બહાર જન્મે. ૧લી જાન્યુઆરીથી ૩૧મી ડિસેમ્બરના ગાળામાં ના જન્મે.)

દુનિયાના દેશો આ 'જન્મ-શૂન્ય' વર્ષની ઉજવણીમાં ના જોડાય તો પડતા મૂકો એમને. માત્ર ભારત એકલું પણ ઉજવે તો એનો પોતાનો બેફામ વસ્તી વધારો અટકાવી શકે. ધર્મ કે રાજકારણનો ભય રાખ્યા વિના ગરીબી અને રોગો સામે લઢવા માટે બધા નેતાઓ આ 'જન્મ-શૂન્ય' વર્ષની ઝુંબેશ ઉપાડે તો સમૃદ્ધિ આપોઆપ સામે ચાલીને આવશે.

પરંતુ ..... જવાદો .... મારી વાત કોણ સાંભળે? હું મોટો પોલિટીશન નથી કે અતિ શ્રીમંત ફિલેન્થ્રોપીસ્ટ નથી. કદાચ એવું પણ બને કે મારી આ વાતને એ લોકો હસી પણ કાઢે.

મને આ પૂંજાની વાત પૂરી કરવા દો ....

બીજા દિવસે પણ પૂંજો નિશાળે આવ્યો નહીં. બીજા બે દિવસો પણ વીતી ગયા. એટલે મને થોડી ચિંતા થવા લાગી અને મનમાં સવાલ ઊઠ્યો કે આ પૂંજો પાછો માંદો પડી ગયો હશે? નિશાળ છૂટ્યા પછી પૂંજાના ઝૂંપડા તરફ જવા હું નીકળ્યો. ઝૂંપડાની બહાર બેઠી બેઠી એની મા, સાંજના ભોજન માટે રોટલા જોડે ખાવા, મરચાં ખાંડતી હતી. એનો બાપ ચૂલામાં બાળવા લાકડાના ટુકડા કરી રહ્યો હતો. મને જોઈને બંને જણાં કામ પડતું મૂકીને, આનંદથી સફાળાં ઊભાં થયાં અને મને આવકાર્યો. મારા માટે પૂંજાના બાપે ખાટલી ઢાળી. એના ઉપર બેસતાં મે પૂછ્યું ..... 'પૂંજો સાજો માંદો તો નથી ને? બે ત્રણ દિવસથી એ નિશાળે નથી આવ્યો.'

'ના, સાહેબ, એવું કાંઈ નથી. એ તો હાજો હમો છે. રોજ એના ટાઈમે એનું દફ્તર લઈને એ તો ઘરમાંથી નીકળી જાય છે. તો પછી આ હરામી ક્યાં જતો હશે? કંઈ આડે રવાડે ચઢી ગયો હશે?' આ બંને જણાંને પણ જાણે જબરો આંચકો લાગ્યો. હવે અમારે ત્રણેને માટે આ કોયડો થઈ પડ્યો કે નિશાળનું નામ દઈને પૂંજો ક્યાંક રખડવાની આડી લાઈને તો નહીં ચઢી ગયો હોય ને! અમને બધાંને ચિંતા થવા લાગી.

પૂંજાની બહેન મંછી ઝૂંપડાના ઓટલા પાસે એક ખૂણે બેઠી બેઠી એલ્યુમિનિયમનું જુનું તપેલું માંજતી હતી. એના મોઢા ઉપર મારી નજર પડી. એ નાની છોકરી ખૂબ ભયભીત થયેલી લાગી. મારી હાજરીથી જ એ જાણે ફફડી ગઈ હતી. પૂંજો ઘેર આવશે એટલે બાપા હવે એને ખૂબ મારશે એવા ભયનો ફફડાટ એના મોઢા ઉપર દેખાતો હતો. અમારી વાતો સાંભળીને એ ખૂબ બેચેન અને સ્વસ્થ બની ગઈ હતી.

એટલામાં પૂંજો દૂરથી આવતો દેખાયો. એનું દફ્તર એની સાથે જ, ખભા ઉપર લટકતું હતું. મને આમ અચાનક એના ઘર આંગણે બેઠેલો જોઈને એના હોશકોશ ઊડી ગયા હતા. એના બાપાએ એક મોટી મોટી સોટી ઉપાડી. બાપનો ગુસ્સો હું સમજી શક્તો હતો. પણ મેં ઈશારો કર્યો એટલે ન છૂટકે એણે હાથમાંની સોટી નીચે નાખી દીધી. ધીમે પગલે, ફફડતો ફફડતો, એ નજીક આવતો ગયો. બે ચાર દિવસ નિશાળમાંથી ગાપચી મારવાનો એનો ગુનો પકડાઈ ગયાની બીકથી એ જાણે ધ્રૂજી ગયો હતો.

'સાલા ..... નેહારનું નામ દઈને ચ્યાં રખડવા જતો રહુ છું ..... બોલ? પૂંજાના બાપથી આખરે રહેવાયું નહીં. એણે રાડ પાડી અને ગુસ્સાથી સોટી ઉગામી. પણ મે તરત એના હાથમાંથી છીનવી લીધી.

ભયથી પૂંજો થરથરતો હતો. મને સંબોધીને ડૂસકાં ખાતો ખાતો એ બોલવા લાગ્યો : 'સા..સા..સા..સાહેબ..' બીકનો માર્યો એ ડઘાઈ ગયો હતો. એની આંખમાંથી ચોધાર આંસું વહે જતાં હતાં. રડતાં રડતાં, ધ્રૂસકાં ખાતાં ખાતાં એણે જેમ તેમ વાક્ય પૂરું કર્યું ..... 'સાહેબ .. તમે .... તમે .... અપા ... અપા .. અપાવેલી મંછીની સ .... સ ... સલેટ ... તૂ .... તૂ .. તૂટી ... ગ... ગઈ .... છે ..... મંછીને બાપા મા ... મા ... મારે ... નહીં ... એ ... એ ... એટલે .. એટલે ... હું ... હું .... હું .... હાઈ-વે ઉપરની ભાગોળવાળી હોટલમાં .... બે .... બે ... બે ... દિવસ કપ રકાબી ધોઈ સલેટ જેટલા પૈસા ભેગા કરવા ગયો'તો ...'

થોડી ક્ષણો સુધી હું પૂંજાના નિર્દોષ ચહેરા તરફ તાકી રહ્યો. પછી તરત મેં એને મારી બાથમાં લીધો. જોરથી છાતી સરસો ચાંપ્યો અને પીઠ પંપાળી શાંત પાડ્યો .... મારી આખમાં પણ ઝળઝળિયાં આવી ગયાં હતાં. કોઈને દેખાય નહીં એ રીતે ચૂપચાપ મારા રૂમાલથી એ લૂછી નાખ્યાં.

***

એટલામાં, જોરથી ધડમ્ કરતો કાચ ફુટ્યાનો અવાજ આવ્યો. એનાથી હું એકદમ ઝબકી ગયો. રંજનબહેનના રસોડામાં નાની બેબીના હાથનો ધક્કો જરા જોરથી લાગતાં રંજનબહેનના હાથમાંથી ઑરેંજ જ્યુસનો ગ્લાસ છટકીને નીચે ટાઈલ્સ પર અફળાતાં એ તૂટી ગયો હતો અને ચારે તરફ ઑરેંજ જ્યુસ ઢોળાયો હતો. ગભરાઈને બેબી પણ જોર જોરથી રડી રહી હતી.

હું પણ મારા એ ગરીબ વિદ્યાર્થી પૂંજાને ત્યાં ગામડામાં છોડીને પાછો અમેરિકાના ભવ્ય લિવીંગ રૂમમાં આવી ગયો હતો. ઊંડો શ્વાસ લઈ મેં મારા કપાળનો પસીનો લૂછ્યો અને આસપાસ જોયું .... ક્યાં ય પૂંજો નહોતો ... ક્યાં ય એ ગામડુ નહોતું .....

પંકજભાઈનું પણ હજુ ક્યાં ય ઠેકાણું નહોતું ..... !

[23834, Palomino Drive, DIAMOND BAR, CA 91765, U.S.A.]
e.mail : gunjan_gujarati@yahoo.com

- પાંચ -

## અંતિમ યાત્રા

• મહેન્દ્ર શાહ



વહેલી સવારે ફોનની ઘંટડી વાગે તો સમજી લેવું કે કોઈક ગયું ! કિસ કો ઉઠા લિયા! કોઈકની આંખ મીચાઈ ગઈ ! વર્ષોથી એક પ્રથા પડી ગઈ છે, જ્ઞાતિમાં કોઈકનું મૃત્યું થાય એટલે સવારના પહોરમાં આખા શહેરમાં, મણિનગરથી મેમનગર, નરોડાથી નારણપુરા, શાહપુરથી શાહીબાગ, નવરંગપુરાથી નવા વાડજ, સેટલાઈટથી સૈજપુર, સાયકલ પર અગર સ્કુટર પર બેચાર જુવાનિયાઓ નીકળી પડે, અને વાયુવેગે સમાચાર પહોંચી જાય! બે કલાકમાં તો આખી જ્ઞાતિ ભેગી થઈ જાય! હવે સમયની સાથેસાથે અને ઈંટરનેટી દુનિયાના આગમનથી થોડાક ફેરફારો થયા છે, છતાં મૂળ પ્રથા તો રહી છે જ. હવે SMS, Text messages અને e.mailથી ફટાફટ સમાચારો પહોંચી જાય છે,જ્ઞાતિની ગ્રુપ ઈ મેઈલ ડિરેક્ટરી પર ક્લીક કરો એટલે એ જ સેંકડે આખા અમદાવાદમાં જ નહીં અમેરિકામાં પણ ખબર પડી જાય કે ફલાણા ભાઈની ટિકિટ નીકળી ચૂકી છે! અરે,જે ઉપર પહોંચી ગયો છે એના પર પણ એના ગયાની ઈ.મેઈલ પહોંચી જાય!


વહેલી સવારે જેવી ફોનની ઘંટડી વાગી કે તર્ક વિજ્ઞાનમાં પારંગત એવા બાપુજીએ ફોન ઉપાડયો અને જાણે કે એમને ત્રિકાળ જ્ઞાન હોય તેમ મહેશ હજુ ફોન પર વાક્ય પૂરું કરે .., 'સ્મશાન જવાનું છે ..,' એ પહેલાં જ તેને વચ્ચેથી અટકાવી ને બોલી નાખે, 'રસિકકાકાને ફોન કર્યો ?' 'ક્યારે કાઢવાના છે?'

રસિકકાકા અમારી જ્ઞાતિના વડીલ, નિ:સ્વાર્થભાવે સેવા આપનાર પરગજુ. નજીકનું સગું હોય કે દૂરનું, ઓળખતા હોય કે અજાણ્યા, કોઈના ય ખરાબ પ્રસંગે પહોંચી તો જાય જ. પહેલાં તે જ હોય ! મરણ પ્રસંગે તો તેમની હાજરી અચૂક ! તે ના હોય તો કદાચ મૃત્યુ મુલત્વી રાખવું પડે! એમની હૈયા સૂઝ કમાલની! મરનારના ઘરવાળા લાગણીશીલ થઈ ને તથા લોકલાજને લીધે મરણ પાછળ ખોટા ખર્ચ કરતા હોય, તો તરત જ અટકાવે. તેમને જેવી ખબર પડે કે છેલ્લી મિનિટે કોઈકને રિકસામાં કે સ્કુટર પર કંઈક લેવા દોડાવે છે, તો તરત જ તેને અટકાવશે, અને પૂછશે, 'ક્યાં જાય છે?' 'શું લેવા જાય છે?' અને પછી કહેશે, 'તેની કંઈજ જરૂર નથી.' 'શા માટે ખોટા પૈસા ખર્ચો છો?' 'તેની જગ્યાએ આ હશે તો ચાલશે', એમ કહીને રોકે અને સાચી સલાહ આપે. નનામી બાંધવામાં પણ એટલા જ પાવરધા! જ્ઞાતિના હેન્ડી મેન! એ કળા તેમના પાસેથી શીખવા જેવી ખરી!

(જો કે હવે બહુ મોડું થઈ ગયું છે, તે તો આ લેખ વાંચ્યા પછી જ તમને ખબર પડશે!) મૃત્યની અતિથી અંત સુધીની વિધિમાં તે હોશિયાર! મરનારના ઘરવાળાંને દિલાસો આપવામાં પણ તેમનાથી કોઈ ચડે નહીં! દરેક કુટુંબ માટે કસ્ટમરાઈઝ્ડ દિલાસો! એકાએક ઉપડી ગયા હોય તેમના માટે જુદો. લાંબી માંદગી ભોગવ્યા પછી ગયા હોય તેમના માટે જુદો. ઉંમર થઈને ઉપડયા હોય તેમનો ય વળી જુદો. પાછળ કંઈ મૂકતા ગયા છે કે કેમ તેનો જુદો. અકસ્માતમાં ગયા તેનો જુદો! બધા જ અલગ દિલાસાના પેકેજ તેમની પાસે! ... તો મહેશ હજુ ફોન પર વાક્ય પૂરું કરે કે .. 'સ્મશાન જવાનું છે ..', એ પહેલાં જ અધવચ્ચેથી અટકાવીને બાપુજી બોલ્યા : '.. રસિકકાકાને ફોન કર્યો?'

'રસિકકાકા જ ગયા બાપુજી!' સામેથી મહેશે જવાબ આપ્યો!

e.mail : mahendraaruna1@gmail.com




**તમને મળવા આવેલા. ક્યારના તમારી રાહ જોઈને જ બેઠા હતા. તેમનો ટાઈમ નો'તો જતો, એટલે મેં તો ભોળાભાવે તેમને કાર્ટૂન-બુક વાંચવા આપી. મને શું ખબર કે તેમને હસવાની એલરજી હશે ?**

- છ -

## ઝીપ કોડ

• હંસા જાની

2005ના એપ્રિલમાં મારા હસબંડે અને મેં નક્કી કર્યું કે આ વર્ષે વેકેશનમાં રોમ, ઇટાલી ફરવા જવું. પેરિસ તો જોયેલું હતું એટલે ટિકિટો બુક કરાવવાનું કામ મેં શરૂ કરી દીધું.

ઇટાલિયન એર લાઈન્સને ફોન જોડયો. એર લાઈન્સનો જે એજન્ટ હતો, એને મેં મારો પ્રોગ્રામ બતાવ્યો. ન્યુ જર્સીથી રોમ સુધીની બે ટિકિટોની વાતચીત શરૂ કરી. ટિકિટના ભાવ પણ તેણે સારા આપ્યા, અને પછી મારી વિગતે બધી પૂછતાછ શરૂ કરી.

'તમારું નામ શું?' 'તમારા હસબંડનું નામ શું?' 'તમારી બર્થ-ડેટ કઈ?' 'તમારા હસબંડની બર્થ-ડેટ કઈ?' 'તમારું એડ્રેસ શું છે?' મેં સામા એના પ્રશ્નોની વિગતો આપવા માંડી. પછી પૂછે, 'તમારો ઝીપ કોડ નંબર શું છે?' મેં તે ય જણાવ્યો, 'અમારો ઝીપ કોડ નંબર 08620 છે.' એણે એ નંબરને બે વાર દોહરાવ્યો. અને તે મને કહે કે 'આ નંબર તો હેમિલ્ટન ટાઉનશિપનો છે. તમે હેમિલ્ટન ટાઉનશિપમાં રહો છો?' મેં હા પાડી, કહ્યું, 'અમે હેમિલ્ટન ટાઉનશિપમાં જ રહીએ છીએ.' અને એ હસવા માંડયો. અને ખૂબ ખુશ થઈ ગયો. એટલે મેં એને પૂછ્યું, 'તમે કેમ આટલા બધા ખુશ થઇ ગયા?' તો તેણે કહ્યું 'એ તો મારું પણ ટાઉન હતું. હું હેમિલ્ટન સ્ક્વેરમાં રહેતો હતો.' 'ખરેખર? શું તમે અહીં રહેતા હતા? ... અરે, વાહ !' મેં એનું નામ પૂછયું. એણે જવાબ વાળ્યો, 'એરિક'.

એરિકે સવાલો પૂછવાના ચાલુ જ રાખ્યા. પછી મને પૂછે, 'તારી સ્ટ્રીટનું નામ શું?' મેં જવાબ આપ્યો, '4, Pleasant Drive. Yardville.' તેણે લાગલા મને કહ્યું, 'તારું એડ્રેસ જોતાં લાગે છે કે ત્યાં એક બેઝ-બૉલ ફિલ્ડ હોવું જોઈએ.' મેં હા પાડી. 'અહીં 'સની બ્રે' બેઝ-બૉલ ફિલ્ડ હજુ ય છે.' તે તરત જ બોલ્યો, 'તો પછી ત્યાં લિટલ લીગની ગેમ હજુ રમાતી જ હશે.' મેં કહ્યું, 'તમારી વાત ખરી છે, ત્યાં બેઝ-બૉલ હજુ રમાય છે.' અને ત્યાર પછી તે બોલતો જ રહ્યો, 'હું નાનો હતો ત્યારે મારી મોમ અને બહેન સાથે રમવા આવતો હતો.'

હું તેની સાથે વાતો કરતી હતી. તો તેના અવાજમાં એટલો બધો આનંદ છવાઈ ગયેલો લાગતો હતો. તેને તો એવું જ લાગતું કે હું તેની સામે જ બેસીને

વાતો કરું છું. તેણે એનો ભૂતકાળ આંખ સામે લાવી દીધો. એરિક વાત કરતો ગયો અને કહેતો રહ્યો : 'તે બેઝ-બૉલ ફિલ્ડમાં જતાં પહેલાં કોર્નરના ઘરના આંગણાંમાં બે જ માણસો બેસી શકે એવી નાની, લોખંડની, કલાત્મક એક બેંચ હતી. તે શું હજી ત્યાં છે?' મેં કહ્યું, '1985માં અમે એ જ ઘર ખરીદ્યું છે.' એ સાભળીને તે ખુશ થઈ ગયો, અને બોલ્યો : 'તને કહું? એ ઘરમાં એક લવલી ઑલ્ડ લેડી રહેતી હતી. અને આવતાં જતાં દરેક બાળકોને કેંડી - પિપરમીંટ આપતી હતી. હેલોવીનને દિવસે અમે 'ટિક ઓર ટ્રિક' માટે જતાં ત્યારે એ ખોબો ભરીભરીને કેંડી આપતી હતી.'

મેં કહ્યું, 'હું પણ એમ જ કરું છું. નાના બાળકોને કેન્ડી આપું છું.' તો તે ખૂબ હસ્યો અને પછી કહે, 'એ ઑલ્ડ લેડી પાસેથી જ્યારે તેં એ ઘર લીધું હશે ત્યારે અહીંનો રિવાજ પણ કહેતી ગઈ હશે, કેમ ને!' હું બોલી, 'એવું જ કાંઇક. પણ દરેક સ્ત્રીનું હ્રદય ભગવાને કાંઇક એક સરખું જ બનાવ્યું હોય છે. કે બાળકને જોઈને કેંડી કે રમકડાં આપી દેવાનું મન તેને થઇ જ જાય. બાળક સાથે ગાળેલી એ બે મિનિટ અને બાળકનું હાસ્ય એ અમારો ખજાનો બની જાય છે. યાદગાર બની જાય છે.જો તને પણ એ લેડી અને રેડ પિપરમીંટ રોમમાં બેઠા બેઠા યાદ આવે છે ને!'

એરિકે કહ્યું, 'ટ્રાઇસિકલ ચલાવતાં ત્યાં શીખ્યો. પછી બાઇક આવી તે પણ તે જ મેદાનમાં શીખ્યો. પછી કારની પ્રેક્ટીસ પણ ત્યાં જ કરી.'

એરિકની વાતો જાણે કે ખૂટે એમ જ નહોતી. એરિકે પૂછ્યું, 'ત્યાં સાઉથ બ્રૉડ સ્ટ્રીટ પર નાનું એપૉલો થિયેટર હતું. તે હજી છે?' મેં કહ્યું ના, તે તો તોડી નાખ્યું છે અને ત્યાં મોટો મૉલ થયો છે. તને આ બધું હજી યાદ છે?' તે બોલ્યો, 'મારી એક ગર્લ ફ્રેંડ હતી. ખૂબ જ બ્યુટિફૂલ હતી. તેની આંખો ઓશિયન બ્લુ હતી, બ્લૉન્ડ હેર હતા. સરસ સ્માઇલ એના હોઠ અને ફેઇસને શણગારતા હતા. એના ગાલે ડિમ્પલ પડતાં. તે તો ખૂબ જ સરસ લાગતા હતાં.' મેં પૂછ્યું, 'તેનું નામ શું હતું?' એરિકે નોસ્ટાલજિક બનતા બનતા જવાબ આપ્યો, 'ગ્લોરિયા. હું અને ગ્લોરિયા દરેક શુક્રવારે કે શનિવારે, એપૉલો થિયેટરમાં પિક્ચર જોવા જતાં. અને આજે જ્યારે આ વાત કરું છું ત્યારે થિયેટરના એ પોપકોર્નની સુગંધ મને આજની મિનિટે અહીં રોમમાં આવે છે !'

'અરે ! પેલા હેમિલ્ટન સ્ક્વેર રોડ ઉપર પેલી સ્ટાઇનર્ટ સ્કૂલ છે? એ સ્કૂલમાંથી હાઇ સ્કૂલ ગ્રેજ્યુએટ થયો હતો.' તે સ્કૂલના વખાણ કરતાં થાકે તેમ નહતો. 'તે સ્કૂલમાંથી ગ્રેજ્યુએટ થાવ એ તો ગૌરવ કહેવાય.' મને પાછું પૂછ્યું, 'એ સ્કૂલ પાસે નાનો ગાર્ડન હતો. તેના એક છેડે લેઇક હતું અને સરસ ગઝેબો હતો. હું અને ગ્લોરિયા ત્યાં ઘણીવાર જતાં અને ગઝેબોની બેંચ પર બેસતાં હતાં.' હું બોલી, 'એરિક, એ ગઝેબો અને બેંચ આજે પણ છે. હું અને મારા હસબંડ ફરવા જઇએ છીએ. અને આરામ કરવા માટે એ બેંચ પર જ બેસીએ છીએ. એ બેંચ ઉપર ઘણાં બધાં પ્રેમીઓનાં નામ લખ્યાં છે. કાલે હું ત્યાં જઇને તારું અને ગ્લોરિયાનું નામ લખી દઉં કે?'

એરિક હસવા માંડ્યો.

તેણે પ્રિન્સ્ટન યુનિવર્સિટી, ટ્રેંટન સ્ટેટ કોલેજ, ડેલાવેર રીવરની, ઘણી બધી વાતો કરી. તે ભૂતકાળમાં ડોકિયું કરતાં કરતાં ખોવાઈ રહ્યો હતો. 'અરે! હંસા, પેલી ડેરી ક્વીન આઇસ ક્રીમની દુકાન તો બહુ જ યાદ આવે છે. હું અને ગ્લોરિયા કાયમ ત્યાં જતાં. કેટલીય સાંજ ગ્લોરિયા સાથે, સની બ્રે ફિલ્ડમાં, મારી કારમાં મેં વિતાવી છે.' તે મને વારંવાર કહેતો રહ્યો, 'હંસા, તેં તો મને મારું વતન યાદ કરાવી દીધું. પંદરવીસ વરસથી હું ઇટાલીમાં રહું છું ઘણીવાર અમેરિકા ખૂબ જ યાદ આવે છે. હું મારા મિત્રો, મારા ટીચર્સ, મારા પ્રોફેસર્સ, એ બધું જ હું ઘણું મિસ કરું છું. હું અને ગ્લોરિયા કોલેજમાંથી જુદા પડી ગયાં. એ યુ.સી.એલ.એ.માં ભણવા જતી રહી. પણ આજે તારી સાથે વાતો કરવાથી મને જુની વાતો તાજી થઇ. મને આનંદ એ વાતનો થયો કે મને મારા દેશનું કોઇ મળ્યું. વાતો કરી, તેથી મને સારું લાગ્યું.'

મેં મારી જાતને તેની સામેના પલ્લામાં મુકી. ઇંડિયાની કોઇક જો થોડી જ વાતો કરે તો મને કેટલું સારું લાગે છે. એવું એરિકને લાગતું હશે. મોડું થતું હતું અને હું થાકેલી હતી. આથી મેં કહ્યું, 'એરિક, હું સૂઇ જાઉં છું. અમેરિકામાં પણ સપનાં ઇંડિયાના આવે છે. હું તારી વાત સમજી શકું છું.'

વતનનો ઝૂરાપો દરેકને થાય છે. એ જાતિ,ધર્મ,કે રંગ એ બધાંને દિલની વાતો આવરી લે છે. એરિકે ઘણી બધી વાતો કર્યા પછી કહ્યું,'તેં મને એટલો બધો આનંદિત કરી દીધો છે. તો હું તારા માટે શું કરું?' મેં ય કહ્યું, 'તું જ્યારે પણ અમેરિકા આવે, તો મારે ત્યાં જરૂર આવજે. મને પણ ખૂબ જ આનંદ થયો છે. મારા ગામને જાણતો કોઈ માણસ માઇલો દૂર બેઠો છે.'

એરિકે મારી ટ્રીપ માટે ગુડ લક કહ્યા. ફરી વાર મેં કહ્યું, 'મારો ઝીપ કોડ યાદ રાખજે. અને મારે ઘેર આવજે.' અમે બન્નેએ ફોન મૂકી દીધા.

રોમની સરસ રીતે ટ્રીપ પણ પતી ગઇ. ચાર વરસ વીતી ગયા. એરિકની વાતો પણ હું ભૂલી ગઇ. ૨જી જૂન 2009ની સાંજે, પાંચ વાગે, હું અને મારા હસબન્ડ ચ્હા પીને પેપર વાંચતા હતાં. ઘરનાં બારણાં બંધ હતા. અને અચાનક ડૉર બેલ વાગ્યો. બારણાં સુધી જાઉં, તે પહેલાં, બારણે ટકોરા વાગ્યા. મેં બારણું ખોલ્યું. તો એક વ્હાઇટમેન, ખૂબ જ સરસ પર્સનાલિટી પડે તેવો, આધેડ વયનો માણસ, હાથમાં બોક્સ લઇને ઊભો હતો. મેં પૂછ્યું, 'May I help you?'

તેણે કહ્યું, 'Is your zip code number 08620?' એક સેકંડ તો મને આંચકો લાગ્યો. અને તેથી તરત જ તેણે પૂછી કાઢ્યું : '3rd June is your birth day. Right? then this chocolate is for you.'

અને તરત મને એની બોલવાની સ્ટાઇલ અને અવાજ યાદ આવી ગયા. મેં પૂછ્યું, 'Are you Eric from Rome?' એ હસી પડ્યો. મેં એને ઘરમાં બોલાવ્યો. એ મને ભેટ્યો. એરિકની મારા હસબંડ જોડે ઓળખાણ કરાવી. એરિકને એની જોડે વાત કરવાની મઝા જ આવી. કૉફી, કેક, બિસ્કીટ્સ અને શેમ્પેઇનથી અમે તેની આગતાસ્વાગતા કરી.

મેં એરિકને કહ્યું, 'ચાલ તારું બાળપણ બતાવું.' તે ખુરસીમાંથી કૂદકો મારીને બહાર આવ્યો. પેટિયોમાં ઊભા રહીને બેઝ-બૉલ ફિલ્ડને તાકી તાકીને જોવા લાગ્યો. 'ચાલ તને જોવા લઇ જાઉં.' તેણે મને પૂછ્યું, 'તું મને ગ્લોરિયાના ઘરે લઇ જઇશ?' મેં કહ્યું, 'ક્યાં રહે છે?' તે કહે : 'મને થોડોક ખ્યાલ છે. કદાચ તે ઓક્સફર્ડ સ્ટ્રીટ પર છે.' મેં પૂછ્યું,'હાઉસ નંબર?' તો કહે, 'મને યાદ નથી. તું મને એ સ્ટ્રીટ પર લઇ જઇશ તો મને ઘર અચૂક યાદ આવશે. કોર્નરનું છેલ્લું ઘર હતું.' અમે બેઝ-બૉલ ફિલ્ડમાં ફરીને કારમાં ગોઠવાઇ ગયાં. ગ્લોરિયાના ઘર તરફ કાર ચલાવવા માંડી. ઓક્સફર્ડ સ્ટ્રીટમાં આવ્યાં. અને દરેક ઘર પાસે ધીરેથી કાર ચલાવી. અને છેવટે છેલ્લા ઘર પાસે આવ્યાં તો એરિક બોલ્યો, 'આ જ ઘર છે. હું એકવાર આવ્યો હતો. તે વખતે ઉપરનો માળ નહોતો. અમે કારમાંથી ઊતર્યાં. પગથિયાં ચઢીને એ ઘરનો ડૉરબેલ એરિકે દબાવ્યો. થોડી વારે એક વૃધ્ધ પુરુષ બહાર આવ્યો. એરિકે જ વાત માંડી, 'આ ઘરમાં ઘણાં વરસો પહેલાં ગ્લોરિયા અને એની મા રહેતાં હતાં, તે ક્યાં છે ખબર છે? હું ગ્લોરિયાને મળવા ઇચ્છું છું.' એ માણસે જવાબ આપ્યો. 'અમે આ ઘર ગ્લોરિયાની મા પાસેથી જ ખરીદ્યું છે. તે અમારાં દૂરનાં રિલેટીવ્સ થાય છે. ગ્લોરિયા અને તેની મા કાયમ માટે રોમ જતાં રહ્યાં છે. મને ખબર નથી કે તે રોમમાં ક્યાં છે?' અમે તેમને થેંક્સ કહી, પગથિયાં ઊતરીને નીચે આવ્યાં. એરિક ક્ષણભર ઉદાસ ચહેરે ઊભો રહ્યો. અને સ્મિત સાથે મારા તરફ જોઇને બોલ્યો,'તે રોમમાં મને તો શોધતી નહીં હોય !'

[4 Pleasant Drive, Yardville.NJ 08620, U.S.A.]

**- સાત -**

## અચાનક

• 'જિગર' નબીપુરી

ફોનનું રિસીવર ક્રેડલ પર, ધડાક દઈ મૂકી, માસ્તર સાહેબ મારા તરફ ક્રોધની દૃષ્ટિએ જોઈ બોલ્યાં : 'તમે પણ કેવા માણસ છો? મારા રૂમનો દરવાજો ખખડાવ્યો તે પહેલાં એ નાલાયકને કહી દેવું હતું ને કે બધા ઊંઘે છે.' હું કંઈ જવાબ આપું તે પહેલાં જ, સેકન્ડના દસમાં ભાગમાં, મારા ચહેરા પર જે કંઈ વાંચી શકાતું હોય એ રીતે નજર કરી રૂમમાં આજુબાજુ જોઈ ઉમેર્યું, 'આમાં તમારોયે વાંક નથી વિનય, એ સાલાએ જ વિચારવું જોઈએ કે અડધી રાતે ફોન ન થાય.'

માસ્તર સાહેબ ચારેક મહિના પહેલાં જ મકાનના પહેલા માળે રહેવા આવેલા. એટલે હું એટલું જ જાણતો હતો કે, તેઓ શિક્ષકની નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ ઇંગ્લાંડ આવ્યા હતા. શિક્ષક એટલે વ્યાખ્યાનનો કોઈક વિષય મળવો જોઈએ. ફોનના કારણ એમની ઊંઘ બગડી ગઈ હતી, જેથી એમનો ગુસ્સો મારા ફાળે આવે એ સ્વીકાર્યું હતું. ન બોલવામાં નવ ગુણ સમજી, હું ચુપ રહ્યો, પરિણામે ઊંઘ વિષય પર જ એમણે વ્યાખ્યાન દઈ દીધું.

હિલોળાં જેમ વ્યાખ્યાન સાંભળતાં સાંભળતાં નિદ્રાદેવીને મારા પર પ્રસન્ન થતાં વાર ન લાગી અને સ્વપ્ન પણ જાણે મારી રાહ જોઈ રહ્યું હતું. જોઉં છું કે 'હું એક ઝાડ પરથી ફળ તોડીને ભેગા કરું છું. બીજાં પણ કેટલાંક જણ આવીને એ ઝાડ પરથી ફળ તોડે છે. એ જોઈ વાડીનો રખેવાળ આવી અમને કહે છે : 'નીચે ઊતરો, આ તમારા બાપુજીની વાડી નથી.' અમને ધમકાવે છે. હું જાગી જાઉં છું. જોઉં છું તો મકાનમાલિક મારા પલંગ પાસે ઊભો છે. કહે : 'આખી રાત તમે ખૂબ શોરબકોર કર્યો. મારી ઊંઘ ખરાબ કરી દીધી. આ પહેલાં પણ ઘણીવાર મેં તમને ચેતવ્યા હતા, તેનીયે તમને અસર થઈ નથી. હશે તમે લોકો બીજે ક્યાંક રહેવાનો બંદોબસ્ત કરી લો. નહિતર તમને ખબર છે ને?'

મકાનમાલિકની આ ધમકીથી મારી ઊંઘ ઉડી ગઈ, કારણ કે આ દેશમાં હું ગેરકાયદેસર રીતે રહેતો હતો. મારા વિશે મકાનમાલિકને ખબર હોય કે ન હોય, એની મને ખબર નથી, પરંતુ માસ્તરસાહેબ અને એમના સાથી બાબુભાઈનું આ દેશમાં ગેરકાયદેસર રીતે રહેવાનું મકાનમાલિક જાણતો હતો. મેં મારી રીતે મકાનમાલિકને સમજાવવાનો પ્રયત્ન કરી જોયો કે, અમે અમારી સગવડે બીજે ચાલી જઈશું અને મકાન ભાડાના પૈસા પણ ચૂકવીને જઈશું. પરંતુ ઓચિંતા અમને મકાન ખાલી કરવાની ફરજ ના પાડે, આ બાબતે મકાનમાલિકે મૌન સેવ્યું, એટલે મને અકળામણ અને ખેંચતાણ જેવું લાગ્યું. એ પછી કોણ જાણે કેમ મને વિચાર આવ્યો કે, હવે મારે આ દેશમાં રહેવું નથી એટલે મેં મારા મોટાભાઈ જે દેશમાં એક સરકારી ખાતામાં ઉચ્ચ અધિકારી તરીકે નોકરી કરતા હતા તેમને ફોન કરી જણાવી દીધું કે 'હવે મને આ દેશમાં રહેવું નથી શક્ય હોય તો ત્યાં મારા માટે કોઈ શિક્ષક માટેની નોકરીનો બંદોબસ્ત કરે. ગમે તે ઘડીએ હું ત્યાં ચાલ્યો આવીશ.'

મકાનમાલિકે આપેલી નોટિસને કારણે માસ્તર સાહેબ અને એમના સાથી મને જણાવ્યા વિના બે જ અઠવાડિયામાં ત્યાંથી ચાલી ગયા, પણ હું હજી ત્યાં જ રહેતો હતો.

આમ તો હું આ દેશમાં સાત વરસથી, લગાતાર, એક જ જગ્યાએ ક્લોથીંગ વેરહાઉસમાં કામ કરતો હતો, જેની, બોસે મને ચાવી આપેલી એટલે ખોલવાનું, બંધ કરવાનું અને બીજું મેનેજમેન્ટનું કામ પણ મારા શિરે રહેતું. બોસ દર બે અઠવાડિયે આંટો મારી જતો. વેજીસ પણ અકાઉન્ટ મારફતે, દર અઠવાડિયે, રેગ્યુલર મળી જતું. એટલે કામદારોને એ રીતે સંતોષ હતો, તેમ મને પણ.

હવે નવી સલામત જગ્યા શોધવાની અને તે પણ એટલું સહેલું નહોતું. માથા પર આ નવી ઉપાધિ આવી એટલે સ્વાભાવિક છે કે માસ્તર સાહેબ યાદ આવે. તેઓ કહેતા કે ફિકર ચિંતા હોય તો પણ ઊંઘ ના આવે. આ ફિકર ચિંતા પણ એ જ વરદાનમાં મૂકીને ગયા છે. મધ્યરાત્રીનું એમનું વ્યાખ્યાન ......... ! તે પછીની જ આ પનોતી છે. હતાશા અને નિરાશામાં ઝઝૂમવાનો જાણે મારો વખત આવી ગયો છે.

અને બન્યું પણ એવું જ. એક સવારના વેરહાઉસ ખોલ્યાના બે કલાક બાદ વેપારી જેવી બે વ્યક્તિઓ આવી. ઑફિસમાં બેસી બિઝનેસને લગતી કેટલીક વાતો તેમણે કરી. પછી કેટલીક અંગત બાબતો ય તેમણે પૂછી. I.D. બતાવ્યા તો જાણ્યું કે સરકાર માબાપના માણસો છે. મને તેમની સાથે જવા કહ્યું. વેરહાઉસના એક સિનિયરને ચાવી સોંપી, હું એ સરકાર માબાપના મિસ્ટર A અને મિસ્ટર B માણસોની સાથે રહેઠાણે ગયો. ત્યાં જઈ, પાસપોર્ટ અને બીજા ડૉક્યુમેન્ટ બતાવ્યા, જે તેઓએ પોતાના કબજામાં લઈ લીધા. તે વેળાએ મકાનમાલિકે જાણ્યું કે હું ગેરકાયદેસર આ દેશમાં રહું છું. મને દૂર ઊભો રાખી મિસ્ટર Aએ મકાનમાલિકને કેટલીક વાતો પૂછી. અને પછી કોન્ટેક્ટ ટેલિફોન નંબર આપી, તેઓ મને ક્યાં લઈ જાય છે, તે વિશે તેમને માહિતગાર પણ કર્યા.

હવે મારે નવા અનુભવોનો સામનો કરવાનો હતો. મારા માટે આ કપરી વાસ્તવિકતા હતી. માનવ સ્વભાવ મુજબ દરેક જણ પોતાની મતિ પ્રમાણે અનેક જાતના તર્ક વિતર્કો કરે જ. આ બધા વિધિના ખેલ છે! તે દિવસે મેં મકાનમાલિકને મનમાં ને મનમાં પેટ ભરીને ગાળો દીધી. એણે મકાન છોડવાનું કહ્યું ન હોત અને માસ્તર સાહેબ તથા બાબુભાઈ બીજે રહેવા ગયા ન હોત. આ જે થયું તે પણ ન થાત !

તે સાંજે આઠ કલાકની પૂછપરછ પછી મિસ્ટર A અને મિસ્ટર B મને ઘરે છોડી ગયા. છતાં એ તો નક્કી જ હતું કે તેઓ મને ગમે ત્યારે, દેશ ભેગો કરી દેશે. પરંતુ ગેરકાયદેસર રીતે આ દેશમાં રહીને કામ કરવાના લટકામાં કોઈ સજા તો કરશે જ. ભોગવવાનું તો મારે જ છે. જોઉં છું શું થાય છે? આ વાત હવે છૂપી રહી નહોતી. એટલે ઘેર જઈ મકાનમાલિક સાથે સલાહ મસલત કરી તો તેમણે કહ્યું, 'આ બધું સરકાર મા-બાપના હાથમાં છે, તેમનો ચુકાદો આવે ત્યાં સુધી રાહ જોવી યોગ્ય છે. છતાંયે કામ પર આવતાં જતાં સાવચેતી રાખજે. બીજી એક વાતનોયે ખુલાસો કરી દઉં કે, આ જે કાંઈ બન્યું છે તે બાબતમાં હું બિલકુલ નિર્દોષ છું આ એક ટ્રેજેડી છે. આવું બને એવું વિચાર્યુંયે નહોતું.'

બે અઠવાડિયા બાદ ફરીથી મિસ્ટર A અને મિસ્ટર B આવીને મને લઈ ગયા. જ્યાં હેડક્વાર્ટર પર એક ઓરડામાં બેસાડી કેટલાક જણને મારી રૂબરૂ લાવી પૂછ્યું કે તે બધામાંથી હું કેટલા જણને ઓળખું છું અને તેમાંથી કેટલા જણા મને જાણે છે? માસ્તર સાહેબ અને બાબુભાઈ સિવાય હું કોઈને જાણતો નહોતો એટલે તે સિવાયના તેમના બધા સવાલોના મેં નકારાત્મક જવાબ આપ્યા. તે સાંજના મિસ્ટર A અને મિસ્ટર B મને ઘેર મૂકી ગયા.

બધાને ત્યાં રોકી રાખ્યા છે અને હું હજી છૂટો ફરું છું તે વિચાર મારા દિમાગમાં ઘૂમરાતો હતો. ચિંતા મને પજવતી હતી. તે પછી ફરી એકવાર સાંજના મને ઘરેથી લઈ જઈ હેડક્વાર્ટર પર રાતવાસો કરાવી, બીજે દિવસે લંડન બહાર એક કાઉન્ટી કોર્ટમાં હાજર કર્યો. જ્યાં બીજા કોઈ દેશનો માણસ જેણે કેસ ઊભો કર્યો હતો, તેણે મારી ઓળખમાં કહ્યું કે, જે માણસને દેશની સરકાર શોધે છે તે હું નથી. અને બીજાં જે લોકોને ત્યાં લાવવામાં આવ્યા હતાં જેમાં માસ્તર સાહેબ અને બાબુભાઈ હતા, તે બધાંના પાસપોર્ટ બનાવટી હતા. અને બધા તે દેશના નાગરિક પણ નહોતા; તે કારણે તે દેશની સરકાર તેમની જવાબદારી લેતી નથી. બધા એવિડન્સના આધારે જજમેન્ટ એ આવ્યું કે જે લોકોને ત્યાં હાજર કરવામાં આવેલા તે બધાએ ખોટા પાસપોર્ટ પર આ દેશમાં ઘૂસણખોરી કરી છે, એટલે તેઓને તેમની જન્મભૂમિ કે ઓરિજીનલી જ્યાંથી આવ્યા હોય, તે દેશની એમ્બેસી પાસે ડોક્યુમેન્ટ તૈયાર કરાવી, તે દેશમાં મોકલી દેવામાં આવે.

કેસ પૂરો થતાં અટકાયતી ગેરવસાહતીઓને એક વેનમાં તેમના ઠેકાણે ડિટેન્શન હોમમાં લઈ જવામાં આવ્યા; અને મને ઘેર મૂકી ગયા. તેમને કહેવામાં આવ્યું કે તેઓ તેમના સગાસંબંધીને મુલાકાતે બોલાવી શકે છે. આ દરમ્યાન જેમ જેમ ડોક્યુમેન્ટસ તૈયાર થતા ગયા, તેમ તેમ તે દરેકને તેમના તેમના દેશ ભેગા કરી દીધા; પણ મારા માથા પર તો હજી તલવાર લટકતી હતી.

રવિવારની એક સવારે મકાનની ડોરબેલનો રણકાર સાંભળી મેં દરવાજો ઉઘાડ્યો તો મિસ્ટર A અને મિસ્ટર Bને જોઈ મારા દિલમાં ધ્રાસકો પડ્યો કે, નક્કી હવે કોઈ નવું લફરું આવી ઊભું છે. મેં તેમને અભિવાદન કર્યાં. તેઓને મેં ડ્રોઈંગરૂમમાં ય બેસાડ્યા. મિસ્ટર Aએ બ્રિફકેશમાંથી કેટલાક ડોક્યુમેન્ટ કાઢી ટેબલ પર મૂક્યા. સૌ પ્રથમ એક પાસપોર્ટ કાઢી મને પૂછ્યું, 'જુઓ, આ પાસપોર્ટ તમારો છે?' તે પાસપોર્ટ જોઈ હું ભારે ચોંકી ઊઠ્યો, મેં કહ્યું, 'મારો પાસપોર્ટ તો ભારતીય છે અને આ તો કોઈ બીજા દેશનો છે.' મિસ્ટર A પૂછે : 'એને બરાબર જુઓ અને યાદ કરો.'

મેં કહ્યું : 'આ પાસપોર્ટ તો હું આજે પહેલી જ વાર જોઉં છું. એ મારો નથી જ. મારો પાસપોર્ટતો ભારતીય છે અને ટિકિટ સહિત બીજા ડોક્યુમેન્ટ પણ

ભારતના જ છે. જ્યારે આ પાસપોર્ટ! તે પણ મારા નામનો અને મારા ફોટા સંગાથે ! નવાઈ જેવી વાત છે! હું સાચું કહું છું, એ મારી નથી!'

મિસ્ટર B કહે : 'મિસ્ટર પટેલ એ પાસપોર્ટ પરથી જ તમારો ઈન્સ્યુરન્સ કાર્ડ, ટેક્સ કાર્ડ અને ડૉક્ટરી કાર્ડ બનાવવામાં આવ્યા છે, તે જુઓ.'

મેં કહ્યું : 'એ પાસપોર્ટ સિવાયના ડૉક્યુમેન્ટ મારા જ છે. હું ભારતથી આ દેશમાં ફરવા માટે આવ્યો અને રહી પડ્યો. એ મારો ગુનો મને કબૂલ છે. અને એટલે જ મારા વતન હું પાછો જવા ઈચ્છું છું.'

મિસ્ટર A કહે : 'મિસ્ટર પટેલ, એ પાસપોર્ટ તો બરાબર જુઓ.'

મેં પાસપોર્ટ બરાબર જોયો, તપાસ્યો; પણ કાંઈ સમજાયું નહીં. ત્યારે આખી વાત સમજાવતાં મિસ્ટર B કહે, 'તમારા ફોટા સિવાય આ આખો પાસપોર્ટ બનાવટી છે. તેના પર જો તમારી ફિંગર પ્રિન્ટ હોત અથવા એના પર તમે ટ્રાવેલીંગ કર્યું હોત, તો બીજાઓની જેમ તમને દેશ ભેગા કરવાને બદલે જેલના સળિયા પાછળ ધકેલી દેત. કારણ કે આ બોગસ પાસપોર્ટનો માસ્ટર માઈન્ડ ક્રૂક તમારો નામધારી જ છે. અને અમને એની જ શોધ છે અને તમે પણ જો આ દેશમાં કોઈ ક્રાઈમ કર્યો હોય, કોઈ ફંડમાંથી બેનિફિટ લીધું હોય અથવા કામ કરીને ટેક્સ ન ભર્યો હોત, તોયે તમારા પર એ જ કારવાઈ કરત. આજની તારીખે અમારા રેકોર્ડમાં તમારો કોઈ ગુનો નથી. અને તે આધારે હોમ ઑફિસને પણ તમને અહીં રહેવા દેવામાં વાંધો નથી. જેથી તમારા આ ભારતીય પાસપોર્ટ પર હોમ ઑફિસેથી INDEFINITE VISA કરાવી આ દેશમાં કાયદેસર રહી શકો છો.'

ભારતીય પાસપોર્ટ સહિત મારા બધા ડૉક્યુમેન્ટ મારા હવાલે કરી એક કાગળ (રિસીપ્ટ) પર મારી સહી લઈ, 'વીશ યુ ઓલ ધ બેસ્ટ' કહી, મિસ્ટર A અને મિસ્ટર B જવા ઊભા થયા. ત્યારે અનાયાસે, મારા મોઢામાંથી 'થેંક્યુ વેરી મચ, નાવ આઈ એમ ફિલીંગ રિલેક્સ્ડ' શબ્દો સરી પડ્યા. તેઓ હસતા હસતા બહાર નીકળ્યા. ફ્રન્ટ ગાર્ડનના ગેટ સુધી જઈ, બાય-બાય કહી, ગલીના નાકા સુધી તેમની કાર દેખાઈ, ત્યાંસુધી હું વિસ્મય સાથે જોતો રહ્યો.

[3, Shernhall Street, Walthamstow, LONDON E17 3EU, U.K.]
(અક્ષરાંકન સદ્ભાવ : મૈત્રીબહેન શાહ)

**– આઠ –**

## બે અજાણ્યા જણ

• વિનય કવિ

પ્લેટફૉર્મ લગભગ ખાલી હતું, નૉટીંગહમ સ્ટેશને ટ્રેન પણ સમયસર આવી અને 'ઑફ-પીક પિરિયડ' હોવાથી સાવ ખાલી હતી. ફર્સ્ટ ક્લાસના કમ્પાર્ટમેન્ટમાં એ દાખલ થયો અને જોયું તો એના સિવાય કોઈ પેસેન્જર ન હતું. ઘડીભર થયું કે ફર્સ્ટ ક્લાસની ટિકિટના પૈસા ખર્ચવાની જરૂર ન હતી; વળી થયું કે હશે, મારા ખિસ્સામાંથી ક્યાં જાય છે? કંપની ભરપાઈ કરી દેશે.

ટ્રેન ઉપડી અને એલને સવારનું છાપું ખોલ્યું; પણ મન વાંચવામાં ન હતું. અક્ષરોની જગ્યાએ લીસાનો ચહેરો દેખાતો હતો અને પેલું ધૃણાત્મક દૃશ્ય. એણે આંખ મીંચી કે જેથી એ દૃશ્ય અદૃશ્ય થઈ જાય, કિંતુ એ તો વધુ સ્પષ્ટપણે દૃષ્ટિ પર ઘૂમવા માંડ્યું. એણે છાપાને પડતું મેલ્યું અને મગજની તંગ નસોને શાંત પાડવા સિગરેટનું પાકીટ કાઢ્યું. ત્યાં સામેના પાટિયા પર નજર ગઈ 'નો સ્મોકીંગ'. એણે ધૂમ્રપાન કર્યું હોત તો ત્યાં કોઈ જોવાવાળું ન હતું; તો ય એની નાગરિક ફરજના ભાને એને રોક્યો. બારી બહાર લીલાંછમ ખેતરો દોડતાં હતાં અને એના મસ્તિષ્કમાં ગૃહસંસારના બનાવો. પ્રેમનો ઊભરો ક્યારે આવે છે! ક્યારે શમી જાય છે? શા માટે? પ્રેમ શું છે? એ સ્થાઈ ભાવ છે કે અસ્થાઈ! પ્રણય કેમ અને ક્યારે બેવફાઈમાં પરિણમે છે? પ્રશ્નો હતા, ઉત્તર ન હતા. વિચારોના ભારથી મગજ ભમવા માંડ્યું. એણે બેગમાંથી પૅનાડૉલની ટેબ્લેટ કાઢી અને મિનરલ વૉટરની બોટલના પાણી સાથે ગળામાં ઉતારી.

લેસ્ટરનું સ્ટેશન આવ્યું; એણે બહાર નજર કરી, પ્લેટફૉર્મ પર બેચાર પ્રવાસીઓ દેખાયા. કમ્પાર્ટમેન્ટની એકલતા અકળાવતી હતી; કોઈ મુસાફર અહીં આવે તો સારું; અને એની ઈચ્છા ફળી. એક જણ એના કમ્પાર્ટમેન્ટમાં દાખલ થયો. ત્રીસેકનો હશે, આછા બ્લુ કલરનો સૂટ પહેર્યો છે, એક હાથમાં બ્રીફકેસ છે, બીજા હાથમાં અમ્બ્રેલા.

ઘણી બેઠકો ખાલી હતી, છતાં એ પાસે આવીને ઊભો અને વિનમ્રતાથી પૂછ્યું, 'પાસેની સીટ ખાલી છે?'

એલને ઉત્તર દીધો, 'જી, એકદમ ખાલી છે, તમે અહીં બેસશો તો મને આનંદ થશે.'

પેલાએ બ્રીફકેસ અને છત્રી બાજુમાં મૂક્યાં અને બેસીને હાથ લંબાવ્યો, 'મારું નામ ડેવીડ.'

'હું છું એલન.' એણે શેકહેન્ડ કરતાં ઉમેર્યું, 'એકલો મૂંઝાતો હતો, હવે તમારી કંપની રહેશે. બાય ધ વે, ક્યાં સુધી જવાના?'

'શેફીલ્ડ જવું છે.' ડેવીડે ટાઈ થોડી ઢીલી કરતાં જણાવ્યું.

'અરે વાહ! હું પણ શેફીલ્ડ જઉં છું; આ તો છેક સુધીનો સંગાથ.' એના સ્વરમાં નિખાલસ ખુશી રણકતી હતી.

'તમારા જેટલો જ આનંદ મને થયો છે.'

ડેવીડે બ્રીફકેસ ઉઘાડી એક અખબાર કાઢ્યું; એલને પણ દૂર મૂકેલું એનું છાપું પાછું ઉપાડ્યું. વાંચવાની જરા ય ઈચ્છા ન હતી; બીજી તરફ ડેવીડના હાથમાં અખબાર હતું, પણ એની નજર તો 'નો સ્મોકીંગ'ના પાટિયા પર ખોડાઈ હતી.

કેટલીક મૌન પળો પછી ડેવીડે પૂછ્યું, 'તમે શું કરો છો તે પૂછી શકું કે?'

'હું દવાની કંપનીમાં ટ્રાવેલીંગ સેલ્સમેન છું; શેફીલ્ડમાં ચારપાંચ ડૉક્ટરોને મળવા જાઉં છું. તમે સેલ્સમેન નથી લાગતા.'

'હું સેલ્સમેન હોઉં તો કંપની દેવાળું જ કાઢે.' એ હસી પડ્યો, 'હું બૅંકમાં ઑફિસર છું ઑડિટર તરીકે; વખતો વખત બ્રાન્ચ ઑફિસોનું ઑડિટીંગ કરવા એક શહેરથી બીજે શહેર ભટકવું પડે છે.'

'યાને કે મારી જેમ તમારે પણ દિવસો પ્રવાસમાં કાઢવાના અને રાતો હોટલોમાં.'

'સાચું કહ્યું તમે; એમાં ય મેરીડ હોઈએ તો ઘરમાં કલહ કંકાસ પેદા થાય છે. તમે પરણેલા છો?'

એલનના ચહેરાની નસો ખેંચાઈ, તે ડેવીડે જોયું, 'સોરી, મારે આ સવાલ નહોતો પૂછવો જોઈતો.'

'ઈટ્સ ઑલરાઈટ. આ તો કામને લીધે ઘણો સમય ઘરથી દૂર કાઢવો પડે તેનાં કેવાં પરિણામ આવે છે, તે જાતે અનુભવ્યું છે; અને એ વ્યથાનાં ચિહ્ન તમે મારા મુખ પર જોઈ લીધાં એટલું જ.'

ડેવીડે છાપું કોરાણે મૂકી સહપ્રવાસીને ખભે હાથ ધરી સહાનુભૂતિપૂર્વક કહ્યું, 'તમારું અને મારું દુઃખ એક સરખાં છે. આપણું પાર્ટનર જો સમજદાર અને સહનશીલ ના હોય તો ઘર યુદ્ધનું મેદાન થઈ જાય.'

'સમજદારી તો દૂર રહી, દોસ્ત, અહીં તો આપણે ટ્રાવેલીંગમાં હોઈએ ત્યારે આપણી ગેરહાજરીનો લાભ ઊઠાવવાની વાત છે.' એ કંઈક આવેશથી બોલ્યો.

'સોરી, હું ના સમજ્યો. વાંધો ન હોય તો મને મિત્ર માની ખુલાસાવાર કહેશો? કહેવત છે ને કે કોઈની સાથે વહેંચવાથી હૈયાનો ભાર અડધો થાય છે.'

એલન ખસીને વધુ નજદીક આવ્યો, 'થેન્ક યુ; મારા મગજ પર બોજ વધી ગયો છે; ભય છે કે બધું અંદર ઢબૂરી રાખીશ તો હૈયું ફાટી જશે. બાબત અંગત છે, પણ તમે જેન્ટલમેન લાગો છો માટે કહું છું.' અને ડેવીડના કાનમાં કહ્યું, 'મારી વાઈફ બેવફા થઈ છે.'

'શું કહો છો? માત્ર શંકા છે કે પછી ........'

'મેં એને રંગે હાથ પકડી છે. એકવાર મુસાફરીમાંથી વહેલો ઘરે આવ્યો તો શું જોઉં છું! અમારા બેડમાં એ એના યાર સાથે સૂતી હતી.' એની આંખોમાંથી અંગારા ઝરતા હતા.

'ઓહ નો! કેટલું ધૃણાત્મક! તમે તમારી જાતને કાબૂમાં નહીં રાખી શક્યા હો.'

'મેં લીસાને બે તમાચા ચોડી દીધા અને એના લવરને લાત મારી તગેડ્યો; ક્રોધ તો એટલો આવ્યો'તો કે બંનેના જાન લઈ લઉં.' હજુ એ દૃશ્ય દૃષ્ટિ સામે તરવરતું હોય તેમ એણે મુઠ્ઠી ઉગામી.

'હું તમારી હાલત સમજી શકું છું.' ડેવીડ દિલસોજીપૂર્વક બોલ્યો.

'નહીં, નહીં સમજી શકો જ્યાં સુધી તમે તમારી પત્નીને અન્ય પુરુષને પડખે નગ્ન દશામાં જોઈ ન હોય! આગ લાગી જાય છે તનબદનમાં. વીતી છે તમારે માથી આવી?'

'મારી વાત થોડી જુદી છે. મારામાં વિશ્વાસ મૂકી તમે દિલ ખોલ્યું છે તો મારે પણ પેટ છૂટી વાત કરવી જોઈએ. મને અમારી ઑફિસની સેક્રેટરી સાથે 'લવ' થયો છે; એ કુંવારી છે, મારી સાથે લગ્ન કરવા તૈયાર છે, પણ હું પરણેલો છું.'

એલને નિશ્વાસ નાખ્યો, 'યાને કે આપણે બંને લગ્નજીવનમાં દુઃખી છીએ. તમને ડિવોર્સનો વિચાર આવે છે?'

'આવે છે, ખૂબ આવે છે, પણ થાય શું?' ડેવીડ હતાશાસહ બોલ્યો, 'મારી વાઈફ વેલરી એ માટે બિલકુલ રાજી નથી. તમે તમારી વાઈફને ડિવોર્સ આપવાના છો?'

એલન ખરેખર ઉશ્કેરાયો, 'ડિવોર્સ આપું! એટલે એને તો પછી ઘી કેળાં. ડિવોર્સ કેટલો મોંઘો પડે? એ મારી અડધી સ્થાવર-જંગમ મિલકત લઈ જાય, ઉપરથી મારા પેન્શનમાં ભાગ પડાવે. મારે જ પૈસે એ પછી જીવનભર રંગરેલીઓ મનાવે; એ કમજાતને એવી તક નહીં આપું.'

શું કહેવું તે ડેવીડને ન સૂઝ્યું; એટલે એણે છાપું ઉપાડ્યું.

કેટલીક ક્ષણો ચૂપ રહ્યા પછી એલને હૈયાવરાળ ઠાલવી, 'કોઈ વિકલ્પ નથી? આવી ઓરતોથી નુકશાન ખમ્યા સિવાય છુટકારો પામવાનો કોઈ તો રસ્તો હોવો જોઈએ.'

ડેવીડે છાપું હેઠું મેલ્યું, 'મારા કેસમાં તો વેલરી ન માને તો સેક્રેટરીને જતી કરવી પડશે; મારી જિંદગી નિરસ તથા અર્થહીન બનવાની.' એના સ્વરમાં તેમ જ એના મુખ પર દયાજનક અસહાયતા સ્પષ્ટ હતી.

એલને ગંભીરતાપૂર્વક પૂછ્યું, 'તમે સાચે જ છૂટવા માંગો છો? જીવનનાં બાકીનાં વરસો તમારી પ્રેમિકાની સોબતમાં કાઢવા ઇચ્છો છો?'

'હા, ઇચ્છા તો છે; પરંતુ એ ફળીભૂત ક્યાંથી થાય? પત્ની છૂટાછેડા માટે તૈયાર નથી, બીજી બાજુ પ્રેમિકા ક્યાં લગી રાહ જોતી રહે? ન ગમે તો ય વેલરી સાથે જીવન ગુજારવું પડશે.'

એલને આંખ મીચકારી પૂછ્યું, 'આલ્ફ્રેડ હીચકોકની ફિલ્મો જોઈ છે?'

વાત કઈ તરફ ઢળે છે તે ન સમજાતાં ડેવીડ બોલ્યો, 'બધી તો નહીં, પણ બેચાર જોઈ છે.'

'સ્ટ્રેન્જર્સ ઑન એ ટ્રેન જોઈ છે?'

'જોઈ છે.' અને અચાનક મગજમાં બત્તી થઈ હોય તેમ ડેવીડ ભડક્યો, 'માય ગોડ, યુ ડોન્ટ મીન..... '

'આઈ સર્ટનલી ડુ; ફિલ્મમાં બે પતિઓ પત્નીનું કાસળ કાઢવા પરસ્પરની સહાય લે છે કે જેથી પોલીસને એમના પર શંકા ન થાય; તે પ્રમાણે આપણે ....'

'તું મશ્કરી તો નથી કરતોને, એલન?' અચંબાથી એની આંખો પહોળી થઈ.

'ખૂન જેવી બાબતમાં મશ્કરી ન ચાલે; આઈ એમ ડેડ સિરિયસ. તારે પત્નીને છોડી લવરને પરણવું છે, મારે વ્યભિચારી વાઈફનો કાંટો કાઢવો છે. તારામાં હિંમત હોય તો આપણે બે સુખી થઈએ તેવો પ્લાન છે.' એલને ડેવીડને ખભે હાથ મૂક્યો.

'પણ .. પણ ખૂન? કેવી રીતે? પકડાઈ જઈએ તો આજીવન કેદ.' ડેવીડની આંખોમાં ભય ચોખ્ખો દેખાતો હતો.

'માય ડિયર ફ્રેન્ડ, મેં એવી અફલાતૂન યોજના વિચારી છે કે જેમાં પકડાઈ જવાનું જોખમ નથી. હું તારી વાઈફને પૂરી કરું, તું મારી વાઈફને ખતમ કરે. હું તારી પત્નીને મારું ત્યારે તું તારી ઑફિસમાં હોય, તું મારી પત્નીનું ખૂન કરે ત્યારે હું મારી ઑફિસમાં હોઉં; આમ હત્યા સમયે આપણે ઘટનાસ્થળે હતા જ નહીં એમ સાબિત કરી શકીશું.'

'ધીરે, જરા ધીરે, દોસ્ત.' ડેવીડની ઉત્સુકતા વધી હતી, છતાં શંકાનો કીડો ખદબદતો હતો, 'તને ખાતરી છે કે આ પ્લાન ફૂલપ્રૂફ છે!'

'મેં પૂરી સાવધાનીથી પ્લાન ગોઠવ્યો છે. એક દિવસે નોટીંગહમમાં મારે ત્યાં તું કામ પતાવે, બીજે દિવસે હું લેસ્ટરમાં તારી વાઈફનો જાન લઉં. પોલીસ માનશે કે આ કોઈ સિરીઅલ કિલરનું કામ છે; એ લોકો ફક્ત એક ગુનેગારને શોધવા પાછળ એમની શક્તિ વાપરશે. આ કામ બે જણનું છે એવી કલ્પના પણ એમને નહીં આવે.'

ડેવીડને પ્લાન ગમવા લાગ્યો, 'હથિયાર શું વાપરીશું?'

'ગન વાપરવાની.' એલને ઠાવકાઈથી કહ્યું.

'ગન લાવવી ક્યાંથી?'

'તું ચિંતા ન કર; જો આ રહી.' કહી એલને પોતાની બેગ જરાક ખોલીને બતાવી.

ડેવીડની આંખો ચાર થઈ ગઈ, 'યાર, તેં તો બધી વ્યવસ્થા કરી રાખી છે; ક્યાંથી મેળવી?'

'ગન અન્ડરવર્લ્ડની છે; એનું પગેરું કોઈને નહીં મળે, વળી વાપરતી વેળા હાથે ગ્લવ્ઝ પહેરવાનાં અને પછી ક્યાંક નદીનાળામાં ફેંકી દેવાની.' એલન કાવતરાની કડીઓ સમજાવતાં બોલ્યો.

'તો પછી બીજું ખૂન છરી-ચાકુથી કરીશું?' ડેવીડને યોજનામાં રસ પડવા માંડ્યો.

'નહીં રે, છરીચાકુથી લોહીના છાંટા કપડાં પર પડે અને આખરે પકડાઈ જવાનો સંભવ: આ ગન તું રાખ, મારી પાસે બીજી ગન છે.' હવે એલને આખી યોજના સમજાવવા માંડી, 'હું બુધવારે નોટીંગહમની ઑફિસમાં હોઈશ ત્યારે તું મારે ઘરે જઈ લીસાને ઠાર કરજે; ગુરુવારે તું લેસ્ટરની ઑફિસમાં રહેજે અને હું તારે ત્યાં જઈ વેલરીનો જાન લઈશ. આ દિવસો અનુકુળ છે તને?'

ડેવીડે હકારમાં ડોકું હલાવ્યું. બંનેએ એકમેકના ઘરનું એડ્રેસ લખી લીધું; કોની પત્ની કયા સમયે ઘરમાં હશે તેની નોંધ લીધી, ઉપરાંત ઘરમાં ઘૂસવા માટે ચાવીની આપલે પતાવી. શેફીલ્ડ સ્ટેશને ટ્રેન પહોંચી જતાં હાથ મિલાવી 'બેસ્ટ ઑફ લક' કહી બંને ઝડપથી પોતપોતાને રસ્તે ગયા.

બુધવારે ડેવીડ યથા સમયે લેસ્ટરથી નીકળી નોટીંગહમ આવ્યો. એલનનું મકાન શોધવામાં કશી મુશ્કેલી ના થઈ. એણે ચાવી વડે બારણું ખોલ્યું અને હોલમાં પગ મૂક્યો, પછી એલનની સૂચના મુજબ હળવે પગલે કીચનમાં આવ્યો. લીસા ટેબલ પાસે બેઠી હતી; આ તરફ એની પૂંઠ હતી. પગરવ સાંભળી એણે મુખ ફેરવ્યું ત્યાં તો ડેવીડની ગોળી એના લમણાની આરપાર થઈ ગઈ; લીસાની અચેતન કાયા ખુરશીમાં ઢળી પડી. એક પળ પણ થોભ્યા વગર ડેવીડ ઘરની બહાર આવ્યો; બારણું ખુલ્લું રહેવા દઈ એણે ચાલતી પકડી. લેસ્ટર પાછાં ફરતાં કોઈના જુવે તેમ ગન અને ચાવી એક નદીમાં પધરાવ્યાં.

કોઈની હત્યા કરવાનો એને માટે આ પહેલો અનુભવ હતો. લેસ્ટર પહોંચ્યો ત્યાં સુધી છાતી જોરથી ધબકતી હતી; પેલું ઘાતકી કૃત્ય તો જાણે ડ્રગની અસર હેઠળ પતાવ્યું હતું. લીસાની આખરી નજરમાં વિસ્મય અને ડરની જે છાયા ઉપસી આવી હતી તે હજુ જાણે આરોપ મૂકતી હોય તેમ લાગ્યું.

સાંજે ડેવીડે ટી.વી. પર નોટીંગહમમાં એક મહિલાના ખૂનના સમાચાર સાંભળ્યા. એલન મગરનાં આંસુ સારતો હતો, વહાલી વાઈફના મોત પર આશ્ચર્ય વ્યકત કરતો હતો, શહેરમાં વધી રહેલ હિંસાને વખોડતો હતો અને પોતાની પ્યારી પત્નીના ખૂનીને જલ્દીથી પકડવા પોલીસતંત્રને અપીલ કરતો હતો. ડેવીડ એલનના અભિનયને એકીટશે જોતો રહ્યો; પત્નીના મૃત્યુથી સંસાર વેરણછેરણ થઈ ગયો હોય તેવો દેખાવ કરવાની એની આવડત ખરેખર દાદને પાત્ર હતી. આવતીકાલે આ પાઠ પોતાને ભજવવાનો છે એ જાણીને ડેવીડ

એલનના હાવભાવ તથા શબ્દોને ધ્યાનથી જોતો-સાંભળતો હતો. ગુરુવાર આવ્યો. ડેવીડે બધો સમય ઑફિસમાં ગાળ્યો; સૌને એની હાજરીનો ખ્યાલ સતત થયા કરે એ રીતે વાતો કરતો રહ્યો, કેટલા ય ટેલીફોન કર્યા, લંચટાણે કંપનીની કેન્ટીનમાં જ મિત્રો સાથે ભોજન લીધું. ટૂંકમાં એ નવથી પાંચ સુધી ઑફિસમાં હતો તેવી 'એલેબાઈ' પૂરવાર કરી શકાય તેવા તમામ નુસખાઓ અપનાવ્યા.

ઑફિસથી નીકળ્યો ત્યારે મગજમાં જાતજાતના વિચારો ઘૂમરાતા હતા, મનમાં વિવિધ ભાવોની ઉથલપાથલ ચાલતી હતી. એલને એનું કામ પતાવ્યું હશે, વેલરીનું પ્રાણપંખેરું ઊડી ગયું હશે, પ્રેયસી સાથે લગ્ન કરવાના માર્ગમાંનો કાંટો દૂર થયો હશે. આજ ટીવીના પ્રોગામમાં અને પોલીસના માણસો સામે દુ:ખશોકનું નાટક સંભાળપૂર્વક નભાવી લઉં એટલે બેડો પાર; આવતી કાલથી થશે નવજીવનનો પ્રારંભ.

ઘરે પહોંચી ડેવીડે ધીમેથી બારણું ખોલ્યું, હોલમાં આવી ત્વરાથી બેઠકખંડમાં નજર દોડાવી; વેલરીની લાશ ત્યાં ન દેખાઈ. હૈયું મક્કમ કરી એણે કિચનમાં પગ મૂક્યો અને નખશિખ ધ્રૂજી ઊઠ્યો.

'આજ તું વહેલો આવી ગયો; કૉફી પીશ?' વેલરીનો અવાજ આવ્યો, એ પરક્યુલેટર પાસે ઊભી હતી.

ડેવીડના પગ ત્યાં જ ખોડાઈ ગયા, મોઢું સીવાઈ ગયું, આંખે અંધારા છવાયાં; થયું કે હમણાં ગબડી પડશે. ઓ માય ગૉડ! વેલરી જીવતી છે, શું થયું? એલને દગો દીધો, એનું કામ મારી પાસે કરાવી લીધું, મને ઉલ્લુ બનાવી ગયો. એ સન ઑફ એ બીચ!

(મુદ્રાંકન સદ્‌ભાવ : મૈત્રીબહેન શાહ)

**(અવસાન પહેલાં, થોડા દિવસ અગાઉ, મોકલેલી લેખકની કદાચ છેલ્લી વાર્તા)**

**- નવ -**

## ઊઠાં

**• જ્યોતીન્દ્ર નિર્મળ**

વીસ વરસ પછી મારે ફરી મોસાળના ગામે જવાનું થયું. ઘરના વેચાણના સોદાની પતાવટ કરવાની હતી.

અગાઉ વીસ વર્ષ પહેલાં નાની બિમાર રહેતી હોવાથી, મા મને લઈ મોસાળ રોકાવા આવી હતી. હું ત્યારે સાત વર્ષનો હતો. એક વર્ષના રોકાણમાં હું લાભશંકર માસ્તરની નિશાળમાં ભણ્યો હતો. નાના એવા ગામમાં એ માત્ર એક નિશાળ હતી. નિશાળ એટલે લાભશંકર માસ્તરના ઘરની ઓશરી. અમે પંદરેક અલગ અલગ ઉંમરનાં વિદ્યાર્થીઓ એક સાથે બેસતાં અને ભણતાં. પાણિયારા તરફના ખૂણે છોકરીઓ બેસતી અને સામેની બાજુએ છોકરાઓ. માસ્તર સ્વભાવે સખત અને ગણિત પાકું કરાવવાના આગ્રહી. ઊઠાં સુધીના ઘડિયા મોઢે કરાવતા. એક વાર માએ મને કરિયાણું લેવા મોકલેલ. વેપારી કાગળ પર હિસાબ જોડે એ પહેલાં મેં મોઢે ગણીને રકમ કહેલ. વેપારીએ પણ માનથી મને પૂછ્યું હતું : 'લાભશંકર માસ્તરનો વિદ્યાર્થી છો ?'

વીસ વરસે પણ ગામ ખાસ બદલાયું ન હતું. એવું જ ધૂળિયું. જૂનાં મકાનો ઝાંખા થઈ ગયેલાં લાગતાં હતાં. હું નદી તરફના રસ્તે લાભશંકરની નિશાળે ગયો. જાણ્યું હતું કે નિશાળ ક્યારની ય બંધ થઈ ગઈ હતી અને માસ્તર પણ નિવૃત્ત થઈ ગયા હતા. માસ્તરના ઘરની ઉઘાડી ડેલીમાં દાખલ થયો. સવસ્તાર અવરજવર વચ્ચે ફળિયામાં ખાટલા પર લાભશંકર માસ્તર બેઠા હતા. હું એમની પાસે જઈ રામ રામ કહી નજીક બેઠો.

'આજકાલના વિદ્યાર્થીઓ ગણિતમાં સાવ કાચા. સરવાળો કરવા હાથમાં કેલ્કુલેટર રાખે. ઘડિયામાં ન સમજે. ઊઠાં કોઈને ન આવડે.' એમની નજર મારી તરફ ન હતી. એકલા એકલા બોલતા હોય, એમ લાગતું હતું. એમનું ધ્યાન મારા તરફ જાય એ રીતે મેં મોટેથી કહ્યું, 'ઊઠાં મને આવડે છે.' 'એમ કે ?' માસ્તરે શંકાથી મારા તરફ જોયું. 'પૂછું કે ?' મેં હા કહી. માસ્તરે પૂછ્યું : 'સાત ઊઠાં કેટલાં ?' 'સાડા ચોવીસ." મેં જવાબ આપ્યો. સોટીએ સોટીએ એમની પાસેથી ઊઠાં ભણ્યો હતો. કેમ ભૂલું ?

'ધત્તારી ! સાવ સાચું.' લાભશંકર હસ્યા. હસતાં હસતાં તાળી લેવા મારા તરફ તેમણે હાથ લંબાવ્યો. 'ખડી સાકરનો ગાંગડો નહીં આપો ?' મેં હાથ લંબાવી તાળી આપવાને બદલે પ્રશ્ન કર્યો. માસ્તર વિદ્યાર્થીના સાચા ઉત્તરથી ખુશ થાય ત્યારે ક્યારેક ઘરના રસોડામાં જઈ સાકર લાવી ઈનામમાં આપતા. મારી સાકરની માંગણી સાંભળી લાભશંકર જરાક ગંભીર થઈ ગયા. 'તું મારો વિદ્યાર્થી છે ? મારી પાસે ભણ્યો છે ? છે ને ?' માસ્તરે મને પૂછ્યું. મેં માથું હલાવી હા ભણી. એમના મુખ પર ફરી આછું સ્મિત આવ્યું. આંખોના ખૂણાં અને પાંપણો ભીની થઈ. બે એમની, અને બે મારી.

[6, The Endeavour, Nunthorpe, MIDDLESEBOROUGH
TS7 0HY, U.K.]

**- દસ -**

## અલવિદા શાકા ઝુલુ

**• કુસુમ પોપટ**

અહીં વિલાયતમાં આવ્યા ત્યારે યુરોપિયનોનાં કૂતરાં પાળવાનો શોખ, તેના પ્રત્યેની કાળજી અને પ્રેમ જોઈને આપણા લોકો કહેતાં કે સુખી થવું હોય તો આ દેશમાં કૂતરાંનો અવતાર લેવો જોઈએ. પોતાનાં બાળકો અને મા-બાપ કરતાં ય એ લોકો પાળેલાં જનાવરની વધારે કાળજી લે છે. જો કે એ સદંતર સાચું નથી. મહાભારતના યુદ્ધ પછી, વિષાદ પામી ધર્મરાજા સ્વર્ગારોહણ માટે પ્રયાણ કરે છે. ત્યારે પોતાના વફાદાર કૂતરાને સાથે લઈ જાય છે. આપણાં ગામડાંઓમાં હજુ ય બહેનો રોટલી કરે ત્યારે પહેલી બે ચાનકી ગાય-કૂતરાંની કરે. એમાં જીવદયાની ભાવના સમાયેલી છે. બાકી ભારતમાં તો શેરીમાં કૂતરાઓ રખડતાં જ હોય છે, જેનું કોઈ ધણી ધોરી ન હોય. સ્વજનો વફાદારી છોડે પણ કૂતરાં ન છોડે. તે એનો મોટામાં મોટો ગુણ છે.

ચૌદ વર્ષ પહેલાંની વાત છે. તે અરસામાં અમે પેરિસ રહેતાં'તાં. મારા પૌત્ર શાલીન, અખિલ અને પૌત્રી પ્રેમાએ માંગણી કરી કે અમારે કૂતરો જોઈએ છે. પુત્રવધૂ ચંદ્રિકાને તેની બીક અને સૂગ. એટલે તેણે ના કહી. બાળકોએ હઠ લીધી કે આ ક્રિસમસમાં અમને ડોગી ભેટ આપો. અમે તેનું બધું કામ સંભાળીશું. વચન આપીએ છીએ. ઈંગ્લેન્ડનાં છાપામાં કાળા રંગના લેબરોડોર જાતિના પપીની તે દિવસોમાં જાહેરખબર હતી. ચંદ્રિકા તથા મારી દુહિતા ઈશાની કાર લઈને ઉપડ્યાં. તે રાત્રે તો એ કાળા ગલુડિયાએ વાઉ વાઉના અવાજથી ઘર ગજાવી મૂક્યું. એની માતાથી એને છૂટો પાડ્યો, એટલે જ હશે. જો કે ઘરમાં ઉમંગ છવાઈ ગયો. પ્રશ્ન આવ્યો એ શ્વાનનાં નામનો. મારી પુત્રીએ સૂચન કર્યું.

'ભાભી, તમે દક્ષિણ આફ્રિકાનાં છો, તેની યાદમાં આનું નામ શાકા ઝુલુ રાખીએ.' ત્યાંના ઝુલુલૅન્ડના પ્રદેશની જાતિનું નામ શાકઝુલુ છે. આ જાતિના વડવાનું નામ શાકા હતું. બધાંએ તે વધાવી લીધું. શાકો બહુ તોફાની હતો. તેને રાખ્યો હતો તે દીવાલો ખોતરી નાંખી, બ્લેન્કેટો કરડી ખાધી. બૂટ-ચંપલ જો કબાટની બહાર મૂકાઈ ગયાં હોય તો કરડી જ ખાય. એને ટ્રેનર પાસે થોડીક ટ્રેનિંગ અપાવી. પછી સુધારો થયો. મોટો થતો ગયો તેમ તેમ તેની કાળી રૂંવાટી ગુચ્છાદાર ચમકતી થવા માંડી. અમે જમવા બેસીએ ત્યારે બાજુમાં આવીને બેસે. તેને રોટલીના ટુકડા કરી આપીએ તે કૂદી કૂદીને મોંમા ઝીલે, તેને સ્પેશિયલ રમકડાં અને દડો લઈ બાળકો રમાડતાં.

મારા પુત્રની બદલી પાછી લંડન થઈ એટલે શાકાભાઈ પાછા જન્મભૂમિમાં આવી ગયા. છ મહિના ક્વૉરન્ટાઈનમાં રહ્યા પછી જ તેને ઘરે આવવા મળ્યું. ઈંગ્લેન્ડના કાયદા પ્રમાણે તેને મળવા જતાં ત્યારે તેની પ્રિય રોટલી સાથે લઈ જતાં. અમારા ઘરનો તે માનીતો સભ્ય હતો. માલિકની આજ્ઞા માનવી, ઘરની ચોકી કરવી અને વફાદારી, એ એનો જન્મજાત ગુણ હોય છે. ઘ્રાણેન્દ્રિય તો એટલી તીવ્ર કે કોઈ માણસ પોતાના કૂતરાને લઈને રસ્તા પરથી પસાર થતું હોય, તો તેની વાસ તેને આવે એટલે તે ભસવા જ માંડે.

આજ-કાલ કરતાં ૧૪ વર્ષ થવા આવ્યાં. હવે બાળકો શાળામાં ઊંચી કક્ષામાં આવ્યાં હોવાથી, જવાબદારી અમારી વહુરાણી પર વધારે આવી, પણ તેને હવે શાકાની માયા લાગી ગઈ હતી. પરંતુ હવે શાકાને કાનમાં રસી અને આર્થરાઈટીસની તકલીફ ઊભી થઈ. ચંદ્રિકા તેના મોઢામાં હાથ નાંખી ગળામાં

ગોળી મૂકતાં હવે ડરતી કે સુગાતી ન હતી. ઘરમાં પાળતું જાનવર હોય તો તેમાંથી બધાંને ઘણું શીખવા મળે છે.

આજે સવારે અમે ઊઠ્યાં ત્યારે શાકાએ ઊલટી કરીને ભસવા માંડ્યું. જમીન સરસો સૂતો હતો. તેનાથી ઊભા જ થવાતું નહોતું. ઊંચી ડોક કરી પ્રયત્ન કરે અને ભસે, આંખો લાલઘૂમ, ખાય-પીવે નહીં. પ્રાણીઓના ડૉક્ટરને ફોન કરી પૂછ્યું, તો વિગત પરથી તેણે કહ્યું કે તેને કારમાં નાંખીને લઈ આવો. આ સ્થિતિમાં તો તેને સુવાડી જ દેવો પડે. અમને બધાંને ખૂબ આઘાત લાગ્યો. ઘરનાં બધાં સભ્યો ભેગા થયાં. જોગાનુજોગ ઈશાની પણ સ્કૉટલૅન્ડથી આગલે દિવસે જ ફરવા આવી'તી. નાના પપીને તે જ ખોળામાં રાખી લંડનથી પેરિસ લાવી હતી. શાકાને સાફ કર્યો તેને રોટલી ખવડાવી તો તેણે એ ખાધી. શાલીન-અખિલે ઊંચકીને કારમાં મૂક્યો. તેની પ્રિય બ્લૅંકેટ સાથે આપી. આમ ચૌદ વર્ષના સાથીના વળામણાં કર્યાં. સર્જરીમાંથી કલાક પછી બધાં આંખમાં આંસુ અને ભારે પગ સાથે પાછા ફર્યાં. તેને હિંદુ માન્યતા પ્રમાણે અગ્નિદાહ જ દીધો હતો. તેનાં અસ્થિની રાખ અમારા ગાર્ડનના એક ખૂણાંમાં દીવો કરી ફૂલ સાથે પધરાવી. આમ અમારા શાકાની જીવનલીલાનું પ્રકરણ પૂરું થયું.

આ તે કેવી વિદાય! આમાં દયા ને કરુણા હતી કે ક્રૂરતા? સમજાતું નથી. આજ સવારે જ સમાચારમાં સાંભળ્યું, એક અંગ્રેજ દંપતી વૃદ્ધ હતાં. કેન્સરની અસાધ્ય બિમારીથી પીડાતાં હતાં. તેમણે સ્વીત્ઝરલૅન્ડ જઈને ડૉક્ટરના હાથે કિલનીકમાં આત્મહત્યા કરી. આને ઈચ્છામૃત્યુ કહી શકાય કે પીડામાંથી છૂટકારો? મર્સી કિલિંગનો પ્રશ્ન અત્યારે બહુ ચર્ચામાં છે.

અમારા માનીતા શાકાના ભણકારા હજુ ય ઘરમાં વાગે છે. ઘરમાંથી બધાં બહાર ગયાં હોય ત્યારે એ જ મારી પાસે બેસી રહેતો. માયા સુખનું અને દુઃખનું કારણ છે.

**શાકાને અંજલિ**

પડછંદ દેહ કાળો વાન, મારો વ્હાલસોયો શ્વાન,
તે, પ્રભાતે ક્રન્દન કરે, ઊભો થવા પ્રયત્ન કરે.
પગો ઝલાયા જાણે સીસું, હશે યમનું તેડું દીઠું,
અંગો ધ્રૂજે ને ધખ ધખે, આંખ્યુમાં વફા તગતગે.
અમ સૌનાં કાળજાં વલોવાય, હાય! આ તે કેવી વિદાય!
હશે શાકાનો છેલ્લો અવતાર, કૃપાળું એને તું તાર.
વ્હાલુડા શાકાઝૂલુ
તને હું શે ભૂલું?

(૧૧.૧૧.૨૦૦૮)

(મુદ્રાંકન સદ્‌ભાવ : મૈત્રીબહેન શાહ)

[5 Walburton Road, PURLEY, Surrey CR8 3DL, U.K.]

**– અગિયાર –**

# ઝુબૈદા

• રજનીકાંત જે. મહેતા

૧૯૪૨ની સાલ હતી. 'ભારત છોડો'ના બ્રિટિશ સામ્રાજ્યને બાપુના પડકારે સમગ્ર દેશને જાગૃત કર્યો હતો. 'સૂતેલો સિંહ જાગ્યો છે', સરદારે કહ્યું હતું અને ઉમેર્યું હતું : 'કાળા ચોરને રાજ્ય સોંપીશું, પરંતુ બ્રિટિશ સરકારને તો હાંકી કાઢીશું જ.' વિદ્યાર્થીઓએ પોતાનો અભ્યાસ મૂકીને પણ સ્વતંત્રતા કાજે હામ ભીડી હતી. બસ, એક જ સૂર, એક જ કાજ, એક જ ધામ : ભારતની આઝાદી!

મુંબઈના એક પરાંમાં ૧૨ વર્ષનો શ્રીકાન્ત રહેતો. બાજુની આરબ વાડીમાં ૪૦ જણનું સંયુક્ત આરબ કુટુંબ રહેતું હતું, જેમાં ૧૧ વર્ષનો રહીમ અને તેની બહેન ઝુબૈદા પણ હતાં. નિર્દોષ તોફાની સ્વભાવોને કારણે શ્રીકાન્ત અને રહીમ જીગરજાન દોસ્ત હતા. સાથે અભ્યાસ, સાથે રમવું, સાથે ફરવું, સાથે નાટકો કરવા. 'ઓમ સહનાવવતુ'નો શ્લોક જાણે કે તે બન્ને માટે જ ન રચાયો હોય!

રોજ શાળા પૂરી થાય ને સાંજે રહીમ શ્રીકાન્તને ઘરે આવ્યો જ હોય. શ્રીકાન્તની બાને તે પણ 'બા' કહીને જ બોલાવે, અને બા તેને પ્રેમભરી નજરે જોઈ તેને ભાવતો પૌંઆનો નાસ્તો કરાવે. શ્રીકાન્ત રહીમને ઘરે જાય ત્યારે રહીમની માને 'મા' કહીને જ સંબોધે, અને મા શ્રીકાન્તને અમીભરી નજરે નિહાળીને 'બેટા' તરીકે જ ઓળખે. ઈદને દિવસે મા શ્રીકાન્તને રહીમ પહેલાં ઈદની ખીર ખવડાવે. અને જ્યારે રહીમ આ વિષેની મીઠી ફરિયાદ કરે ત્યારે તેને કહેઃ 'શ્રીકાન્ત તેરા બડા ભાઈ હૈ ના, તો વહ તુમ સે પહેલી હી ખાયગા.' એક્કે દિવસ મળ્યા વગરનો ન જાય.

સૌ દર વર્ષે આડોશી-પાડોશીઓ માટે નાટક કરે. એક વખતે રાધા-કૃષ્ણનું નાટક કર્યું, ત્યારે દેખાવડો રહીમ કૃષ્ણ બનેલો અને તેની બહેન ઝુબૈદા રાધા. ચાદરથી બનાવેલો પડદો ખેંચાયો અને પહેલાં જ દૃશ્યમાં રહીમે કૃષ્ણના પાત્રમાં અને રાધાના પાત્રમાં ઝુબૈદાએ નાટકના દર્શકોને 'દર્શન' દેવાના હતાં. પડદો ખૂલતાં જ રહીમને યાદ આવ્યું કે તે કૃષ્ણની મુરલી ભૂલી ગયો હતો. સૌ પ્રેક્ષકોની હાજરીમાં જ તે બોલી ઊઠ્યો : 'અબ મૈં ક્યા કરું ? મુરલી તો મૈં ઘર પર ભૂલ ગયા હું.'

રાધિકા તરીકે તેની મોટી બહેન ઝુબૈદાએ જે 'કૃષ્ણ ભગવાન'ની ઝાટકણી કાઢી હતી, તે હજી સૌ પ્રેક્ષકોને યાદ હશે. પ્રેક્ષકોમાં શ્રીકાન્તનાં માતા-પિતા અને રહીમનાં મા અને વાલીદ હતાં. જિંદગીમાં કદી ન હસ્યાં હોય તેટલું તે દિવસે હસ્યાં હતાં. મુરલીની જગ્યાએ વેલણનો ઉપયોગ 'કૃષ્ણ'એ કર્યો હતો.

બન્ને કુટુંબો વચ્ચે એવો નિકટનો પરિચય હતો કે સૌ એક-બીજાંનાં પારંપરિક રિવાજો અને મહોત્સવો જાણતાં, તેટલું જ નહીં પરંતુ તેમાં હૃદયપૂર્વક શામીલ થતાં. એક વર્ષે ઝુબૈદા કહે કે આજુબાજુની બધી છોકરીઓ પોતાના ભાઈઓને રાખડી બાંધે છે તો હું પણ બાંધીશ અને તે દિવસથી ઝુબૈદાએ શ્રીકાન્તને રાખડી બાંધવા માંડી. આમ હિન્દુ શ્રીકાન્ત અને મુસ્લીમ ઝુબૈદા વચ્ચે ભાઈ-બહેનનો નિર્મળ નિખાલસ સંબંધ સર્જાયો. દરેક 'રક્ષાબંધન'ની પવિત્ર પૂર્ણિમાએ બન્ને કુટુંબનાં સભ્યો આમાં હોંશે હોંશે ભાગ લે. પ્રમાણમાં વધારે પરિપક્વ અને ગંભીર ઝુબૈદાએ એક વખતે શ્રીકાન્તને કહ્યું : 'ભાઈ અગર બહેન કી રક્ષા કા વચન દે સકતા હૈ તો બહેન ભી ક્યા ન દે સકે?' અને તેણે આગ્રહ કર્યો કે, શ્રીકાન્તે પણ ઝુબૈદાના કાંડા પર રાખડી બાંધવી. આમ અનાયાસે 'રક્ષાબંધન'ના પવિત્ર તહેવારે નવું સ્વરૂપ ધારણ કર્યું.

અને પછી આવ્યું ૧૯૪૭નું વર્ષ. મધ્યરાત્રિએ બન્ને કુટુંબોએ સાથે મળીને રેડિયો પર (ટી.વી. તો તે સમયે હતું જ નહીં) નહેરુનું TRYST WITH DESTINYનું પ્રેરક પ્રવચન સાંભળ્યું. સર્વત્ર આનંદ તો ખરો જ પરંતુ સાથે સાથે દેશના વિભાજનને કારણે એક ઊંડો વિષાદ પણ ખરો.

'આ શું બની ગયું? આની શું જરૂર?' સૌ પૂછે. સૌને દેશના ભાગલાંનો વિચાર કોરી ખાય.

પરંતુ દેશના ભાગલા એ તો હકીકત બની ગઈ. સ્વેચ્છાએ મુસલમાનોને પાકિસ્તાન જવાની છૂટ, સાથે સાથે જ્યાં વર્ષોથી સ્થાયી થયા હતાં તે હિન્દુસ્તાનમાં પણ કાયમી વસવાટ ચાલુ રાખવાનો હક્ક.

કરાંચીમાં બહોળા વેપારને કારણે રહીમ-ઝુબૈદાનાં કુટુંબને કરાંચી (પાકિસ્તાન) જવાનો આકરો અને દુઃખમય નિર્ણય કરવો પડ્યો.

છૂટા પડતાં પહેલાં ૧૬ અને ૧૭ વર્ષના રહીમ અને શ્રીકાન્ત એમ બન્ને યુવાન પુરુષો એક-બીજાને ભેટીને પથ્થર પણ પીગળી જાય તેવું કારમું રોયા હતા. આમ બે ભાઈઓથી પણ વિશેષ દોસ્તો વચ્ચે મિત્રવિચ્છેદ થયો.

'આવો દિવસ દુશ્મનને પણ ન આવે.' શ્રીકાન્તનાં બા બોલ્યા હતાં. રહીમનાં મા શ્રીકાંતને કહે 'બેટા! તું કરાંચી જરૂર આના, હમ તુઝે બુલાયેંગે.' ઝુબૈદાની ગંભીરતા આજે તેને સહાય ન કરી શકી. હૃદય સોંસરી કટાર ઉતરી ગઈ હોય તેથી પણ વિશેષ દર્દ.

ત્યારબાદ બન્ને કુટુંબોનો સંપર્ક તૂટી ગયો, પરંતુ સ્થળ-વિચ્છેદ મૈત્રી અને સ્નેહ સરિતાને શું સૂકવી શકે?

૧૯૫૫માં એક અન્ય મિત્ર દ્વારા ફરી સંપર્ક થયો. રહીમ તો એક મોટો વેપારી થઈ ગયો હતો અને તેની માનાં વચન પ્રમાણે તેણે શ્રીકાન્તને કરાંચી ફરવા આવવા ઉષ્માભર્યું આમંત્રણ પાઠવ્યું.

વર્ષો બાદ, કરાંચીમાં સૌ ફરી વાર એક-બીજાને મળ્યાં ત્યારે સ્વર્ગ સમો આનંદ માણ્યો. શ્રીકાન્ત શાકાહારી હતો તે કારણ રહીમ અને તેનાં કુટુંબે એક જુદો જ બંગલો ભાડે રાખ્યો અને સૌ દસે દસ દિવસ ત્યાં રહી સંપૂર્ણ શાકાહારી બની ગયાં. સૌએ બાળપણના આનંદના દિવસો પુનર્જીવિત કર્યા. પાછું છૂટા પડવું કોને ગમે પરંતુ છૂટકો હતો? સૌ કમને વિખૂટા પડ્યાં ત્યારે કોઈને કલ્પના પણ ન હોતી કે સૌ હવે મળશે ત્યારે લગભગ ચાર દાયકા વહી ગયા હશે.

તે પછી આવ્યું ૧૯૯૨નું વર્ષ.

ઝુબૈદાના પતિ અનવરઅલીની બદલી દિલ્હીના પાકિસ્તાની દૂતાવાસમાં થઈ અને ફરી શ્રીકાન્ત સાથેનો સંપર્ક તાજો થયો. શ્રીકાન્તના જૂના આમંત્રણનો સ્વીકાર કરી, મુંબઈ થોડા દિવસ તેના મહેમાન બનવાનું નક્કી થયું. કરાંચીથી રહીમ તે જ સમયે મુંબઈ આવે તેવી વ્યવસ્થા અનવરઅલીએ કરી.

સૌ શ્રીકાન્તને ઘરે રહ્યાં. સૌના ઉમંગનો પાર ન રહ્યો. ઉત્સાહ અને લાગણીની ભરતીએ માઝા મૂકી. શ્રીકાન્તને ઘણે વર્ષે પરિણિત બહેન ઝુબૈદાને પરદાનશીન જોઈને થોડુંક આશ્ચર્ય તો થયું, પરંતુ તેના પતિ અનવરઅલીએ બન્ને કુટુંબના પ્રેમભર્યા સંબંધો વિશે વર્ષોથી સાંભળ્યું હતું. તે પણ સૌ સાથે ખૂબ ભળી ગયો અને ફરી મૈત્રીભાવના પવિત્ર ઝરણાંએ પરમ આનંદનું વાતાવરણ સર્જાયું!

અનેક વર્ષો બાદ જૂનાં કુટુંબવત્ મિત્રોના સુભગ મિલનનો હજી ત્રીજો જ દિવસ હતો ત્યાં અચાનક મુંબઈમાં આ શું બની ગયું? કદી ન થયાં હોય તેવા હિન્દુ-મુસ્લીમ હુલ્લડ મુંબઈમાં ફાટી નીકળ્યાં. સલામતી ખાતર બીજા બેએક દિવસ સૌએ ઘરમાં જ વિતાવ્યા. બન્ને ધર્મોની મુંબઈની અને બહારની હિંસક ટોળકીઓએ કાળો કેર વર્તાવ્યો.

આવા અતિશય ભયજનક અને ગંભીર વાતાવરણમાં પણ આવશ્યક એવા કામસર રહીમ, ઝુબૈદા અને અનવરઅલીને બહાર જવું પડ્યું. શ્રીકાન્તે એક આધેડ વયના જાણીતા ટેક્સી ડ્રાઇવરને બોલાવ્યો, જે હિન્દુ હતો.

લગભગ કલાકેકની સફર દરમ્યાન કોઈનું પણ કાળજું ફાટી જાય એવો જાત અનુભવ ડ્રાઈવરે રહીમ પરિવારને કહ્યો : 'સહાબ, હુલ્લડોમાં વર્ષોથી સરસ ભાઈચારો જાળવીને રહેતાં લોકોએ ધર્મને નામે એક-બીજાંને રહેંસી નાખ્યાં અને આ બધું દેશના નાક સમાન મુંબઈ શહેરમાં બન્યું.

'મારો પોતાનો દીકરો આમાં સપડાઈ ગયો હતો. શોખને ખાતર દાઢી વધારનાર મારા દીકરાને કોઈ બીજા ધર્મનો અનુયાયી સમજીને અમારા જ ધર્મ બંધુઓએ તેના બન્ને હાથ કાપી નાખ્યા હતા. આજે મારો આ એકનો એક જુવાનજોધ દીકરો પોતાના આ બુઢ્ઢા બાપ પર આધાર રાખીને જીવે છે .......' ટેક્સી ડ્રાઈવર વધુ બોલી ન શક્યો. આ હિન્દુ ડ્રાઈવરે છેક મોડી સાંજે ત્રણે ય મુસ્લિમ યાત્રિકોને સહીસલામત ઘરે પહોંચાડ્યાં બાદ જ વિદાય લીધી અનેક કાળા ડિબાંગ વાદળોમાંથી સૂર્ય કિરણોએ થોડાંક ડોકિયા કર્યા.

કોમી વાતાવરણ સુધરવાને બદલે વધું વણસ્યું. બીજે દિવસે વહેલી સવારે પ્રાણાયામ કર્યા બાદ શ્રીકાન્ત હજી તો પોતાના રૂમમાંથી બહાર નીકળ્યો નહોતો ત્યાં તો દરવાજાની ઘંટડી રણકી. છાપાંવાળો કે દૂધવાળો હશે તેમ ધારી ઘર-નોકર પાંડુ હજી દરવાજો ખોલે છે ,ત્યાં તો હાથમાં છરા લઈને પાંચેક જણની ટોળકી ઘરમાં ઘૂસી ગઈ. બૂમરાણ મચી ગઈ. શ્રીકાન્ત પોતાના રૂમમાં ફાંફળો ઊભો થઈ ગયો.

'અલ્લાહ હૂ અકબર'ના નારા લગાવતી ટોળકી શ્રીકાન્ત તરફ આગળ વધી અને તેના પર તૂટી પડે તે પહેલાં જ પરદાનશીન ઝુબૈદાએ શ્રીકાન્ત અને ટોળકી વચ્ચે ઊભાં રહીને જીવતી દીવાલ સર્જી.

'આપ લોગ યહ ક્યા કર રહે હો, અલ્લાહ સે તો ડરો' ઝુબૈદા પોકારી ઊઠી.

પરંતુ ઝુબૈદાનું સાંભળવા કોણ તૈયાર હતું?

'ચલ, બાજુ હઠ, બડી આઈ અલ્લાહ કા ડર દિખાને વાલી' એમ કહી, તે નરપિશાચે ઝુબૈદાના જ ઉદરમાં છરો હુલાવી દીધો અને ઝુબૈદાનું લોહીલુહાણ શરીર જમીન પર પટકાઈ પડ્યું.

## પરિભ્રમણ

નવસંસ્કરણ : બે ખંડમાં
ઝવેરચંદ મેઘાણી
સંપાદન : જયંત મેઘાણી, અશોક મેઘાણી
ગુજરાત સાહિત્ય અકાદમી, 2009, 1299 પાનાં, રૂ. 450

અનોખી શૈલીએ અને દૃષ્ટિએ સાહિત્ય વિવેચનની માંડણી કરતાં પુસ્તક – અવલોકનો, પ્રવેશકો, સાહિત્યચર્ચાઓ અને સાહિત્ય-આસ્વાદનાં ઝવેરચંદ મેઘાણીનાં લખાણો 'પરિભ્રમણ' પુસ્તકના ત્રણ ખંડોમાં 1945-1947ના અરસામાં સંગ્રહ પામેલાં, અને ગુજરાતી સાહિત્ય વિવેચનમાં નવી ભાત પડેલી. નિરંજન ભગતે કહ્યું છે તેમ 'આ લખાણો દ્વારા મેઘાણીએ શિષ્ટ સાહિત્ય પ્રત્યે વિશાળ વાચકવર્ગમાં વ્યાપક રસ, પ્રેમ અને રુચિ પ્રગટાવવાનો પુરુષાર્થ કરેલો'. હવે 'પરિભ્રમણ'નું નવસંસ્કરણ ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી બે ખંડમાં પ્રકાશિત થયું છે.

'પરિભ્રમણ'ની મૂળ આવૃત્તિનાં 242 લખાણોમાંથી 187 પસંદ કરીને સાઠેક વરસ પછી બહાર પડતા આ નવસંસ્કરણમાં મૂક્યાં છે; ઉપરાંત, અગ્રંથસ્થ રહેલાં 347 જેટલા લખાણો ઉમેર્યા છે. લેખકનાં રસલક્ષી સાહિત્યિક પત્રકારત્વની નીપજ સમાં સાહિત્યનાં આસ્વાદનો એમના બીજા એક પુસ્તક 'વેરાનમાં'માં સંચિત છે; એ નાનું પુસ્તક હવે 'પરિભ્રમણ'માં એક વિભાગરૂપે ઉમેરાય છે. સામાન્ય વાચકને ધ્યાનમાં રાખીને હળવી-રસાળ શૈલીમાં લખાયેલાં આ લખાણો એ કાળના સાહિત્ય-જગતમાં નોખી ભાત પાડનાર તો હતાં જ, તત્કાલીન સાહિત્યકારો પણ એમના અભિપ્રાયોને સન્માનની નજરે જોતાં. 'નિષ્પક્ષપાતી અને કોઇ પણ વાદથી પર' મેઘાણીએ જરૂર લાગી ત્યારે આગેવાન સમકાલીનોની કૃતિઓને નિર્મમપણે ચર્ચી છે, તો નવોદિત લેખકોને ઉમળકાથી સત્કાર્યા છે.

**'પરિભ્રમણ'નાં 500થી વધુ લખાણો આટલા વિભાગોમાં ગોઠવાયેલાં છે :**

1.સાહિત્યની વિચારભૂમિમાં : સાહિત્યિક પ્રશ્નો.
2.ગુજરાતી સાહિત્યસૃષ્ટિમાં : સાહિત્યકૃતિઓ, સાહિત્યકારોની સાહિત્યસેવા.
3.સાહિત્યના સીમાડાઓમાં : સાહિત્યનું વાચન, પુસ્તક-વ્યવસાય, સાહિત્યકાર પાસેની અપેક્ષાઓ, સાહિત્યના વહેવારો, પ્રેરણા-ઘટનાઓ.
4.પરભાષાના પ્રદેશમાં : દેશ-વિદેશની સાહિત્યસૃષ્ટિ.
5.પત્રકારની દુનિયામાં : દેશ-વિદેશનું પત્રકારત્વ.
6.કલાજગતમા : કળાઓ અને કલાપ્રવૃતિઓ.
7.ઘરદીવડાઓ : ગુજરાતના અને ભારતના સાહિત્યિકોનાં જીવન.
8.વેરાનમાં : દેશ-વિદેશના સાહિત્યમાંથી આસ્વાદો અને અનુવાદો.
ઉપરાંત, લેખસૂચિ અને શબ્દસૂચિ.

*

કુલ 1299 પાનાંના આ દળદાર ગ્રંથોની કીમત ગુજરાત સાહિત્ય અકાદમીએ રૂ. 450 જેટલી ઓછી રાખી છે. પણ પોતાનું ઘણુંખરું વળતર જતું કરીને નીચે દર્શાવેલા પાંચ વિક્રેતાઓએ આ ગ્રંથો માત્ર રૂ. 300માં સુલભ બનાવ્યા છે. બહારગામ મોકલવા માટે રૂ. 40 વધુ : કુલ રૂ. 340. વિદેશનો વિમાની ટપાલ-રવાનગી ખર્ચ રૂ. 950 વધુ : કુલ રૂ. 1250.

**પ્રસાર** : 1888 આતાભાઈ ઍવન્યૂ, ભાવનગર 364 001.
prasarak@dataone.in ફોન : 0278 – 256 8452
**ગ્રંથાગાર :** ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ માર્ગ, અમદાવાદ 380 009. granthagar@yahoo.com ફોન : 079-2658 7949
**તાન્યાસ** : યુનિવર્સિટી પ્લાઝા, યુનિવર્સિટી રોડ, અમદાવાદ 380 009. ફોન : 079-2791 3894
**લોકમિલાપ** : 1565 સરદારનગર, ભાવનગર 364 001.
lokmilaptrust2000@yahoo.com ફોન : 0278-256 6402
**અક્ષરભારતી**: 5 રાજગુલાબ, વાણિયાવાડ, ભુજ 370 001.
ફોન : 02832-255 649

તે જ ક્ષણે, બહાર રસ્તા પર પોલીસ-વાનનું તીણું સાયરન ટોળકીના સાંભળવામાં આવ્યું. બધું એમને એમ મૂકીને ટોળકી પલાયન થઈ ગઈ.

ઝુબૈદાના કાળા બુરખામાં લોહીના લાલ રંગે જાણે તીવ્ર વેદના ઉચ્ચારી : 'હાય, ઓ મારાં જ ધર્મ-અનુયાયીઓ, તમારી કારમી નફરતનો ભોગ તમે મને, એક નિર્દોષ સ્ત્રીને જ બનાવી?'

બીજી તરફ, અમુક હિન્દુઓમાં ઘર કરી ગયેલા ક્રોધનું બલિદાન એક હિન્દુ યુવાન જ બન્યો!

આખરે તો ફેલાયેલાં બન્ને બાજુનાં કોમી ઝેરે દોષરહિત માનવોને જ પીડાની કાળી ખીણમાં ધકેલી દીધાં ને! આ તો પાણીમાં આગ લાગી હતી!

સદ્‌ભાગ્યે, થોડાંક મહિનાઓમાં જ ઝુબૈદાનો ગંભીર ઘા રુઝાયો.

પોતાનો 'ભાઈ' શ્રીકાન્ત હેમખેમ હતો તેનો અખૂટ આનંદ તેને હતો.

ત્યારબાદ, ફરી આવેલા પ્રથમ રક્ષાબંધનને દિવસે, શ્રીકાન્ત અને ઝુબૈદાનાં, બન્નેના કાંડા પરની રાખડીઓએ એક દૈવી સ્વરૂપ ધારણ કર્યું!

[18 Leigh Court, Byron Hill Road, Harrow-on-the Hill, MIddx, HA2 0HZ, U.K.]

- બાર -

## વ્યથા

• પ્રીતમ લખલાણી

મિહિર છેલ્લા છ મહિનાથી આરસના ટૂકડામાંથી ઈશ્વરની પ્રતિમા બનાવવા, રાત દિવસની દરકાર કર્યા વગર, હાથમાં ટાંકણું અને હથોડી લઈને ઘરના આંગણાના લીમડાના છાંયડે બેસી ગયો હતો. આજે ઈશ્વરની પ્રતિમાની મંદિરમાં વાજતે ગાજતે પ્રાણપ્રતિષ્ઠા થઈ જતાં, તે લગભગ છ મહિના બાદ, નિરાંતે નિદ્રાદેવીના ખોળે, બધી ચિંતા મૂકીને સૂઈ ગયો હતો.

ઘડિયાળમાં બરાબર પરોઢના પાંચના ટકોરા થયા હશે. સપનાંઓના ઢોલિયે ઘસઘસાટ ઊંઘતા મિહિરને સ્વપ્નમાં ઈશ્વર આવ્યા. સ્વપ્નમાં પ્રભુ દર્શનમાં ખુશખુશાલ મિહિર પ્રભુના ચરણમાં નમી પડયો. મિહિરને ચરણમાંથી ઊભો કરવા પ્રભુ સહેજ નમ્યા ત્યારે મિહિરની પીઠ પર પ્રભુની આંખોમાંથી ટપકેલાં બે આંસું સરી પડયાં. મિહિર આશ્ચર્યમાં ડૂબી ગયો.

આભમાં કયાં ય એકે વાદળ ફરકતું નહોતું, સૂર્ય ચોમેર ઝળહળી રહ્યો હતો, તો પછી આ વરસાદનાં બે ટીંપાં કયાંથી તેની પીઠ પર ટપકી પડયાં? એ જાણવા એણે માથું સહેજ ઊંચું કરીને આભ સામે જોયું અને તેની નજર પ્રભુના ચહેરા પર પડી.

પ્રભુના મુખને જોતાં જ તેનો ચહેરો વિષાદમાં ડૂબી ગયો.

'અરે પ્રભુ, તમારી નેહ નીતરતી આંખોમાં આજે આંસુ? મને તો મનમાં એમ જ હતું કે તમે તો આજે બહુ ખુશમાં હશો. તેને બદલે તમારી આંખોમાં વ્યથાનો દરિયો?'

બે હાથ જોડી મિહિર કરગરતો પ્રભુના ચરણમાં ઝૂકી પડયો. અને ધીમા સ્વરે બોલ્યો, 'હે પ્રભુ, તમે મને માફ કરી દો. હું તો તમારું બાળક કહેવાઉં. તમારી પ્રતિમા ઘડવા મેં તમારા અંગ પર કેટલાક ટાંકણાના અને હથોડાના પ્રહાર કર્યા છે. તમને ઘણી પીડા થઈ હશે! પ્રભુ, તમે નહિ માનો મને તો આરસના ટૂકડામાં તમારું સંપૂર્ણ સ્વરૂપ દેખાતું હતું. પરંતુ આ જગત મારી અંતર પીડાને કેવી રીતે સમજી શકે? ન છૂટકે મારે તમારું તે પારસના ટૂકડામાંથી શિલ્પ ઘડવા મારી લાગણી પર પથ્થર મૂકી તમારી મૂર્તિ ઘડવી પડી છે!'

'હે વત્સ, તું આમ કારણ વગર દુઃખી ન થા. મને ટાંકણા અને હથોડાના પ્રહારનું રતિ ભારનું ય દુઃખ નથી.' આટલું બોલી પ્રભુના હોઠ મૌનમાં ડૂબી ગયા.

'પ્રભુ તમે આમ એકાએક વાત અધૂરી મૂકી મૌનમાં ડૂબી જાઓ એ કેમ ચાલે? તમારે તમારા આ ગાંડા ઘેલા નાદાન ભકત પાસે, આજે મનમાં કોઈ સંકોચ રાખ્યા વિના, હૃદયની પછેડી ખોલવી જ પડશે!'

'હે વત્સ સાંભળ. તારા પિતાને જયપુરના મહારાજા તરફથી ભેટ રૂપે મળેલ આ આરસનો ટૂકડો તારી નજરમાં પડયો તે પહેલાં તે તારા બંગલાની સામેની ટેકરીના એક વિશાળ લીમડા તળે છેલ્લાં કેટલાંક વર્ષોથી પડયો હતો. રોજ ઢળતી સાંજે તારા બંગલાની સામેની ટેકરીમાં સૂર્ય ડૂબતો હોય ત્યારે રોજ સાંજે શહેરથી પાછો ફરતો એક કાગડો પોતાને માળે પરિવાર પાસે જતાં પહેલાં તે આરસના ટૂકડા પર આવી નિરાંતનો વિશ્રામ લેતો. કહેવાતા આ પથ્થર પાસે તે હૃદય મનની પછેડી કાંઉ .. કાંઉ ... કરતો ખોલતો અને પછી જયારે બધી વાત કરીને હળવો ફૂલ જેવો થઈ જતો, ત્યારે પરિવાર પાસે જવા હરખાતો ઉડી જતો.'

પ્રભુએ એક પળ થોભી ઉમેર્યું, 'આજે સવારે તારે હાથે મારી પ્રતિમાની મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા થતાં પેલો કાગડો એટલો બધો વ્યથિત હતો કે આખો દિવસ શહેરમાં જવાને બદલે વહેલી સવારથી મારા મંદિરના શિખર પરના સોનાના કળશ પર બેસી કા .. કા ....નો આક્રોશ વ્યકત કરતો રહ્યો. શરણાઈ અને ઢોલ નગારાની ધમાલમાં તેનો કાંઉ કાંઉ કોઈના કાને કયાંથી પડે? કદાચ માન કે કોઇએ તેને કકળતો સાંભળ્યો હશે તો પણ તેમણે તેને એક કાગડો સમજી આંખ આડા કાન કરી દીધા હશે! વત્સ, તેના કાંઉ .. કાંઉ ...થી મારું મન ભરાઈ ગયું. મને પ્રતીતિ થઈ કે હું મંદિરમાં એક પ્રતિમા તરીકે ખોડાઈ ગયો તેના કરતાં જો હું એક ટેકરી પર એક પથ્થર રૂપે હજી પડયો રહ્યો હોત તો? તેના મનની વ્યથાને હું રોજ ઢળતી સાંજે એક મિત્ર રૂપે હું સાંભળતો હોત! તું માન કે ન માન, તેની વ્યથાની સચ્ચાઈ, તેનું કાંઉ ... કાંઉ ... મારે માટે એક ભકતની પ્રાર્થના, આરતીથી વિશેષ હતી. દિવસ ભરનો વિષાદ મારી પાસે વ્યકત કરી તે રોજ સાંજે માળા તરફ ઊડાન કરતો ત્યારે તેની પાંખોમાં અને ચહેરા પર કેટલો આનંદ છલકાતો! કદાચ હું તેના સુખનો ફોટોગ્રાફ લઈ શકયો હોત તો? બસ તેનું આ દુઃખ આજે મારી આંખોમાંથી બે આંસુ થઈને ટપકી પડયું છે.'

'પ્રભુ, તમે મને માફ કરી દો. મને શું ખબર કે તમે આ પથ્થરના પાષાણમાં સમાયા હતા! હું પેલા કાગડાનો ઘોર અપરાધી છું. મારા પિતાનું એક સ્વપ્ન સિધ્ધ કરવા મેં નિર્દોષ પંખી પર કેવો મોટો જુલ્મ કરી નાંખ્યો છે!' મિહિરે પ્રભુના ચરણમાં પડી, બે હાથ જોડી, પ્રભુની ક્ષમા માગી ત્યાં જ તેની પત્ની સંગીતાએ શયનખંડમાં આવી, તેની સામેથી ચાદર ખેંચતાં મિહિરને સ્વપ્નમાંથી જગાડતાં કહ્યું, 'અરે હજી કયાં લગી આમ ઢોલિયે પડયા રહેશો? નગરના મકાનોનાં છાપરાં સોનાનાં થઈ ગયાં છે. જરા ઊઠી બારી બહાર નજર કરો તો ખબર પડે!'

બેડમાંથી આળસ મરડતાં ઊભા થતા મિહિરે નજર કરી, તો ગઈ કાલે જે મંદિરમાં તેના હાથે પ્રભુની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા થઈ હતી, તે મંદિરના કળશ પર આંખો બંધ કરીને મૌનમાં ડૂબેલો એક કાગડો કળશ પર ચાંચ ઘસતો આભમાં ઉડવા પાંખો ફફફડાવતો બેઠો હતો.

[65 Falcon Drive, WEST HENRIETTA, NY, 14856, U.S.A.]

- તેર -

## ધરતીની ધરી

• હયદરઅલી જીવાણી

આમ તો અગના (અજ્ઞાનીનું ટૂંકું રૂપ) અને વિગના (વિજ્ઞાનીનું ટૂંકું રૂપ) વચ્ચે ઝાઝી ભાઈબંધી તો નથી. પણ એકબીજાના પડોશી હોવાને નાતે રોજ ભેગા થાય અને અલકમલકની વાતો કરે. એમાં વાદવિવાદ થાય, મતભેદ થાય; ક્યારેક મનમેળ પણ થાય ખરો. એક દિવસે સાંજનું ખાણું લીધા પછી બે ય ભેગા થયા ત્યારે અગનાએ કહ્યું, 'ભાઈ વિગના, તું રોજ કહે છે કે ચાલો જ્ઞાનગોષ્ટિ કરીએ. પણ ચાલ, આજ તો અજ્ઞાનગોષ્ટિ કરીએ.

વિગના કહે : વાત તો મઝાની છે. આ તારો ટોપિક છે એટલે પહેલાં તું તારો કેસ પેશ કર.

અગના : હું કોઈ વકીલ કે વિદ્વાન નથી. પણ મને ઘણી વાર વિચાર આવે છે કે તમે વિજ્ઞાનીઓ કહો કે આપણી આ ધરતી બેવડાં ચક્કર કાપે છે, એક તો સૂરજ આસપાસ એટલે રાત દિવસ થાય છે અને બીજું, એની પોતાની ધરી આસપાસ. પણ એ ધરી ક્યાં છે અને કેવી છે એ તો તમે વિજ્ઞાનીઓ કહેતા નથી.

વિગના : ભાઈ અગના, એ કાલ્પનિક ધરી છે એટલે દેખાતી નથી. આપણી આસપાસ આ હવા છે એ પણ ક્યાં દેખાય છે ?

અગના : પણ એની અસર તો આપણે અનુભવીએ છીએ ને ? એમ ધરતીની ધરીની અસર આપણે જોઈ શકીએ છીએ ? એ થોડી કે ઝાઝી આમ તેમ થાય તો એની અસર થવી જોઈએ કે નહીં ?

વિગના : સવાલ તો તારો અટપટો છે. પણ અત્યારે આપણે એસ્ટ્રોનોમીનાં થોથાં ક્યાં ઉથલાવીએ ? અહીં ધરતી ઉપરથી આપણે ચંદ્ર જોઈએ તો તેની એક જ બાજુ દેખાશે …

અગના : (એની વાત વચ્ચેથી કાપતાં) ભાઈ વિગના, એ તારા એસ્ટ્રો-બીસ્ટ્રોને તારા લેક્ચર માટે રાખી મૂક. આ તો સાવ સીધો સાદો સવાલ છે.

વિગના : એમ ? તો તું જ કહી દેને કે ધરતીની ધરી કેવી છે.

અગના : તને નથી ખબર ? તું પોતે એની અસર અનુભવી રહ્યો છે તો પણ ?

વિગના : હવે વાતમાં ઝાઝું મોણ નાખ્યા વિના સીધેસીધું કહી દેને.

અગના : તારી અત્યારની સૌથી મોટી ફિકર કઈ છે ?

વિગના : એની સાથે ધરતીને કઈ લેવાદેવા ? તું કોને ધરતીની ધરી કહે છે ?

અગના (ગજવામાંથી ડૉલર કાઢીને) : જો આને ! એ ધરી જ્યાં હોવી જોઈએ ત્યાંથી ખસી જઈને મોટા બૅંકરો, સટોડિયાઓ અને કોરપોરેશનોના વહીવટદારોની ખાનગી તિજોરીઓમાં લપાઈ ગઈ. એટલે ધરતી ઉથલપાથલ થઈ ગઈ, અને એને પરિણામે, તારા જેવા વિગના અને મારા જેવા અગનાને નાનીમોટી જે કોઈ નોકરી મળે, એ માટે દોડધામ કરવી પડે છે. જીવતા રહેવા માટે કંઈક તો કરવું જ પડશે ને !

[9760 Ryan Crescent, RICHMOND, BC V7A 2H2, Canada]

# – એતાનશ્રી

## કંઈક નાજુક, નાજુક કોમળ જેવું ધીમે ધીમે વહી રહ્યું હોય એમ લાગે છે

“ઓપિનિયન”નો ઑક્ટોબર અંક મળ્યો. એના માહિતીપ્રદ તેમ જ રસપ્રદ લેખો વાંચવા, વિચારવા ગમ્યા. અદમ ટંકારવીનો લેખ ‘બ્રિટિશ ગુજરાતી સાહિત્ય : અરધી સદીની યાત્રા’ વિવેચન-મૂલ્યાંકન વિષયક નિરીક્ષણો, તે સાથે તમારો લેખ, ‘બ્રિટનમાં ગુજરાતી સમાજની દશા અને દિશા : ગુજરાતી સાહિત્યસર્જન, પ્રકાશન અને અનુવાદ’ વિશે મહત્ત્વના વિવિધ મુદ્દા છેડે છે. ઉર્વીશ કોઠારીનો લેખ ‘અંધશ્રધ્ધાનો આધુનિક મુકામ : ઈન્ટરનેટ’ ભોળાભટાંક ઈન્ટરનેટિયા લોકો માટે બહુ જ ઉપયોગી લેખ છે. આશા બૂચના ત્રણે ય લેખો રસદાયક તેમ જ માહિતીપ્રદ છે. દીપક મહેતાની ‘ગુફતગૂ’ હોઠ મરકાવે છે !

મને લ્યુદ્‌મિલાબહેન વિશેનો લેખ વાંચવો તેમ જ એમની વર્તમાન સમયની છબી જોવી વિશેષ ગમ્યાં. પાંત્રીસ-છત્રીસ વર્ષ પહેલાં ગુજરાતી ભાષાની એક હોંશીલી, નિષ્ઠાવાન શિક્ષણાર્થી રશિયન યુવતી, લ્યુદ્‌મિલાબહેનને અમદાવાદમાં, ગુજરાત યુનિવર્સિટીમાં, ભાષાભવનમાં જોવાની, મળવાની તેમ જ તેમની સાથે વાતો કરવાની તક મળી હતી. આ લેખ વાંચી, તેમની છબી જોઈ ભૂતકાળની યાદો તાજી થઈ. ‘તે હિના દિવસા ગતાઃ … !’ મને યાદ છે, મારા પ્રાધ્યાપક, મારા ગુરુ, દિવંગત અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ સાહેબે લ્યુદ્‌મિલાબહેનને ‘મેઘદૂત’નો मन्दं मन्दं नुदति पवनश्चानुकूल् यथा त्वां वानश्चायं नदति मधुरं चातकस्ते सगन्धः। શ્લોક સંભળાવ્યો હતો અને લ્યુદ્‌મિલાબહેને આ શ્લોક સાંભળી તેના વિશે તેમને શું સમજાયું તે વિશે જણાવ્યું હતું કે, ‘કંઈક નાજુક, નાજુક કોમળ જેવું ધીમે ધીમે વહી રહ્યું હોય એમ લાગે છે’ ! આ હતી તેમની ગુજરાતી ધ્વનિઓ પારખવાની છઠ્ઠી ઇન્દ્રિય-શક્તિ ! સાડા ત્રણ દાયકા બાદ એમની યાદ તાજી કરાવવા અને તેમને તસ્વીરરૂપે બતાવવા માટે, વિપુલભાઈ, તમને ખૂબ ખૂબ ધન્યવાદ. You have made my day !

**- જય કાન્ત**

[12 Brackenthwaite, Rushey Mead, LEICESTER LE4 7GA, U.K.]

## યુગાન્ડાના એશિયનોને વળતર

૧૯૭૨માં કર્નલ્ ગદ્દાફીની ઉશ્કેરણીને કારણે, યુગાન્ડામાંથી નિર્વાસિત થયેલા ૪૭,૦૦૦ એશિયનો વળતરને પાત્ર છે. તેમની મિલ્કત અને સ્થાયી જીવનને ધમરોળનાર ઈદી અમીન ગદ્દાફીના હાથમાં રમકડું જ હતો. તે વેળા યુગાન્ડાની એક કરોડની વસ્તીમાં માત્ર પાંચ લાખ આફ્રિકનો જ મુસલમાન હતા. એશિયનો વગર યુગાન્ડાનું અર્થતંત્ર લિબ્યનો મારફત ચલાવવાની કર્નલ્ મુઅમ્મર ગદ્દાફીની ગંદી ચાલનો માત્ર ત્રીસ દિવસમાં અંત આવ્યો હતો. ઉત્તર આયર્લૅન્ડના ત્રાસવાદી યુગમાં, ત્યાં હથિયારો પૂરાં પાડનાર ગદ્દાફી પાસે વળતરનો પ્રશ્ન ઊભો છે. એ જ રીતે યુગાન્ડાના એશિયનો વળતરને પાત્ર છે.

આ બાબતમાં ભારત સરકારની વલણ ભીરુ અને નિષ્ફળ રહી છે. તે વેળાની ભારત સરકારે ઈદી અમીન સાથે છૂટથી વેપાર કર્યો હતો. યુગાન્ડાના એશિયનોને થાળે પાડવામાં થયેલો ખરચ ગદ્દાફી પાસેથી વસૂલ કરવાનો રહે છે. બ્રિટિશ પાર્લમેન્ટ અને હાઉસ્ ઑવ્ લોર્ડ્ઝના એશિયન સભ્યોએ આ અંગે સક્રિય ઝુંબેશ ચલાવવી જોઈએ. વળતરની રકમ યુગાન્ડામાં દાનરૂપે આપવી કે નહીં એ પ્રશ્ન પછી ઊભો થશે.

અહીં નોંધ લેવી જોઈએ કે, હકાલપટ્ટી પામેલા એશિયનોમાં ૪,૦૦૦ ભારતીય નાગરિકો હતા. ત્યાર પછી એક લાખ જેટલા યુગાન્ડન આફ્રિકનો બ્રિટનમાં શરણાર્થી થઈને ઘૂસી ગયા, એ પણ વિધિની વિચિત્રતા છે ! જેમાં ઈદી અમીનની એક બીવી અને તેના ગુનેગાર પુત્રનો સમાવેશ થાય છે ! સવાલ પૈસાનો નથી, પણ માનવતા અને ન્યાયનો છે. આ બાબતમાં એશિયન સમાજના આગેવાનોએ એકતા કેળવવી જોઈએ. જર્મનોએ લૂંટેલી યહૂદીઓની સંપત્તિ માટે પણ વળતર અપાયેલું છે.


## વાણી અને વિચાર

જાણવા મળ્યું છે કે, પ્રકાશ ન. શાહે જશવંતસિંહે લખેલા પુસ્તક ઉપર ગુજરાત સરકારે મૂકેલા પ્રતિબંધ ઉપર ઉચ્ચ ન્યાયાલયમાં ધા નાંખી હતી. સલમાન રૂશદીના પુસ્તક ઉપર રાજીવ ગાંધીએ પ્રતિબંધ મૂક્યો, એ પ્રકાશ શાહને યાદ હશે જ. ધીરુભાઈ અમ્બાણીની જીવનકથા ઉપર પણ પ્રતિબંધ છે. પુષ્ટિમાર્ગ પાખન્ડ દર્શન નામની ચોપડી ઉપર મોરારજી દેસાઈએ પ્રતિબંધ મૂક્યો હતો. વેદોને ૨,૬૦૦ વરસ પહેલાં ગાળો દેવામાં આવી હતી. એ હકીકત છે. હિન્દી પાક્ષિક “સરિતા”માં, ૧૯૩૭થી માંડીને આજ સુધી, હિન્દુ સંસ્કૃતિના પ્રત્યેક પાસાં ઉપર અધમ નિંદા કરવામાં આવે છે. હિન્દુત્વના ઠેકેદાર થઈને ફરનારા તે જોઈને નિરાંતે બેસી રહ્યા છે.

જે લોકો જશવંતસિંહની ચોપડી વાંચી - સમજી શકે તેમ નથી, તેમણે આ પ્રતિબંધ મૂક્યો છે. પ્રાચીન ગ્રીસની જેમ હિન્દુસ્તાન જ એવો દેશ છે જ્યાં ઈશ્વરના અસ્તિત્વને પડકારી શકાય છે. કરાચી, તેહરાન, કાબુલ કે બગદાદમાં અલ્લાહ નથી એમ બોલનારનું માથું સલામત ન જ રહી શકે ! ભીમરાવ અમ્બેડકરે પોતાના એક પુસ્તકમાં ગાંધીજીને ગાળથી દૂર ન હોય એવી ભાષામાં વર્ણવ્યા છે. પ્રકાશ ન. શાહ તે પુસ્તક ઉપર પ્રતિબંધ મૂકવાનો વિચાર જ ન કરી શકે. હિંદુ સંસ્કૃતિમાં પુસ્તક ઉપર પ્રતિબંધ મૂકવાની પરંપરા જ નથી. બાયલા લોકો જ પુસ્તક બાળે કે તેના ઉપર પ્રતિબંધ મૂકે. વાણી અને વિચારની મુક્ત અભિવ્યક્તિથી સરવાળે લાભ જ થાય છે. ૧,૨૦૦ વરસ પહેલાં ઇજિપ્તના અલેક્ઝાન્ડ્રિયામાં ગ્રંથાગાર બાળનારાઓએ માનવસંસ્કૃતિનો અક્ષમ્ય અપરાધ કર્યો છે. ભાગલા સમયનો ઇતિહાસ કરુણ છે. રાજકીય નેતાઓ ગુંચવાડામાં પડયા હતા. બ્રિટિશ સરકાર કંટાળી ગઈ હતી. અહિંસાને ખાટો ઘચરકો આવ્યો હતો ! કોઈ પણ રાજકીય નેતાના ઐતિહાસિક નિર્ણયને ઐતિહાસિક સંદર્ભે ચકાસવાનો અધિકાર લૂંટી ન લેવાય. ચરોતરના પાટીદારોને ખુશ કરવા માટે બીજું ઘણું મોદીજી કરી શકે તેમ છે ! જશવંતસિંહના અભિપ્રાયથી ઇતિહાસ બદલી જવાનો નથી. જ્યાં અભણ કે અર્ધપઠિત નેતા વિદ્યાપીઠના ઉપકુલપતિને નમાવે ત્યાં આવા પ્રતિબંધો સ્વાભાવિક કેમ ન ગણાય ?

**ર. કા. ભટ્ટ**

[87 Hale Lane, Mill Hill, LONDON NW7 3RU, U.K.]



# ‘ઈની કૂખેં પર્થમી પાકી’

**• સ્વામી આનંદ**

(૧૮૮૭ - ૧૯૭૬)

પરભાતનો પોર છે. ભગત મંદિરને આંગણે બેઠા બોધ આલે છે. લોક બેઠું સાંભળે છે.

તાં એક કોર્યથી ચોગાનમાં આવતી વાટેં બકોર સંભળાય છે. સઉની નજર તી કોર્ય જાય છે, લોકુંનું કોક ટોળું હાલ્યું આવે છે.

સઉની મોઢા આગળ બેત્રણ ગન્યાન ગપોડિયા પરોતપાધા (ગોરપુરોહિત, ઉપાધ્યાય), વાંસે આડસોડિયું વીંટેલ ને પીંખીવીંખીને અધમૂઈ કરી મેલેલ કોઈ બાઈ નીમાણે મોઢે, ને તી વાંહણ્યે ટોળું – ગોબરાં વેણ બોલતું, હાહાઠીઠી હસતું ને હુરિયો બોલાવતું આવી રયું છે.

ભગત, ને ઈમના બોધ સાંભળવાવાળા થંભી ગયા છે.

તાં તો પૂગ્યું રાવાણું ભગત બેઠા છે ન્યાં કણે.

ઓલ્યા ગન્યાનપોડિયાવ માંયલો એક બાઈ સામી આંગળી ચીંધીને ભગતને કે’છે :

‘લ્યો ભગત ! આવડી આના સામું જુવો. આ રાંડ છિનાળ્ય છે. હાથોહાથ ઝલાણી. ઈનો નિયાવ કરો.

‘આ સંધાય ઈની ઈંટાળી કરવા લઈ જાતા ‘તા. તે અમે કીધું, ‘તીમ કરવા મૉર્ય હાલો આને લઈ જાયેં ભગતના મોઢા આગળ, ને નિયાવ કરાવીયેં – તમું પાંહણ્યે, ઈનો.’ હવે તોળો નિયાવ, ભગત ! તમે પોતે. રાંડ પરતકસ પકડાણી છે, ઈનો કામો કરતી !’

‘સાજનો ! હું કુણ ખલકતનો નિયાવ તોળવાવાળો ? નિયાવ તો કર્યો જ છે તમું સંધાયેં ભેળાં થઈને.’

‘ના ભગત. ઈમ નઈં હાલે. આનો નિયાવ આલવો જ જોવે તમારે. તમે રોજ દનિયાં સંધિને ધરમના બોધ આલો છો. તે હવેં કરો આ રાંડનો નિયા.’

ભગત : ‘એવું ના બોલો, સાજન. અસ્ત્રી જાત તો અંબાભવાની કેવાય, જગતજનુની. ઈની કૂખેં પર્થમી પાકી. ને ઈના પગની પાની હેઠ અડસઠ તીરથ ઑગળી ગ્યાં. ઈનું હીણું બોલિયેં તો પરાછત લાગે.’

‘ઈ અમે કાંયે નૉ સમજિયેં, ભગત. આ તો રાંડ છિનાળ્ય છે, મલકનો ઉતાર ! આજ ઝલાણી નજરોનજર. હવે ઈની ઈંટાળી કરવી કે નંઈ ? બોલો. તમે જ તમારે મોઢે તોળો ઈનો નિયા. આ તો આંધળોય ભાળે એવો કેસ છે. દીવા જેવો !’

ભગત : ‘ભાયું મારાવ ! ધરતીનું પહુમાનવી સંધુય કાચી માટીનું ઘડ્યું કિરતારે. ઈમાં કુણ કિનો નિયા તોળે ? સઉ પોતાનું સાચવે તૉય ઘાણું બધું. ઈ જ નિયાવ હાંઉં. બીજાનો નિયા તોળવા ક્યાં જાવું ?’

ભગત તો હેઠું જોઈને ભોં ખોતરી રયા છે.

‘ના ભગત. આનો નિયા તો આલવો જ જોવે. આલો ને આલો. તી વન્યા નઈં હાલે. બોલો, આની ઈંટાળી કરવી કે નઈં ?’

ભગતના તો મોઢા ઉપર શરમના શેરડા પડ્યા છે. કપાળે ઘામનાં ટીપ્પાં બાઝ્યાં છે. હૈયું વલોવાય છે.

એક ગન્યાનગપોડિયો : ‘બોલો ભગત !’

બીજો : ‘બોલો.’

ત્રીજો : ‘બોલોને ?’

ભગત : ‘ભલેં. સાંભળો તયેં. તમું માંયલો એકોએક જણ હૈયે હાથ મેલીને પોતાના માંયલાને પૂછે, ને જી ચોખો હોય ઈ આને પૅ’લો પાણો મારે.’

ભગતનાં વેણ સાંભળતાં વેંત સાંભળનારાવનાં મોઢાં પડી ગ્યાં. એકોએકને માથે જાણે અંધારપછેડો પડી ગ્યો છે. એકાબીજા સામું જોયા વન્યા એકેએકે, સઉવે હાલતું થાય છે.

ભગત તો હજુય હેઠું ઘાલીને ભોં ખોતરી રયા છે. મનમાં વચારે છે : ‘ગોકીરો સંધોય કાં વિસમી ગયો ?’

**જગજાણીતા ચિત્રકાર લિયોનાર્દો ‘દ વિન્સી(૧૪૫૨-૧૫૧૯)એ મિલાનના સાન્તા મરિયા ડેલે ગ્રેઝી દેવળમાં મૂકાયેલું આ ઐતિહાસિક ચિત્ર ૧૪૯૫-૯૮ના અરસામાં બનાવેલું, એમ ઈતિહાસ સાખ પૂરે છે**

**એક વાયકા અનુસાર, ઈસુ એમના ૧૨ સાગરિતો ને અનુયાયીઓને, આ વેળા, કહેતા હતા : ‘બેશક, મારે તમને કહેવાનું છે : તમારામાંથી જ કોઈ એક મને છેહ દેવાનું છે.’ સાંભળી સૌ દિગ્મૂઢ થઈ ગયા. એકાબીજા સામે જોવા લાગ્યા. પછી કહે, ‘ભગવંત, શું હું હોઈશ ?’ અને પછી એમણે ઉત્તર વાળ્યો : ‘તાસકમાં મારી જોડાજોડ જે હાથ ઝબોળાશે, તે જ મને છેહ દેશે.’**

પછેં ઊંચું જુવે છે. ચોગાન ને શેરી સંધું ય ખાલીખમ ! એકલી અસ્ત્રી જ બચાડી ભગતના મોઢા આગળ હેઠું જોઈને ઊભી છે. આંખ્યેથી આંસુડાં ટપટપ ગળી રયાં છે.

ભગત : ‘કાં મારી મા ! કિયાં વયા ગ્યા, ઓલ્યાવ સંધાય તારી ઈંટાળી કરવાવાળા ? નૉ કરી એવા ઈમણ્યે તારી ઈંટાળી ?’

‘ના બાપજી.’

‘તાણેં હુંયે કરવા નથી કે’તો. જા માવડી ! તારે ઘર્યે જા. ફરી વાર આવું કરીશ નઈં. પરભુ પત્યાના સંતભગત પર્થમી સંધીના પાપનો ભાર પોતાના કાંધે લઈને હાલવાવાળા છે. ઈમનો ભાર વધારીશ મા, જા.’

(ઈશુ ભાગવત)

**(સદ્‌ભાવ : ‘ધરતીની આરતી’, પ્રકાશક લોકમિલાપ ટ્રૂસ્ટ)**

•

# સંધાયને સાલમુબારક ને જૂહારપટોળાં !

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 300 · ગ્રાહક : 183 · [15.12.2009]